પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૬-૦૭-૨૦૨૫- બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# રશિયા સાથે વેપારના મુદ્દે ભારત સહિતના દેશોને નાટોની ધમકી

## રશિયા પરના પ્રતિબંધનો અમલ નહીં કરનાર દેશો સાથે 'નાટો'દેશો વેપાર કરશે નહીં : સેક્રેટરી જનરલ માર્ક રૂટ



નવી દિલ્હી, તા. ૧૬

બ્રીક્સ દેશોના સંગઠન સામે અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ ઉંચા ટેરીફ લાદવાની ધમકી આપ્યા બાદ હવે રશીયા સાથેના વ્યાપાર બદલ નોર્થ એટલાન્ટીક ટ્રીટ્રી ઓર્ગેનાઈઝર (નાટો)એ ભારત સહિતના દેશોને ચેતવણી આપી છે.

અમેરીકાના નેતૃત્વ હેઠળના આ લશ્કરી સંગઠનના સેક્રેટરી જનરલ માર્ક રૂટએ જણાવ્યું હતું કે, રશીયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધ વચ્ચે ભારત ચીન બ્રાઝીલ સહિતના દેશો જે રીતે રશીયા પાસેથી ક્રુડ તેલ ખરીદીને તેની આર્થીક તાકાતને ઈંધણ આપી રહ્યા છે તે 'નાટો'ને સ્વીકાર્ય નથી અને જો તે આ દેશો રશીયા પર જે પ્રતિબંધ મુકાયા છે તેનો અમલ નહીં કરે તો 'નાટો' રાષ્ટ્રો તેની સાથે વ્યાપાર કરશે નહી અને પ્રતિબંધ પણ લાદી દેશે.

યુક્રેન યુધ્ધ શરૂ થયા બાદ અમેરીકા સહિતના દેશોએ રશીયા પર અનેક પ્રકારના આર્થીક અને વ્યાપારીક પ્રતિબંધો લાદયા છે. જેમાં રશીયા પાસેથી ક્રુડ તેલ ખરીદવા પર પણ પ્રતિબંધ છે પરંતુ ભારત અને ચીન એ રશીયન ક્રુડ તેલના સૌથી મોટા ખરીદદાર બની રહ્યા છે અને 'નાટો'નો તર્ક છે કે, ભારત ચીન બ્રાઝીલ ઉપરાંતના દેશો આ રીતે રશીયાને યુધ્ધ લડવામાં મદદ કરી રહ્યા છે.

અગાઉ અમેરીકાના પ્રમુખે રશીયા પાસેથી ક્રુડ તેલ ખરીદનાર પર ૫૦૦%નું ટેરીફ લાદવાની ધમકી આપી હતી. તે વચ્ચે રૂટે

અનુસંધાન પાના ૭ પર

# હિમાચલમાં વરસાદનો પ્રકોપ : ૨૫ દિવસમાં ૧૦૬ લોકોના મોત

## વરસાદ અને ભૂસ્ખલનથી રૂ. ૧૦૦૦ કરોડનું નુકશાન

સિમલા, તા. ૧૬

ગુજરાતમાં વરસાદનું જોર ધીમુ પડયુ છે. પરંતુ ઉતર ભારતનાં રાજયોમાં મેઘપ્રકોપ યથાવત હોય તેમ હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ હતો. રાજયમાં અત્યાર સુધીમાં વરસાદી દુર્ઘટનામાં ૧૦૬ લોકોના મોત નિપજયા હતા અને ૧૦૦૦ કરોડનું નુકશાન થયુ છે.રાજયના સિમલા, બિલાસપુર, સોલાન, સહિતનાં ભાગોમાં ભારે વરસાદ હતો. ૨૧ જુલાઈ સુધી વરસાદી કહેરમાંથી કોઈ રાહત નહિં મળવાનું હવામાન વિભાગે જાહેર કર્યું છે. તોફાની પવન સાથે મેઘ તાંડવની ચેતવણી આપવામાં આવી છે.રાજયનાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીનાં રીપોર્ટ પ્રમાણે છેલ્લા ૨૫ દિવસથી મેઘ કહેરની હાલતમાં અત્યાર સુધીમાં ૧૦૬ લોકોનાં મોત થયા છે. વાદળ ફાટવાની ઘટનાઓમાં ૧૫, ભુસ્ખલનમાં ૧૨ ડુબી જવાથી ૧૧, પુરમાં તણાઈ જવાથી ૧૧ તથા માર્ગ દુર્ઘટનામાં ૪૪ સહીત ૧૦૬ લોકોએ જાન ગુમાવ્યા હતા. વરસાદી કહેરમાં ૧૦૦૦ કરોડનું નુકશાન થયુ છે.૩૮૪ મકાન ધરાશાયી થયા હતા. ૬૬૬ મકાન ૨૪૪ દુકાન તથા ૮૫૦ ઢોરવાડાને નુકશાન થયુ છે. ૧૯૯ માર્ગો હજુ બંધ છે.

# વેપાર સોદા માટે ભારત સાથે વાતચીત ચાલી રહી છે : ટ્રમ્પ

## ઈન્ડોનેશિયા પર ૧૯ ટકા ટેરીફ લાગુ કરતું અમેરિકા

નવી દિલ્હી, તા. ૧૬

મંગળવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ભારતીય બજારમાં પ્રવેશ મેળવવા માટે એક સોદા પર કામ કરી રહ્યું છે. આ ઉપરાંત તેમણે ઈન્ડોનેશિયા સાથે એક નવા વેપાર કરારની જાહેરાત કરી. આ અંતર્ગત, અમેરિકા ઈન્ડોનેશિયાથી આવતા માલ પર ૧૯% ટેરિફ લાદશે.

ટ્રમ્પે ભારત વિશે કહ્યું- આપણે ભારતીય બજારમાં પ્રવેશ મેળવવા જઈ રહ્યા છીએ. પહેલા આપણને આ દેશોમાં પ્રવેશ નહોતો. આપણા લોકો ત્યાં વ્યવસાય કરી શકતા નહોતા. હવે આપણને ટેરિફ દ્વારા પ્રવેશ મળી રહ્યો છે.

ટ્રમ્પે કહ્યું કે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો સાથે વાત કર્યા બાદ એક વેપાર કરાર થયો છે. આ કરાર હેઠળ ઈન્ડોનેશિયા અમેરિકન આયાત પર કોઈ ટેરિફ લાદશે નહી, જ્યારે અમેરિકા ઈન્ડોનેશિયાની નિકાસ પર ૧૯% ટેરિફ લાદશે.

મંગળવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ભારતીય બજારમાં પ્રવેશ મેળવવા માટે એક સોદા પર કામ કરી રહ્યું છે. આ ઉપરાંત તેમણે ઈન્ડોનેશિયા સાથે એક નવા વેપાર કરારની જાહેરાત કરી. આ અંતર્ગત, અમેરિકા ઈન્ડોનેશિયાથી આવતા માલ પર ૧૯% ટેરિફ લાદશે.

ટ્રમ્પે ભારત વિશે કહ્યું- આપણે ભારતીય બજારમાં પ્રવેશ મેળવવા જઈ રહ્યા છીએ. પહેલા આપણને આ દેશોમાં પ્રવેશ નહોતો. આપણા લોકો ત્યાં વ્યવસાય કરી શકતા નહોતા. હવે આપણને ટેરિફ દ્વારા પ્રવેશ મળી રહ્યો છે.

ટ્રમ્પે કહ્યું કે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો સાથે વાત કર્યા બાદ એક વેપાર કરાર થયો છે. આ કરાર હેઠળ ઈન્ડોનેશિયા અમેરિકન આયાત પર કોઈ ટેરિફ લાદશે નહી, જ્યારે અમેરિકા ઈન્ડોનેશિયાની નિકાસ પર ૧૯% ટેરિફ લાદશે.

# યુપી, રાજસ્થાન, ઉત્તરાખંડના અનેક ભાગોમાં ભારે વરસાદ

## વારાણસીમાં ગંગા નદીમાં પૂર, ૮૪ ઘાટ પાણીમાં ડૂબ્યા

નવી દિલ્હી, તા. ૧૬

રાજસ્થાનમાં બે દિવસથી ભારે વરસાદ ચાલુ છે. વરસાદમાં બનતી ઘટનાઓમાં ૧૮ લોકોનાં મોત થયશ્રા છે. જયપુર, ચુરુ, બિકાનેર, શ્રી ગંગાનગર, હનુમાનગઢ જિલ્લાના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં ૪-૫ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા છે. બુંદીમાં મેજ નદીનું પાણીનું સ્તર ભયજનક સપાટીથી ઉપર છે. ઘણા ગામોનો મુખ્ય મથક સાથેનો સંપર્ક તૂટી ગયો છે.ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ ચાલુ છે. હાથરસમાં અડધા કલાકમાં ૬ ઈંચ પાણી પડી ગયું. રાજયની મોટાભાગની નદીઓ પૂરની સ્થિતિમાં છે. પ્રયાગરાજમાં ગંગા-યમુનામાં પૂરની સ્થિતિ છે. વારાણસીમાં પણ ગંગા પૂરની સ્થિતિમાં છે. ૮૪ ઘાટ સંપૂર્ણપણે ડૂબી ગયા છે. લલિતપુરમાં માતાટીલા ડેમના ૧૮ દરવાજા અને ગોવિંદ સાગર ડેમના ૮ દરવાજા ખોલવામાં આવ્યા છે.

ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પહાડી રાજ્યોમાં ભારે વરસાદ ચાલુ છે. ભૂસ્ખલનને કારણે હિમાચલમાં ૨૦૦ અને ઉત્તરાખંડમાં ૫૮ રસ્તા બંધ થઈ ગયા છે. આજે પણ બંને રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

અનુસંધાન પાના ૭ પર

# દુનિયામાં સૌથી મોંઘા શહેરમાં સિંગાપોર પ્રથમ, લંડન બીજા ક્રમે

## સૌથી મોંઘા શહેરોની યાદીમાં મુંબઈમાં ૨૦ સ્થાને

જ્યુરીખ, તા. ૧૬

દુનિયામાં રહેણી-કરણી અને વિલાસીતાની વસ્તુઓ પર ખર્ચ કરવાના મામલે સિંગાપુર સૌથી મોંઘુ શહેર છે.જયારે બીજા ક્રમે લંડન છે. સ્વિસ વેલ્થ મેનેજર જુલીયસ બેર સમુહે વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર યાદીમાં જાહેર દેશોમાં ભારતમાં મુંબઈ સૌથી ખર્ચાળ શહેર છે, જે ૨૦ માં સ્થાને છે.ગત વર્ષે પણ તે આજ રેન્ક પર હતું.ઉલ્લેખનીય છે કે, જુલયસ બેર સમુહ લાઈફ સ્ટાઈલ ઈન્ડેક્સ, આવાસીય સંપતી, કાર, બિઝનેસ, કલાસની ઉડાનો, સ્કુલ, સ્વાદિતા ભોજન અને અન્ય વિલાસીનાની વસ્તુઓનું વિશ્ર્લેષણ કરીને ૨૫ શહેરોનું રેન્કીગ કરે છે.

જાહેર થયેલા રેન્કીગ અનુસાર ટોપ ૨૦ શહેરોમાં એશીયાના ૮ શહેરો છે. જેમાં સિંગાપોર, ઉપરાંત હોંગકોંગ, શાંઘાઈ, બેન્કોક, ટોકયો, જાકાર્તા, મુંબઈ, અને મનીલા સામેલ છે. હોંગકોંગ દર વર્ષે બીજા ક્રમે હતું જેને આ વર્ષે એક કામનું થયુ છે.જયારે શાંઘાઈ પણ બે ક્રમ નીચે આવીને છઠ્ઠા સ્થાને આવી ગયુ છે.જોકે અનેક એશીયાઈ શહેરોએ રેન્કીગમાં સુધારો કર્યો છે.રિપોર્ટ અનુસાર મુંબઈમાં સૌથી વધુ લોકો વિમાન યાત્રા (૪૨ ટકા) અને રેસ્ટોરન્ટમાં ખાવા (૪૪ ટકા) પર ખર્ચ કરે છે. જયારે હોટેલમાં રોકાવા અને લકઝરી સામાન ખરીદવા પર આ ટકાવારી ૧૨ અને ૯ છે.

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીની વધુ બે શાળાઓને ઉડાવી દેવાના ઈ-મેઈલ મળ્યાં

## સતત ત્રીજા દિવસે સ્કૂલોને ધમકી મળતા પોલીસની દોડાદોડી




નવી દિલ્હી, તા. ૧૬

પાટનગર દિલ્હીમાં સ્કુલોને બોંબથી ઉડાવી દેવાની ધમકીનો સિલસિલો જારી રહ્યો હોય તેમ આજે સતત ત્રીજા દિવસે ધમકીનો ઈ-મેલ મળ્યો હતો.

પોલીસના સૂત્રોએ કહ્યું કે, દ્વારકા વિસ્તારમાં આવેલી સેન્ટ થોમસ તથા વસંતવેલી સ્કુલને આજે સવારે બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. તે વિશે જાણ થતા પોલીસ અધિકારીઓ, બોંબ સ્કવોડ, ફાયરબ્રિગેડ સહિતના વિભાગો દોડી ગયા હતા અને સુરક્ષા ચકાસણી હાથ ધરવામાં આવી હતી. બન્ને સ્કુલ સંકુલો ખાલી કરાવી દેવામાં આવ્યા હતા.દિલ્હીમાં છેલ્લા ત્રણ દિવસથી

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પના શાસનના કારણે દુનિયાની નજરમાં ખલનાયક બન્યું અમેરિકા

## વૈશ્વીક સ્તરે અમેરિકાની છબી ખરડાતા ચીન વિશેની સકારાત્મકતામાં વધારો

વોશિંગ્ટન, તા. ૧૬

તાજેતરમાં સુધી અમેરિકાની નજીક રહેલા ઉચ્ચ આવક ધરાવતા પશ્ચિમી દેશોમાં પણ ચીનની સ્વીકૃતિ વધી છે, અને હવે સમૃદ્ધ દેશોમાં ૩૨ ટકા લોકો ચીન વિશે સકારાત્મક વિચારે છે. ગયા વર્ષે આ આંકડો ૨૩ ટકા હતો.

વિશ્વભરના ઘણા દેશોમાં, ચીન અને તેના નેતા શી જિનપિંગ પ્રત્યેનો દૃષ્ટિકોણ સુધરી રહ્યો છે, જ્યારે અમેરિકા અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રત્યેનો દૃષ્ટિકોણ ઘટ્યો છે. પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા લગભગ બે ડઝન દેશોમાં કરવામાં આવેલા એક નવા સર્વેમાં આ વાત બહાર આવી છે.

મંગળવારે જાહેર કરાયેલા આ સર્વેમાં દર્શાવવામાં આવ્યું છે કે બે મહાસત્તાઓ અને તેમના નેતાઓ પ્રત્યે આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણમાં ૨૦૨૦ ની તુલનામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જો બિડેનના કાર્યકાળ દરમિયાન, તેમના અને ચીનના રાષ્ટ્રપતિ પ્રત્યે વૈશ્વિક દૃષ્ટિકોણમાં મોટો તફાવત હતો, પરંતુ હવે ટ્રમ્પના સત્તામાં આવવાથી અને ખાસ કરીને ટેરિફ મુદ્દાને કારણે, વૈશ્વિક સ્તરે અમેરિકાની છબી સતત બગડી રહી છે.

ડેમોક્રેટ્સ પણ માને છે કે, ટ્રમ્પ અમેરિકાની વૈશ્વિક છબી બગાડી રહ્યા છે.અમેરિકામાં ડેમોક્રેટિક સેનેટરોના એક જૂથે આ અઠવાડિયે ટ્રમ્પ વહીવટીતંત્ર પર પણ આરોપ લગાવ્યો હતો કે વિદેશી સહાય કાર્યક્રમો બંધ કરીને, સાથી દેશો પર ટેરિફ લાદીને, વિદેશી વિદ્યાર્થીઓ પર વિઝા પ્રતિબંધો લાદીને અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ પર કડક કાર્યવાહી કરીને, ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકાના વૈશ્વિક પ્રભાવને મોટું નુકસાન પહોંચાડી રહ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

# વોલ માર્ટે ૮.૫૦ લાખ સ્ટેનલેસ સ્ટીલની બોટલો પરત ખેંચી

## પાણીની બોટલથી બે લોકોએ દ્રષ્ટિ ગુમાવતા કંપનીનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૬

અમેરિકાની જાણીતી રિટેલર વોલમાર્ટ તેની ૮,૫૦,૦૦૦ સ્ટેનલેસ સ્ટીલ પાણીની બોટલને પાછી ખેંચી રહ્યું છે, કેમ કે તેનું ઢાંકણ ફોર્સથી ખુલે છે અને તેનાથી અચાનક જ તે બોટલ યુઝરને વાગી શકે છે.આવી ઘટનામાં અત્યાર સુધી બે લોકોએ પોતાની દ્રષ્ટી કાયમી રીતે ગુમાવી દીધી છે અને તે સામે આવ્યા બાદ વોલમાર્ટે બોટલો પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો છે.

આ રિકોલમાં વોલમાર્ટના "ઓઝાર્ક ટ્રેઈલ ૬૪ ઔંસ સ્ટેનલેસ સ્ટીલ ઈન્સ્યુલેટેડ વોટર બોટલ્સ"નો સમાવેશ થાય છે. આ બોટલ્સ અમેરિકામાં વોલમાર્ટના સ્ટોર્સમાં ૨૦૧૭થી વેચાય છે. ગુરૂવારે યુએસ કન્ઝ્યુમર પ્રોડક્ટ સેફ્ટી કમિશન દ્વારા જાહેર કરવામાં આવેલી નોટિસ પ્રમાણે, આ પ્રોડક્ટ્સના ઉપયોગથી ગંભીર અસર થઈ શકે છે.

CPSCનું કહેવું છે કે, આ બોટલમાં લોકો ફૂડ, કાર્બોનેટેડ બેવરેજીસ, જ્યુસ અથવા દૂધ જેવા બેવરેજીસ રાખતા હોય છે, બાદમાં

અનુસંધાન પાના ૭ પર

# મુસાફર ભાડા અંગે મુંબઈમાં ઓલા, ઉબેરના ડ્રાઈવરોની સજ્જડ હડતાળ

## આઝાદ મેદાનમાં એકત્ર થયેલા હજારો ડ્રાઈવરોનું વિરોધ પ્રદર્શન

મુંબઈ, તા. ૧૬

મુંબઈમાં ઓલા અને ઉબેરના ડ્રાઈવરોએ મંગળવારે (૧૫ જુલાઈ, ૨૦૨૫) ભાડામાં તર્કસંગતતા અને અન્ય મુખ્ય માંગણીઓને લઈને હડતાળ પાડી હતી. આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન માટે મહારાષ્ટ્રભરમાંથી હજારો ડ્રાઈવરો એકઠા થયા હતા. આ પ્રસંગે તેમની સાથે ફૂડ એગ્રીગેટર એપ્સના કાર્યકરો પણ હાજર હતા.આ સમય દરમિયાન, ઘણા ડ્રાઈવરોએ મુંબઈમાં મુસાફરોને ધમકાવ્યા અને તેમને તેમની કેબ અને ઓટોમાંથી નીચે ઉતારી દીધા. તેમની માંગણીઓમાં બાઈક અને ટેક્સી પર સંપૂર્ણ પ્રતિબંધનો સમાવેશ થાય છે.તેમની પાંચ મુખ્ય માંગણીઓમાં ભાડાનું તર્કસંગતકરણ, મીટરવાળી કેબ જેટલા ભાડા, બાઈક ટેક્સી પર સંપૂર્ણ પ્રતિબંધ, કેબ અને ઓટો પરમિટ પર મર્યાદા, કેબ અને ટેક્સી ડ્રાઈવરોના કલ્યાણ બોર્ડને કાર્યરત બનાવવા અને મહારાષ્ટ્ર ગિગ વર્કર્સ એક્ટ રજૂ કરવાનો સમાવેશ થાય છે."પ્રતિબંધ હોવા છતાં બાઈક એપ્સ કાર્યરત છે અને પરિવહન વિભાગમાં કાયદાનું શાસન નથી. વારંવાર ઉલ્લંઘન કરવા છતાં તેમાંથી કોઈ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી," એક કેબ ડ્રાઈવરે જણાવ્યું. નાગપુરના એક ગુસ્સે ભરાયેલા કેબ ડ્રાઈવરે કહ્યું, "કેબ એગ્રીગેટર કંપનીઓ દ્વારા ધમકીઓ અને છેતરપિંડી દ્વારા અમને અન્યાય કરવામાં આવ્યો છે. અમે હવે ચૂપચાપ સહન કરીશું નહી."મુસાફરોએ જણાવ્યું હતું કે તેમને અધવચ્ચેથી જ કેબમાંથી ઉતારીને મુસાફરીનો અંત લાવવાની ફરજ પડી હતી. મુસાફર સિકંદર શેખે જણાવ્યું, "લગભગ ૪-૫ લોકો ઓલા-ઉબેર વાહનોને રોકી રહ્યા હતા અને આજે હડતાળ છે એમ કહીને તેમને રોકવા અને ટ્રીપ સમાપ્ત કરવા દબાણ કરી રહ્યા હતા.

# એમઆરપી અંગે કેન્દ્ર સરકાર નવી ફોર્મ્યુલા અમલી કરશે

## ડિસ્કાઉન્ટના નામે હવે ગ્રાહકોને છેતરવા બનશે મુશ્કેલ

નવી દિલ્હી, તા. ૧૬

વેપારી માલ વેચવા અને ગ્રાહકોને આકર્ષિત કરવા એક સાથે એક ફ્રી કે ૫૦ ટકા ડિસ્કાઉન્ટની ઓફર કરતો હોય છે. તો આ પ્રોડકટનું ખરેખર વધુમાં વધુ મુલ્ય શું હોય છે? વેપારી ખોટ ખાવા થોડો બેઠો હોય આવી સ્કીમોથી ગ્રાહકને છેતરાતો બચાવવા સરકાર એમઆરપી-મેકિસમમ રિટેલ પ્રાઈઝ સિસ્ટમમાં સુધારો કરવા માગે છે.જેથી ગ્રાહકને આવી સ્કીમમાંથી છેતરવુ મુશ્કેલ બનશે. જેનો ઉદેશ વસ્તુઓની કિંમતોને ગ્રાહકો માટે વધુ પારદર્શી બનાવવાનો છે. આ પ્રસ્તાવ હજુ પ્રારંભીક ચરણમાં છે અને કેન્દ્રીય ગ્રાહક મામલાનાં વિભાગો વિભિન્ન હિતધારકો સાથે વાતચીત કરી રહ્યા છે.

સુત્રો મુજબ સરકાર એ બાબત પર વિચાર કરી રહી છે કે એમઆરપીને કિંમત અને માર્કેટ ખર્ચ સાથે જોડવા માટે નિશ્ચિત ધોરણો બનાવવામાં આવે કે નહિં ખાસ કરીને આવશ્યક વસ્તુઓ પેકેજડ, ખાદ્ય પદાર્થો, અને રોજબરોજનાં ઉપભોગવાળા ઉત્પાદનો માટે દિશા-નિર્દેશ લાગુ થઈ શકે છે.

અનુસંધાન પાના ૭ પર

# બાંકામાં ડાકણની શંકા રાખી મહિલા પર હુમલો

નવી દિલ્હી, તા. ૧૬

બાંકા જિલ્લાના રાજૌન બ્લોકના સુજલ કોરામા ગામમાં, એક મહિલા પર ડાકણ હોવાના બહાને હુમલો કરવામાં આવ્યો. આરોપીઓએ તેને લાકડીઓથી માર માર્યો અને ગળું દબાવીને મારી નાખવાનો પ્રયાસ કર્યો, જેના કારણે મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ. અગાઉ પણ હુમલાની ઘટના બની હતી, જેની પોલીસને જાણ કરવામાં આવી હતી પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. પોલીસ તપાસ કરી રહી છે.

મળતી માહિતી અનુસાર, સુજલ કોરામા ગામમાં એક મહિલા પર ડાકણ હોવાના આરોપમાં હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં આઠ લોકોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જયારે

અનુસંધાન પાના ૭ પર

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનની પત્ની પુરુષ હોવાની અફવા

## બ્રિજિટ મેક્રોને બે મહિલા યુ ટ્યુબર્સ વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાં કેસ કર્યો

નવી દિલ્હી, તા. ૧૬

ફ્રાન્સમાં રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની પત્ની બ્રિજિટ મેક્રોને બે મહિલા યુટ્યૂબર્સ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આ મહિલાઓએ એક સનસનાટીભર્યો દાવો કર્યો હતો કે બ્રિજિટ મેક્રોન એક મહિલા નથી પણ એક પુરુષ છે.

તેઓએ કહ્યું કે બ્રિજિટનું સાચું નામ જીન-મિશેલ ગ્રોગ્રેન્ક્સ હતું. જોકે, આ નામ બ્રિજિટના ભાઈનું છે. જીન-મિશેલ અને બ્રિજિટ ખૂબ સમાન દેખાય છે.

આ પછી, ફર્સ્ટ લેડીએ તેમની વિરુદ્ધ પેરિસની કોર્ટમાં કેસ દાખલ કર્યો. કોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૩માં બંને મહિલાઓને દોષિત ઠેરવી અને બ્રિજિટ મેક્રોનને વળતર તરીકે ૭ લાખ રૂપિયા અને તેના ભાઈને ૫ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો.જોકે, પેરિસની એક અપીલ કોર્ટે ૧૦ જુલાઈના રોજ આ નિર્ણયને ઉલટાવી દીધો હતો. આ પછી, બ્રિજિટ મેક્રોન અને તેના ભાઈએ હવે આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં ક્ષતિગ્રસ્ત ૩૪ રસ્તાઓ પૈકી ૨૬ રસ્તાઓનું સમારકામ પૂર્ણ કરાયું

## ૦૫ ક્યુબિક મીટર કૌંક્રિટ, ૨૭૦ ક્યુબિક મીટર જી.બી.એસ તથા ૧૦ મેટ્રિક ટન કોલ્ડ મિક્ષનો ઉપયોગ કરી કરાયા રસ્તા રિપેર

સુરત, તા.૧૬

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશોના ભાગરૂપે સુરત જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ-૨ હસ્તકના રસ્તાઓનું પેચવર્ક, સમારકામ, લેવલીંગની કામગીરી ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. સુરત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ક્ષતિગ્રસ્ત ૩૪ રસ્તાઓનું સમારકામની કામગીરી કરવામાં આવી રહી છે. સુરત માર્ગ અને મકાન વિભાગ-૨ હસ્તક ૮૨૩.૭૫ કિલોમીટરના ૭૦ રસ્તાઓ આવેલા છે. જે પૈકી ૩૪ રસ્તાઓ વરસાદમાં ક્ષતિગ્રસ્ત થતા સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ૩૪ રસ્તાઓ પૈકી ૨૬ રસ્તાઓની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકી રહેલા રિપેર કરવાપાત્ર ૮.૩ કિલોમીટરના રસ્તા પૈકી ૬.૬ કિલોમીટરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તેમજ ૧.૭ કિલોમીટરની કામગીરી પ્રગતિમાં છે. જિલ્લામાં થયેલા ભારેથી અતિભારે વરસાદને કારણે માર્ગ અને મકાન વિભાગ-૨ દ્વારા જિલ્લાની જનતા, વાહનચાલકો, રાહદારીઓની સુવિધાઓને ધ્યાનમાં રાખીને ક્ષતિગ્રસ્ત રસ્તાઓને સુરક્ષિત અને સગવડયુકત બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ-૨ દ્વારા અવિરત કામગીરી કરવામાં આવી રહી છે, અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓને દુરુસ્ત કરવામાં માટે ટેકનિકલ સ્ટાફની સાથે મજુર અને મશીનરીની મદદથી રસ્તાઓ સુરક્ષિત અને સગવડયુકત બનાવવામાં આવી રહ્યા છે. આ માટે ૨૯૫ એન્જિનિયરો, સુપરવાઈઝરો, શ્રમિકો કાર્યરત છે અને આ કામગીરી માટે મશીનરીનો ૧૬૫ કલાક ઉપયોગ કરાયો હતો. સુરત માર્ગ અને મકાન વિભાગ-૨ દ્વારા રસ્તાના પેચ વર્ક તેમજ સમારકામ કરવા માટે ૦૫ ક્યુબિક મીટર કોંક્રિટ, જયારે ૨૭૦ ક્યુબિક મીટર જી.એસ.બી અને ૧૦ મેટ્રિક ટન કોલ્ડ મિક્ષનો ઉપયોગ કરીને રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું હોવાનું માર્ગ અને મકાન વિભાગ-૨ના કાર્યપાલક ઈજનેર શ્રી એન.એન. પટેલ દ્વારા જણાવાયું છે.

# સહયોગ ઈન્ડસ્ટ્રીઝમાં ૬૧ તપેલા ડાઈંગો પર તવાઈ

## કતારગામ ઝોને ડ્રેનેજ જોડાણો સીલ કર્યા

સુરત, તા.૧૬

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) દ્વારા ઝોન વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર તપેલા ડાઈંગનાં યુનિટોનું સુરત મહાનગર પાલિકાની મુખ્ય ગટર લાઈનમાં જોડાણ શોધવા અંગેની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી અંતર્ગત ઝોન વિસ્તારમાં તપેલા ડાઈંગ યુનિટને નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે મિલ્કત/યુનિટ ધારકો દ્વારા કાયદેસર ગટર જોડાણ અંગેની કાર્યવાહી ન કર્યેથી નોટીસનો સમયગાળો પૂરો થતાં સહયોગ ઇન્ડસ્ટ્રીઝમાં ૬૧ (એકસઠ) યુનિટ તપેલા ડાઈંગનાં ગેરકાયદેસર જોડાણવાળી મિલ્કતના ડ્રેનેજ જોડાણ સીલ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મે. એડી. સીટી. ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના સ્ટાફ તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.



# ખેરગામ કોલેજમાં અલુણાવ્રત સંદર્ભે મહેંદી સ્પર્ધા યોજાઇ

## વિદ્યાર્થીની આકાંક્ષા પટેલ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા

ખેરગામ, તા.૧૬

ખેરગામની સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજના અલુણા વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન આચાર્ય ડૉ.સંજયકુમાર એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીનીઓ વ્રતની ઉજવણીનું ધાર્મિક મહત્વ સમજે તેમજ તેમનામાં રહેલી સર્જન શક્તિ ખીલે એ હતો.અવનવી ડિઝાઇન સાથે મહેંદી મૂકી સ્પર્ધાનો હેતુ સાર્થક કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયકોમાં ૧) ડો.જીગરભાઈ પરમાર૨) ડો.ધ્વનિબેન દેસાઈ ૩) ડો. પ્રિયંકાબેન થોરાત.ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્પર્ધાના નિયમો સમજાવી, વિદ્યાર્થીઓને ઉત્સાહિત કર્યા હતા.અને નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી.વિજેતા વિદ્યાર્થીઓના નામ પ્રથમ ક્રમે પટેલ આકાંક્ષા આર, દ્વિતીય ક્રમે પટેલ દિયા એમ અને તૃતીય ક્રમે નાયક રીકલે સમગ્ર સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્ય ડો. સંજય પટેલ , IQAC સમિતિ અને સપ્તધારાના અધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ રંગ કલા અને કૌશલ્ય ધારાની સમિતિ દ્વારા કરવામા આવ્યું હતું.

# શિક્ષણમંત્રીના સુરત શહેરમાં એક જ મકાનમાં છ છ સરકારી શાળાઓ

## ઓરડાના અભાવે ચોમાસામાં પણ બાળકો બહાર લોબીમાં બેસીને ભણવા મજબુરઃ રાકેશ હિરપરા



સુરત, તા.૧૬

'આપ'ના શિક્ષણપ્રેમી પ્રદેશ મહામંત્રી રાકેશ હિરપરાએ ઘટસ્ફોટ છે કે શિક્ષણમંત્રીના શહેરમાં જ એક જગ્યાએ એક જ મકાનમાં ૬-૬ સરકારી શાળાઓ ચાલી રહી છે જેને કારણે બાળકોને ખુબ જ અગવડ થઇ રહી છે અને ચોમાસામાં પણ બાળકો બહાર લોબીમાં બેસીને ભણવા મજબુર થયા છે. શિક્ષણમંત્રીના સુરત શહેરમાં નીચે મુજબની છ શાળાઓ એક જ મકાનમાં ચાલી રહી છે. ત્રણ શાળાઓ સવાર પાળીમાં અને ત્રણ શાળાઓ બપોર પાળીમાં ચાલી રહી છે. છ પૈકીની ચાર શાળાના બે મકાનો જર્જરિત હાલતમાં છે એટલે એ ચાર શાળાના બાળકોને આ શાળામાં સ્થળાંતર કરેલ છે પણ હજુ સુધી પેલા મકાનોનું બાંધકામ શરુ કરાયું નથી, બાંધકામ તો દૂરની વાત, હજુ સુધી જુના મકાનોને પાડવાનું કામ પણ શરુ કરેલ નથી.

### છ શાળાઓના નામ-નંબર

૧૬૧ - શ્રી ઝીણાભાઈ નાવિક પ્રાથમિક શાળા
૧૬૬ - શ્રી રવિશંકર મહારાજ પ્રાથમિક શાળા
૧૬૭ - શ્રી ઠાકોરભાઈ મિસ્ત્રી પ્રાથમિક શાળા
૧૬૮ - શ્રી ભગિની નિવેદિતા પ્રાથમિક શાળા
૨૬૩ - શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે પ્રાથમિક શાળા
૩૩૮ - શ્રી પ્રિયકાંત મણિયાર પ્રાથમિક શાળા



# ખેરગામ તાલુકાના ૧૩૨ આદિવાસી પશુપાલકોને વાસણ કીટનું વિતરણ

ખેરગામ, તા.૧૬

ખેરગામ રાજ્ય સરકારની યોજનાનો લાભ છેવાળામાં માનવી લઈ શકે તે માટે વિવિધ યોજના બનાવી છે.ત્યારે જે અંતર્ગત નવસારી જિલ્લાના ખેરગામ તાલુકા મથકે આવેલા પશુ દવાખાના ખાતે ન્યૂ ગુજરાત પેટર્ન અંતર્ગત ટ્રાયબલ સબ પ્લાન યોજના હેઠળ પશુપાલકો પગભર બને પશુપાલકોને વધુ સુવિધા મળે એ માટે આદિવાસી પશુપાલન લાભાર્થીઓને વાસણ કીટનું વિતરણ કરવાનું આયોજન ખેરગામ પશુ દવાખાના ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં ખેરગામ તાલુકા પંચાયત ના પ્રમુખ રાજુભાઈ પટેલ,ખેરગામ તાલુકા પંચાયત ના સામાજિક ન્યાય સમિતિ ની અધ્યક્ષ પૂર્વેશભાઈ ખાંડાવાલા,ખેરગામ ગામના ડેપ્યુટી સરપંચ જીગ્નેશભાઈ,ખેરગામ તાલુકા ભાજપ મહામંત્રી વિજયભાઈ, ભૌતેશ કંસારા સહિત અગ્રણીઓના હસ્તે ખેરગામ સહિત તાલુકાના પશુપાલન કરતા ૧૩૨ જેટલા આદિવાસી લાભાર્થીઓને વાસણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં ૧ ડોલ,બે તગારા અને ૧ દૂધ માટે નું કેનનો સમાવેશ થયો હતો.વાસણ કીટનું વિતરણ કરવામાં આવતા પશુપાલન કરતા આદિવાસી લાભાર્થીઓમાં ભારે ખુશીની લાગણી જોવા મળી હતી.

# પોલીસ કંટ્રોલ રૂમને દરરોજ ૩૫ હજાર કોલ આવે છે : પો.કમિશનર

## ૧૮૬૧ ઈન્ડિયન પોલીસ એક્ટ બનવા સાથે પોલીસની રચના થઈ : અનુપમસિંહ ગેહલોત

સુરત, તા.૧૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૪ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત સાથે Smart Policing fro a Safe & Resilient Surat Citizen Partnership @ ૨૦૪૭ વિષય પર ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત શહેર સતત વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે ત્યારે શહેરની સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની દૃષ્ટિએ સ્માર્ટ પોલિસીંગ સમયની માંગ છે. પોલીસ તંત્ર સાથે મળીને ટેકનોલોજી આધારિત સિસ્ટમ વિકસાવવી જરૂરી છે. આ મુદ્દે પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોતનું માર્ગદર્શન ચેમ્બરના સભ્યો તેમજ ઉદ્યોગ સાહસિકોને ખૂબ જ લાભદાયી સાબિત થશે. ચેમ્બર હંમેશા સુરત શહેરના સર્વાંગી વિકાસ માટે પોલીસ તંત્ર સાથે સહયોગી બનવાની જવાબદારી નિભાવી રહયું છે. સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતે જણાવ્યું હતું કે, વર્ષ ૧૮૬૧માં ઈન્ડિયન પોલીસ એકટ બન્યો હતો અને તેના માટે પોલીસની રચના થઈ હતી. મુખ્યત્વે ત્રણ જવાબદારીઓ પોલીસની સોંપવામાં આવી હતી, જેમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પ્રિવેન્શન એન્ડ ડિટેકશન ઓફ ક્રાઇમ અને ટ્રાફિક નિયમનનો સમાવેશ થાય છે. પહેલાના કાયદા બ્રિટીશ સરકારે બનાવેલા હતા, જે પબ્લીક ઓરિએન્ટેડ ન હતા. ધીમે ધીમે કાયદા પબ્લીક ઓરિએન્ટેડ થયા અને તેમાં પોલીસ માટે અલગ અલગ સર્વિસિસનો પણ સમાવેશ કરાયો હતો.

તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પોલીસને સ્માર્ટનો જે અર્થ સમજાવવામાં આવ્યો હતો તે જણાવતા કહયું હતું કે, S એટલે ગુનેગારો માટે સ્ટ્રીકટ અને લોકો માટે સંવેદનશીલ, M એટલે મોડર્ન એન્ડ મોબિલિટી (મોર્ડનાઇઝ સિસ્ટમ), A એટલે એલર્ટ એન્ડ અટેન્ડીંગ, R એટલે રિસ્પોન્સ એન્ડ રિસ્પોન્સીબલ અને T એટલે ટ્રેઇન્ડ એન્ડ ટેકસેવી. પોલીસે પોતાની જાતને સતત ટ્રેઇન્ડ કરવાની રહેશે. સાયબર ક્રાઇમ અને નાર્કોટિક્સ જેવા ગુનાઓને નાથવા માટે ટેકસેવી બનવાની

અનુસંધાન પાના ૭ પર



# ઉર્દૂ પ્રાથમિક શાળા નં.૨૩૧માં લાઈફ સ્કીલ મેળો યોજાયો

## મેળામાં વિદ્યાર્થીઓએ આકર્ષિત કૃતિઓ રજૂ કરી

સુરત, તા.૧૬

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત પક્ષીવિદ ડો.સલીમઅલી ઉર્દૂ પ્રાથમિક શાળા ક્રમાંક ૨૩૧, કમરૂનગર લિંબાયત સુરત ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત ના માજી સભ્યશ્રી પઠાણ ઈરફાનખાનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ આકર્ષિત અને સુંદર લાઈફસ્કીલ મેળા માં એકતા મંડળ સુરત ના પ્રમુખ શ્રી અબ્દુલ જબ્બારખાન મુખ્ય અતિથિ તરીકે હાજર રહી લાઈફસ્કીલ મેળામાં ભાગ લેનાર તમામ વ્હાલા વિદ્યાર્થી મિત્રોને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.. લાઈફસ્કીલ મેળા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ અને પ્રોજેકટ રજુ કરી હાજર પોતાના કૌશલ્ય દર્શાવી મહાનુભાવોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.. કાર્યક્રમના ના અધ્યક્ષ શ્રી પઠાન ઈરફાનખાને લાઈફસ્કીલ મેળામાં

અનુસંધાન પાના ૭ પર

# મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ ભટાર હોટ મિક્સ પ્લાન્ટની મુલાકાતે

## દરેક ઝોનમાં જરૂરિયાત મુજબ મટિરિયલ પૂરૂ પાડવાની તકેદારી લેવા અધિકારીઓને સૂચના આપી

સુરત, તા.૧૬

શહેરના વિવિધ ઝોનમાં રોડ રસ્તાઓના રિપેરિંગ, પેચવર્ક, રિસર્ફેસિંગની કામગીરી પ્રગતિ હેઠળ છે, ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોનના ભટારમાં કાર્યરત બે હોટ મિક્સ પ્લાન્ટની મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલે મુલાકાત લીધી હતી. તેમણે રોડ નિર્માણના ઉપયોગમાં લેવાતા રો મટીરીયલ્સના ગ્રેડેશન, મટીરીયલ્સનું ટેમ્પરેચર અને કોમ્પ્યુટરાઈઝ્ડ ઓટોમેટીક પ્લાન્ટના મિક્સ્ચરનું નિરીક્ષણ કર્યું હતું. ગ્રીડ મટીરિયલ, સ્ટોન ડસ્ટ, ડામર તેમજ મિશ્રણ પ્રક્રિયા, પ્લાન્ટની કાર્યક્ષમતા નિહાળવા સાથે હોટ મિક્સ પ્લાન્ટના મશીનોની કામગીરી અને જાળવણીની વિગતો મેળવી હતી. તેમણે અધિકારીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, ગુણવત્તાયુક્ત માર્ગો નિર્માણ માટે મિશ્રણમાં ધોરણોનું પાલન અતિઆવશ્યક છે. તેમજ સમયસર અને સુવ્યવસ્થિત કામગીરી માટે પ્લાન્ટના મશીનરીને નિયમિત કાર્યરત રાખવી જરૂરી છે. શહેરીજનો શ્રેષ્ઠ ગુણવત્તાવાળા માર્ગોનો ઉપયોગ કરે એ માટે મિશ્રણ પ્રક્રિયામાં તમામ તકનીકી ધોરણોનું પાલન અનિવાર્ય છે, ત્યારે દરેક ઝોનમાં જરૂરિયાત મુજબ મટિરિયલ પૂરૂ પાડવાની સંપૂર્ણ તકેદારી લેવા અધિકારીઓને કમિશનરશ્રીએ સૂચના આપી હતી. આ મુલાકાત દરમિયાન મ્યુ.ઈજનેર, રોડ વિભાગના અધિકારીઓ, તાંત્રિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# લલકાર સાપ્તાહિકના તંત્રી વિરુદ્ધ ખંડણીનો ગુનો દાખલ

## રૂા.પાંચ લાખની ખંડણી માંગતા અકબરશા દીવાન સામે પોલીસ ફરિયાદ

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વરના કોર્પોરેટર જહાંગીરખાન પઠાણના પુત્રએ લલકાર સાપ્તાહિક વર્તમાનપત્રના તંત્રી અકબરશા દીવાન સામે એ ડિવિઝન પોલીસ મથકે રૂ. ૩ લાખની ખંડણી માંગી હોવાની પોલીસ ફરિયાદ કરી હતી. અંકલેશ્વરના આમલીખો વિસ્તારમાં રહેતા અને ટેક્ષટાઈલ બિઝનેસ સાથે સંકળાયેલા સમાઉનખાન જહાંગીરખાન પઠાણે આજરોજ અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે લલકાર સાપ્તાહિકના તંત્રી અકબરશા ગુલાબશા દીવાન વિરૂધ્ધ પોતાના સાપ્તાહિકમા તેમના વિરૂધ્ધ સમાચારો ન છાપવાના બદલામાં રૂ. ૩ લાખની ખંડણી માંગી હોવાની પોલીસ ફરિયાદ દર્જ કરાવી હતી.જેને પગલે અંકલેશ્વરના પત્રકારઆલમમા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

પોલીસ ફરિયાદ મુજબ ફરિયાદી અને તેમના ભાગીદારોએ સંયુક્ત ભાગીદારીમાં કાપોદ્રા ગામે આવેલ ખેતીલાયક જમીન સર્વે નં.-૩૪૮ની જમીન માલિક હિનાબેન પીયુશભાઈ શ્રોફ પાસેથી તા. ૧૦/૦૧/૨૦૨૨ ના રોજ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી હતી.આ જમીન ખરીદ કર્યો બાદ "લલકાર સાપ્તાહિકના તંત્રી અકબરશા ગુલાબશા ફકીર (દિવાન)એ તા.૦૩/૦૨/૨૦૨૫ ના રોજથી ૧૬/૦૬/૨૦૨૫ દરમ્યાન અવારનવાર ફરિયાદી તથા તેમના માતા વિરૂધ્ધ આ જમીન હાજીપીર દેવસ્થાનની હોવાનુ અને તેઓ ખેડુત નથી તેવા ખોટા આક્ષેપોવાળા સમાચાર તેમના લલકાર સાપ્તાહિકમાં પ્રસિધ્ધ કર્યા હતા.ત્યારબાદ આ સંદર્ભે ફરિયાદી અને તેમના સંબંધીઓ લલકાર સાપ્તાહિકની ઓફિસ ખાતે મળવા ગયા હતા અને આ ખોટા

અનુસંધાન પાના ૭ પર




# અંકલેશ્વર લાયન્સ કલબ દ્વારા વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર, તા.૧૬

આજે તા -૧૫/૭/૨૦૨૫ ના રોજ સ્વર્ણિમ લેક્વ્યુ પાર્ક ખાતે લાયન્સ કલબ ઓફ અંકલેશ્વર સીટી ના પ્રમુખશ્રી કલ્પેશ આર. રાણા (એડવોકેટ) તથા અંકલેશ્વર નગરપાલિકા ના સેનેટરી ઇન્સ્પેક્ટર અને ગાર્ડન ઇન્ચાર્જશ્રી રઘુવીરસિંહ મહીડા હક્ર માર્ગદર્શન હેઠળ પંડિત દીન દયાળ એનર્જી યુનિવર્સિટીના વિદ્યાર્થી પ્રથમ શાહ અને તેમના મિત્રોએ ભેગા મળીને પર્યાવરણની જાળવણી માટે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું. તેમજ હાજર તમામ સૌએ અંકલેશ્વર શહેરમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણ માટે જાળવણી કરવાના શપથ લીધા. તેમજ અંકલેશ્વર નગરપાલિકાના સેનેટરી ઇન્સ્પેક્ટરશ્રી રઘુવીરસિંહ મહીડા એ જણાવ્યું કે અંકલેશ્વર શહેરમાં વોર્ડ વાઈઝ નાગરિકોને સોસાયટીઓમાં રહેતા લોકો પોતાના કમ્પાઉન્ડમાં ઘરે ઘરે એક - એક વૃક્ષ વાવવા માટે પ્લાન્ટનું વિતરણ કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાયન્સ કલબ ઓફ અંકલેશ્વર સીટી ના પ્રમુખશ્રી કલ્પેશ આર. રાણા (એડવોકેટ) દ્વારા પણ નગરપાલિકા ના આ વૃક્ષના રોપા વિતરણ કરવાની કામગીરીમાં પણ સહકાર આપવાનું પણ જણાવેલ છે.

# ગેલેક્સી સર્કલથી પ્રથમ સર્કલ માર્ગો પર ડામર પેચવર્ક કરાયું

સુરત, તા.૧૬

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના માર્ગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજી સંબંધિત વિભાગોના અધિકારીઓને વરસાદથી નુકસાનગ્રસ્ત બનેલા માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટેનો આદેશ આપ્યો હતો. જેના ભાગરૂપે મ્યુ. કમિશનર શાલિ અગ્રવાલે માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના રસ્તાઓને પેચવર્ક કરવાનું કાર્ય ઠેર ઠેર કરવામાં આવી રહ્યું છે.ત્યારે રાંદેર ઝોનના ગેલેક્સી સર્કલ થી પ્રથમ સર્કલ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ ડામર પેચવર્ક પાલિકા તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આમ, વરસાદી સિઝનમાં માર્ગ વ્યવસ્થાપન સુનિશ્ચિત બનાવવા મહાનગરપાલિકા સંપૂર્ણ સતર્કતા સાથે કામગીરી કરી રહી છે.

# કાર્યપાલક ઈજનેર પ્રશાંત ચૌધરી દ્વારા કડોદરા 'અન્ડરપાસ' અને ઈકલેરા ખાડી બ્રિજનું નિરીક્ષણ

સુરત, તા.૧૬

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજયભરના બ્રિજોની ચકાસણી તથા રસ્તાના પેચવર્કની કામગીરી કરવાના આપેલા આદેશના ભાગરૂપે આજે સુરત જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના ડિવીઝન-૧ના કાર્યપાલક ઈજનેરશ્રી પ્રશાંત બી. ચૌધરીએ પલસાણાના કડોદરા અન્ડરપાસ તથા ઈકલેરા ખાડી બ્રિજની ચકાસણી કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, સુરત થી બારડોલી તરફ જતા નેશનલ હાઈવે- ૪૮ પર રાજય સરકાર દ્વારા બે વર્ષ પહેલા મે-૨૦૨૩ માં અન્ડરપાસ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કડોદરા અન્ડરપાસ આધુનિક ટેકનોલોજી સાથે નિર્માણ પામ્યો છે. જૂન માસ દરમિયાન સતત ભારે વરસાદ છતા પણ વાહનવ્યવહાર કોઈ પણ અડચણ વિના સરળ અને સુગમ ચાલી રહ્યો છે. ચોમાસાની આ સિઝન દરમિયાન કડોદરા વિસ્તારમાં ૪૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હોવા છતાં અન્ડરપાસમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ નથી. અંડરપાસની અંદર બન્ને તરફ દોઢ લાખ લીટરની ક્ષમતાની ટાંકીઓ આવેલી છે. જે વરસાદી પાણી પડે તેમાં સંગ્રહ થાય છે, અને બન્ને તરફ ૨૫ એચ.પી.ની ત્રણ મોટરો કાર્યરત છે. જે પાણી ભરતા જ ઓટોમોડ પર કાર્યરત થઈને પમ્પિંગ દ્વારા જ પાણીને નજીકની નેચરલ ખાડીમાં છોડવામાં આવે છે. અંડરપાસ પાસે આવેલી ઓફિસમાંથી દેખરેખ તેમજ અન્ડરપાસનું સીસીટીવી કેમેરા દ્વારા રાઉન્ડ ધ ક્લોક ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવે છે. જેનાથી ન માત્ર વાહનચાલકોને રાહત મળી છે, પણ ઔદ્યોગિક વિકાસ માટે મહત્વના માર્ગ પર ટ્રાફિક પ્રવાહ સતત ગતિમાન રહ્યો છે.કાર્યપાલક ઈજનેરે વધુમાં જણાવ્યું કે, ચોમાસા દરમિયાન પડેલા વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓની મરામત કામગીરી કરવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગ-૧ અંતર્ગત

અનુસંધાન પાના ૭ પર

## ચોમાસાની સિઝનમાં પણ કડોદરા અન્ડરપાસ રહ્યો પાણીમુક્ત



# અંકલેશ્વર કડકીયા કેમ્પસમાં એઆઈ વિષય પર સેમિનાર

## આવનારા સમયમાં ટેકનોલોજીના પ્રભાવ અંગે માર્ગદર્શન

અંકલેશ્વર, તા.૧૬

કડકીયા એજ્યુકેશન કેમ્પસ, અંકલેશ્વર માં અંડરગ્રેજ્યુએટ કોર્સ બી. બી. એ., બી. સી. એ., બી. કોમ, બી.એસસી.—કેમિસ્ટ્રી અને બી.એસસી.—માઈક્રોબાયોલોજી અભ્યાસક્રમ ના વિદ્યાર્થીઓ માટે Artificial Intelligence વિષય ના સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમ ની શરૂઆતમાં સંસ્થાના પ્રોફેસર અને એકેડમિક હેડ ડૉ. અલ્પેશ નસિત દ્વારા મેનેજમેંટ વતી સેમિનાર એક્સપર્ટ ડૉ. બાલ કૃષ્ણ શર્માજી નું પુષ ગુચ્છ થી અભિવાદન કરવામાં આવ્યું.ત્યારબાદ વિષય નિષ્ણાંત ડૉ. બી. કે શર્માજી દ્વારા આજના યુગમાં AI ટેક્નોલોજી દ્વારા કેટલા ક્રાંતિકારી પરિવર્તનો આવેલ છે અને આવનાર યુગમાં આ ટેક્નોલોગી નો શું પ્રભાવ હશે એ અંગે ખૂબજ સુંદર સમજણ આપવામાં આવી. ત્યારબાદ નિશાંત દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોનું ખૂબજ સમજણ પૂર્વક સમાધાન આપવામાં આવ્યું. કાર્યક્રમના અંતમાં ડૉ. અલ્પેશ નસિત દ્વારા સૌની અભારવિધિ કરવામાં આવી અને સેમિનારની પૂર્ણાહુતિ કરવામાં આવી.

# ભોજન ક્યારે ને કેવી રીતે કરવું ?

ભોજનમાં આપણે શું અને કેટલું ખાઈએ છીએ તેના કરતાં ભોજન કઈ રીતે કરવું જોઈએ તે મહત્ત્વનું છે. ભોજનનું સ્થાન અને સમયગાળો, ભોજન કરવાની રીત, જે ખાઈએ છીએ તે વસ્તુની પર પણ ધ્યાન આપવું જરૂરી છે. જ્યાં બેસીને આપણે ભોજન કરીએ છીએ તે માહોલ કેવો છે તે વાત પણ મહત્ત્વ ધરાવે છે. આપણા પ્રાચીન ગ્રંથોને અનુસાર ભોજન કરતી વખતે આપણી આજુબાજુના લોકો પણ શુભ અથવા અશુભ હોય છે. ભુખ્યા, કૂતરા, કાગડા, રોગીને અશુભ માનવામાં આવે છે જ્યારે, હંસ, મોર, માતા-પિતા, મિત્રને શુભ માનવામાં આવે છે.

આવશ્યકતાથી વધારે ભોજન આપણા સ્વાસ્થ્ય પર ખરાબ અસર પાડે છે. ભોજન એક ચોક્કસ સમયે કરવું જોઈએ. કારણકે, ખોટા સમયે કરેલું ભોજન તમારી પાચનક્રિયા પર ખરાબ અસર પાડે છે. આપણે ત્યાં પહેલા સવારે અને સાંજે એમ બે વાર ચોક્કસ સમયે ભોજન કરવામાં આવતું. ધીરે ધીરે જીવનશૈલીમાં બદલાવ આવતાં લોકો દિવસમાં ઘણી વાર ભોજન કરે છે. આહારનો અર્થ હંમેશાં પેટને ભરેલું રાખવું નહી પરંતુ તેનાથી મન પણ તૃપ્ત થવું જોઈએ. ભોજનની પાચનક્રિયામાં ઓછામાં ઓછા ચાર કલાકનો ટાઈમ લાગે છે પરંતુ ફાસ્ટફૂડના કલ્ચરએ ભોજન કરવાની તમામ રીતને અસ્તવ્યસ્ત કરી નાખી છે.

માત્ર શહેરોમાં જ નહી પરંતુ ગામો અને નગરોમાં પણ ભાગદોડ વાળા જીવનમાં લોકો સમજ્યા વગર દિવસમાં કોઈ પણ સમયે કાંઈ પણ ખાય છે, તેમની પાસે સમય નથી હોતો કે તેઓ શું ખાય છે અને શું કામ ખાય છે? કામના દબાણમાં ચાલતા, દોડતા જ્યારે ટાઈમ મળે ત્યારે કાઈક ખાઈને પેટ ભરી લેવું તે જ ઉદેશ્ય મોટે ભાગે હોય છે. આપણે શું ખાઈ રહ્યા છીએ, તે ખાવાનું કેવી રીતે અને કયા સ્થાન પર બનાવવામાં આવે છે તે આપણે વણદેખુ કરીયે છીએ. ખાવાની રીત પણ ઝડપી બની ગઈ છે. લગ્ન સમારંભોમાં હવે લોકો જલદી જલદીમાં સમજ્યા વગર કાંઈ પણ



ખાઈ લે છે. પશ્ચિમમાં પણ લોકો એવું માનવા લાગ્યા છે કે, ભોજન કરવા ઉપરાંત મનનું તૃપ્ત થવું બહુ જરૂરી છે. ભોજન કરતી વખતે પૂરેપૂરુ ધ્યાન ભોજનમાં હોવું જોઈએ ત્યારે જ શરીરને પૂરતું ન્યુટ્રીએશન મળે છે. ભોજનને બરાબર રીતે ચાવીને ખાવું જોઈએ જેથી તેના સ્વાદનો આનંદ માણી શકાય. ભોજન કરતી વખતે એકાંત આવશ્યક છે.

એકાંત એટલે ભીડભાડથી દૂર પોતાના પરિવાર સાથે સ્વચ્છ વાતાવરણમાં ભોજન કરવું. ભોજન કરતી વખતે જો તમારા પ્રિયજન તમારી સાથે હોય તો ભોજનની મજા જ કંઈક અલગ હોય છે. આયુર્વેદમાં ભોજન પહેલા લીંબુના રસમાં આદુનો ટુકડો નાખી , ખાઈ લેવું જેથી ભૂખ વધી જાય છે. આયુર્વેદમાં એમ કહેવામાં આવ્યું છે કે, ભોજનની શરૂઆત મીઠાઈથી થવી જોઈએ , ત્યારબાદ ખાટું અને નમકીન ખાવું અને સમાપ્તિ પણ મીઠાઈથી થવી જોઈએ.

મોટે ભાગે લોકો ખાવાના સમય માટે કોઈ નિયમનું પાલન નથી કરતાં. એમની માન્યતા એવી હોય છે કે, જ્યારે ભૂખ લાગે ત્યારે ખાઈ લેવું. શું તમે જાણો છો કો, વારે ઘડીયે ખાવું, ખાવાનો કોઈ ટાઈમ નથી હોતો. તેમ જ લંચ અને ડિનરમાં કાંઈ પણ ખાવું આવી આદતો તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. તંદુરસ્ત રહેવા માટે સવારે ઉઠીને બે કલાકની અંદર જ સવારનો નાસ્તો કરી લેવો જોઈએ અને રાત્રે ૮ વાગ્યા પહેલા જમી લેવું જોઈએ.ભોજનના સાચા ટાઈમ સાથે ખાવામાં શું ખાવું તે પણ ખૂબ જ જરૂરી છે. વ્યસ્ત દિનચર્યાને કારણે નાસ્તો મીસ કરવો, આખો દિવસ ભુખ્યા રહીને માત્ર લંચ અથવા ડિનર કરવું.સવારે જલદી ઉઠીને નાસ્તો કરવો અને દિવસની શરૂઆત ચા કે કોફીથી કરવાની બદલે દૂધ, ઓટ્સ, બ્રેડ અથવા સીઝનલ ફળથી કરવી. સવારના નાસ્તામાં અને બપોરના જમવામાં પાંચ કલાકનો ફરક હોવો જોઈએ.જોકે વ્યસ્ત દિનચર્યાને કારણે લોકો તેના પર અમલ લથી કરતાં, પરંતુ લેટ રાતના ખાવું તે પણ શરીર માટે યોગ્ય નથી. ભોજન કર્યા બાદ તરત સૂવુ ન જોઈએ.રાતના ભોજન અને સુવામાં ઓછામાં ઓછા ત્રણ કલાકનું અંતર હોવું જોઈએ. રાત્રે જાગી જતાં જો ભૂખ લાગે તો ખાવું ન જોઈએ કારણકે, આનાથી ડાયાબિટીસ, હાઈપરટેન્શન, મોટાપો, ઈંસુમેનિયા, ઓસ્ટ્રોક જેવી સમસ્યાઓ થાય છે. તેમજ લેટ ખાવાથી ખાવાનું પચતું જેનાથી ગેસ અને એસિડિટી થાય છે.

## ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કેવી રીતે કરવી ?

૧. કૃષ્ણની ભક્તિ આત્માને પ્રસન્ન કરે છે. જો કોઈ વ્યક્તિ તેને નિષ્કપટથી અપનાવે તો સ્વાભાવિક રીતે તે વધારે ઉંડાણમાં જવા અને વધુ પ્રગતિ સાધવા પ્રોત્સાહિત થશે. શ્રીકૃષ્ણ એ પરમ સત્ય પરમેશ્વરનું સ્વરૂપ છે. ભગવાન એક વ્યક્તિ છે અને અન્ય સર્વ જીવો તેમના સનાતન સેવકો છે. તેથી આપણે પોતે ભગવાન બનવાનો પ્રયત્ન કરવો જોઈએ નહિ. પણ માત્ર તેમની સર્વોપરિતાનો સ્વીકાર કરવો જોઈએ અને તેમને શરણે જવું જોઈએ. આપણે શરીર નથી પણ આત્મા છીએ. શરીર નાશવંત છે પણ દરેક શરીરમાં રહેલો આત્મા અમર છે. મનુષ્ય ૮૪000 યોનીઓમાં વારંવાર જન્મ લે અને મૃત્યુનાં દુઃખો ભોગવે છે. બ્રહ્મલોકથી પાતાલ લોક સુધીનું આ ભૌતિક બ્રહ્માંડ દુઃખાનો મહાસાગર છે. ભક્તિ એટલે જ્ઞાન મેળવવાનું પ્રથમ પગથિયું.

સર્વધર્માન્ પરિત્યજપ મામેકં શરણંવ્રજ । અહં ત્વં સર્વ પાપેભ્યો મોક્ષપિષ્યામિમાશુચક ?

(ભગવદ્ગીતા ૧૮.૬૬)

તમાં દુષ્કૃતિ નો મૂઢાઃ પ્રવધત્તે નરાધમાઃ । માપયાપહતજ્ઞાન આસુરં ભાવમાક્ષિ તાઃ ।

સર્વ પ્રકારનાં ધર્મોનો ત્યાગ કર અને મારી શરણમાં આવી જા, હું તારો સર્વ પાપોમાંથી ઉદ્ધાર કરીશ, ડરીશ નહિ. જે મનુષ્યો તદ્દન મૂર્ખ છે, જેનામાં અધમ છે, જેમનું જ્ઞાન માયા વડે હરાઈ ગયુ છે અને જેઓ અસુરો જેવી નાસ્તિક પ્રકૃતિ ધરાવનારા છે. એવા દુષ્ટો મારું શરણ ગ્રહણ કરતાં નથી. ભક્તિ એટલે કૃષ્ણનું અધિપત્ય, તેમનું દિવ્ય વ્યક્તિત્વ અને તેમનાં શાશ્વત સ્વરૂપનો સ્વીકાર કરવાનાં આધારે કૃષ્ણને શરણાગત થવું.

અન્યાભિલાષિતા શૂનયમ્ જ્ઞાન કર્માધનાવૃતમ્ । આનુફલ્પેન કૃષ્ણાનુશીલનમ્ ભક્ર્તિ ઉતમા ।।

મનુષ્યે પરમપ્રભુ કૃષ્ણની પ્રેમભર દિવ્ય સેવા અનુકૂળ રીતે, સકામકર્મો તથા તર્કબાજી દ્વારા મળતા ભૌતિક લાભની આશા વગર કરવી જોઈએ. તેને શુદ્ધ ભક્તિ કહેવાય છે.

(ભક્તિ રસામૃત સિંધુ ૧.૧.૧૧)

# માનસિક સ્વાસ્થ્યની જાળવણી

શરૂઆતમાં માનવીને જીવિત રહેવા માટે પ્રકૃતિ સાથે સતત સંઘર્ષ કરવો પડયો હતો. વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અદ્ભુત વિકાસ સાથે તે કુદરત પર નિયમન કરવામાં અને પ્રભુત્વ સ્થાપવામાં મોટે ભાગે સફળ થયો છે. જેમ જેમ ટેકનોલોજીનો વિકાસ થતો ગયો તેમ તેમ માનવ કુદરત સંશોધનથી દૂર થતો ગયો. કુદરતે બનાવેલી સાધનસંપત્તિની વૃદ્ધિ અને જાળવણી કરવામાં એ અસમર્થ રહ્યો. જ્યારે ટેક્નોલોજીના વિકાસથી માનવ જોખમમાં આવ્યો ત્યારે તેને પુનઃ પ્રાપ્ય કરવાનો માનવ સમાજનો પ્રયાસ ફરીથી શરૂ થયો.

ટેકનોલોજીનાં પ્રદૂષણોની માનવ સમાજ પર વિપરીત અસર પડે છે. તેમ ચોક્કસ રીતે તે ભાન થયું છે. મોટાપાયે વિકાસને કારણે વ્યક્તિઓની દોડધામ વધી, ખાદ્ય પદાર્થોમાં ફેરફાર થયા, આર્થિક ઉપાર્જન વધુ કરવા માટે દોડ વધુ થઇ, જેથી શારીરિક ક્ષમતા ઘટવા લાગી બીમારી વધુ દેખાવા લાગી. આ બધાને કારણે માનસિક બીમારીઓથી વ્યક્તિ વધુ પીડાવા લાગ્યા. માનવ પ્રકૃતિથી જરાય અલગ નથી જ્યારે પણ માણસે કુદરતથી ઉપરવટ જવાની કોશિશ કરી છે. ત્યારે ત્યારે તેણે તેની મોટી કિંમત ચૂકવવી પડી છે. ઘણીવાર માનવ કુદરત પાસે લાચાર છે. વિજ્ઞાન પણ આગળ વધ્યું પણ કુદરત પાસે વામણું છે.

માનસિક રોગને લાંબા સમયથી ચાલતી માનસિક બીમારી તરીકે પૃથક્કરણ કરવામાં આવે છે. જેમાં વ્યક્તિને વાસ્તવિકતા સ્વીકારવામાં તકલીફ પડે છે. વ્યક્તિ એ જે કલ્પ્યું હોય તેમાંથી તે સાચું શું છે તે કરી શકતો નથી. આ ભ્રમણા એવી માન્યતા હોય છે. જેમાં વાસ્તવિકતાનો ખોટો મતલબ કરવામાં આવે છે. માનસિક બીમારી કોઇને પણ થઇ શકે છે.

આ સમસ્યા આધુનિક સમયમાં ખૂબ જ સામાન્ય બની ગઇ છે. આમાંની સૌથી સામાન્ય સમસ્યા ચિંતા છે, જેમાં વ્યક્તિને બેચેની, ઉદાસી, નિરાશા કે ડિપ્રેશન આવે છે. નિરાશાને કારણે આત્મહત્યા તરફ પ્રેરાય છે. અનિદ્રા પણ એક માનસિક વિકાર છે. જેમાં વ્યક્તિને ઊંઘમાં ખલેલ પડે છે. વધુ પડતા મોબાઇલના વપરાશને કારણે ઊંઘ



પૂરતી મળતી નથી. આર્થિક ઉપાર્જનની ચિંતા, નોકરીની ચિંતા, ભણતરની ચિંતા તેમ જ સામાજિક ચિંતાઓ.

માનસિક રીતે માણસ પર ખાદ્ય-પદાર્થોની ખરાબ ગુણવત્તાને લીધે સૌથી વધુ અસર થાય છે. અપ્રાકૃતિક ખાદ્ય પદાર્થનો વપરાશ સૌથી વધુ છે. રિફાઇન્ડ કરેલી વસ્તુઓ કેમિકલયુક્ત ખાદ્ય પદાર્થ, પ્રિઝર્વેટિવવાળી વસ્તુઓ, આલ્કોહોલ જે પચવામાં મુશ્કેલ છે. જેના કારણે શરીરની અંદરની વ્યવસ્થામાં અને મિનરલ્સમાં ખામી કે બગડી જવું છે. સમય અનુસાર સારી ગુણવત્તાવાળા ખોરાક આજે મળવા મુશ્કેલ બની ગયા છે.

હોટેલો કે લારીવાળા પાસે લગભગ વાસી અને કેમિકલયુક્ત ખાદ્ય વસ્તુઓ હોય છે. ફકત સ્વાદ જ મળે છે ગુણવત્તા નહી. લોકો વધુ કામકાજ પર જાય છે. તેથી ઘરનું ખાવાની ઓછપ છે. જેથી શારીરિક અને માનસિક રીતે લોકો પીડાય છે. શારીરિક વ્યાધિની દવાઓની સાઇડ ઇફેક્ટને કારણે માનસિક સંતુલન બગડે છે.

માનસિક વ્યાધિ એ આધુનિક ખાન-પાનને કારણે વધુ વકરે છે. ખાનપાનમાં અચૂક બદલાવ જરૂરી છે. નકામી વસ્તઓનો ઉપયોગ બંધ કરવો જરૂરી છે. જેમ કે સાકર, ચહા, કોફી, કોલ્ડ્રીક, રિફાઇન્ડ તેલ, વનસ્પતિ ઘીમાંથી બનતી દરેક વસ્તુઓ, ચહાની જગ્યાએ હર્બલ ચહા કે કાઢા પીવો જેમ કે બ્રાહ્મી, અશ્રવગંધા, ગડચી કે ગિલોય, શંખપુષ્પી, જટામાસી, માલકેગોની, સર્પગંધા, હળદર, અકલકરો વગેરે. આ હર્બલ કાઢા તંત્રિકા તંત્રને મજબૂત બનાવે છે.

આ ઈમ્યુનિટી વધારે છે અને લોહીને શુદ્ધ રાખે છે. એમાંથી વિટામિન અને મીનરલ્સ સહજથી મળી રહે છે. બીમારીને કાબૂમાં રાખે છે. બીમારીને દૂર કરવામાં સહજતાથી કામ કરે છે. શરીરની ધાતુઓને બગડવા દેતા નથી. શક્તિવર્ધક તરીકે કામ કરે છે. આ કાઢામાં એલચી, મધ, ગોળ નાખીને લઇ શકાય છે.

ખાનપાનમાં લીલી વનસ્પતિનો ઉપયોગ જેમ કે પાલક, તાંદળજો ભાજી, ફુદીનો, બથુવા, આમળા, કોકમ, કોળું, તૂરિયા, કાકડીના રસ સવારના લઇ શકાય છે. જે શરીરને બળવાન બનાવે છે. દિવસભર તાજગી આપે છે. ફળ અથવા ફળના રસ જેવા કે દાડમ, લીચી, સંતરા, નાળિયેરનું દૂધ, તાડી, તાડગોલા, મોસંબી, શેરડીનો રસ જે ન્યુરોનને તાજગી આપે છે. વિટામિન બીથી ભરપૂર છે. મનને તાજગી બક્ષે છે. દિવસભર ઊર્જાવાન રાખે છે. ડ્રાયફ્રૂટ બધા જ પ્રકારના લઇ શકાય છે. તે પ્રાકૃતિક હોવા જરૂરી છે. (ફલેવરવાળા નહી).

બધા જ પ્રકારના શાક ચટણીઓ જે પ્રાકૃતિક રીતથી બનેલા હોય તે લઇ શકાય છે. જમવાનું સાત્વિક હોવું જરૂરી છે. અતિ મસાલા શરીરમાં એસિડ ઉત્પન્ન કરે છે. જેથી લોહીમાં પણ એસિડ ભળે છે. જેના કારણે શરીરનું સંતુલન બગડી જતા શારીરિક અને પછી માનસિક વ્યાધિઓના લક્ષણ શરૂ થાય છે. આ લક્ષણને ડામવા માટે દવાઓ લેવાથી શરીર વધુ એસિડીક બની જાય છે. જેથી બીમારીઓનો અંત નથી આવતો. વધુને વધુ ખરાબ થાય છે. પછી તેનું નિદાન કે સારવાર અશક્ય બની જાય છે.સતર્કતા જ આનો ઇલાજ છે. કામકાજને બદલી ન શકાય પણ ખોરાકમાં બદલી કરી શકાય છે. નકામી વસ્તુઓનો ઉપયોગ સદંતર બંધ કરી દેવો જરૂરી છે.

# હાશિમોટો રોગ શું છેપ એ થાઇરોઇડ ગ્રંથિને કઈ રીતે અસર કરે છે?

આપણે બધા થાઈરોઈડ ગ્રંથિ વિશે જાણીએ છીએ. થાઈરોઈડ ગ્રંથિ એ પતંગિયા આકારની ગ્રંથિ છે, જે ગળાના નીચેના ભાગમાં હોય છે. એ 'આદમના સફરજન' તરીકે ઓળખાય છે. આ થાઈરોઈડ ગ્રંથિ એવા હોર્મોન્સ ઉત્પન્ન કરે છે જે શરીરના ઘણાં કાર્યોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તે તમારા અંતઃસ્ત્રાવી પ્રણાલીનો એક ભાગ છે અને થાઈરોઈડ હોર્મોન્સ મુક્ત કરે છે. તમારા થાઈરોઈડનું મુખ્ય કાર્ય તમારા ચયાપચયની ગતિને નિયંત્રિત કરવાનું છે.

આ પ્રક્રિયાથી તમે જે ખોરાક લો છો તેને તમારા શરીર માટે ઊર્જામાં રૂપાંતરિત કરવામાં આવે છે. વજનનો વધારો અથવા ઘટાડાના સંદર્ભમાં ચયાપચયનો વિચાર કરવો સામાન્ય છે. જોકે, આ પ્રક્રિયા તમારા શરીરના દરેક અંગને અસર કરે છે, જેમાં તમારા હૃદય અને મગજનો પણ સમાવેશ થાય છે. અને હાશિમોટો રોગ તમારી આ મહત્ત્વની થાઈરોઈડ ગ્રંથિને પોતાનું નિશાન બનાવે છે. હાશિમોટો રોગ એક ઓટોઈમ્યુન (સ્વયંપ્રતિરક્ષા) રોગ છે, જે હાઇપોથાઇરોડિઝમ (અન્ડરએક્ટિવ થાઇરોઇડ)નું કારણ બની શકે છે. તે જીવનભરની (ક્રોનિક) સ્થિતિ છે. ઓટોઈમ્યુન ડિસઓર્ડર એ એક બીમારી છે, જે રોગપ્રતિકારક શક્તિ દ્વારા સ્વસ્થ પેશીઓ પર હુમલો કરવાથી થાય છે.

હાશિમોટો રોગમાં, રોગપ્રતિકારક શક્તિના કોષો થાઈરોઈડના હોર્મોન ઉત્પન્ન કરતા કોષોના મૃત્યુ તરફ દોરી જાય છે. હાશિમોટો રોગના મોટાભાગના કિસ્સાઓમાં, તમારું થાઈરોઈડ તમારા શરીર માટે પૂરતું થાઈરોઈડ હોર્મોન ઉત્પન્ન કરી શકતું નથી. આ તમારા ચયાપચયને ધીમું કરે છે અને વિવિધ લક્ષણોનું કારણ બને છે.

હાશિમોટો રોગને હાશિમોટો થાઈરોઈડાઈટિસ, ક્રોનિક લિમ્ફોસાયટીક થાઈરોઈડાઈટિસ અને ક્રોનિક ઓટોઈમ્યુન થાઈરોઈડાઈટિસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રોગનું નામ ડો. હકારુ હાશિમોટોના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે ૧૯૧૨માં તેની ઓળખ કરી હતી.

આપણે બધા થાઈરોઈડ ગ્રંથિ વિશે જાણીએ છીએ. થાઈરોઈડ ગ્રંથિ એ પતંગિયા આકારની ગ્રંથિ છે, જે ગળાના નીચેના ભાગમાં હોય છે. એ 'આદમના સફરજન' તરીકે ઓળખાય છે. આ થાઈરોઈડ ગ્રંથિ એવા હોર્મોન્સ ઉત્પન્ન કરે છે જે શરીરના ઘણાં કાર્યોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તે તમારા અંતઃસ્ત્રાવી પ્રણાલીનો એક ભાગ છે અને થાઈરોઈડ હોર્મોન્સ મુક્ત કરે છે. તમારા થાઈરોઈડનું મુખ્ય કાર્ય તમારા ચયાપચયની ગતિને નિયંત્રિત કરવાનું છે.

કેવાંક હોય છે એનાં



લક્ષણ?

હાશિમોટોનો રોગ લાંબા ગાળામાં ધીમે ધીમે આગળ વધે છે. રોગનાં ચિન્હો કે લક્ષણ દેખાતા નથી. આખરે, થાઈરોઈડ હોર્મોન ઉત્પાદનમાં ઘટાડો થતાં આમાંથી કોઈ પણ લક્ષણો નજરે ચઢે છે, જેમકેપ થાક અને સુસ્તી, ઠંડી પ્રત્યે સંવેદનશીલતામાં વધારો, ઊંઘમાં વધારો, સૂકી ત્વચા, કબજિયાત, સ્નાયુઓની નબળાઈ, સ્નાયુઓમાં દુખાવો, અને જડતા, સાંધામાં દુખાવો અને જડતા, અનિયમિત અથવા વધુ પડતું માસિક રક્તસ્ત્રાવ, ડિપ્રેશન, યાદશક્તિ અથવા એકાગ્રતામાં સમસ્યા, થાઈરોઈડ ગ્રંથિ (ગોઈટર)માં સોજો, ચહેરો ફૂલેલો, બરડ નખ, વાળ ખરવા, જીભનું મોટું થવું.

અમેરિકાની 'કલેવર લેન્ડ ક્લિનિક'ના જણાવ્યા મુજબ, ગોઈટર એ હાશિમોટો રોગનો એક સામાન્ય પ્રથમ સંકેત છે. તેનાથી કોઈ દુખાવો નથી થતો, પરંતુ તે તમારી ગરદનના નીચેના ભાગમાં પેટ ભરેલું હોવાની લાગણી પેદા કરી શકે છે. તેનાથી ગરદનનો આગળનો ભાગ સોજી ગયો હોય તેવું દેખાય છે.

### આ રોગ કેટલો સામાન્ય છે?

૨૦૨૨ના એક અભ્યાસ મુજબ, ભારતમાં હાઈપોથાઈરોડિઝમનો વ્યાપ ૧૧ ટકા છે, જે પશ્ચિમી દેશોમાં જોવા મળતા ૨ ટકા ૪.૬ ટકા કરતાં ઘણો વધારે છે. દરિયાકાંઠાના વિસ્તારો કરતાં આંતરિક પ્રદેશોમાં આ સ્થિતિ વધુ સામાન્ય દેખાય છે (૯.૫ ટકા ની સરખામણીમાં ૧૧.૭ ટકા), જે કદાચ પૂરતા પ્રમાણમાં આયોડિનના અભાવને કારણે હોઈ શકે છે.

કોને થઇ શકે છે આ રોગ?

કોઈપણ ઉંમરની વ્યક્તિને હાશિમોટો રોગ થઈ શકે છે. જોકે, પુરુષ કરતાં સ્ત્રીમાં તેની શક્યતા ૧૦ ગણી વધુ હોય છે. નિદાન સામાન્ય રીતે ૩૦થી ૫૦ વર્ષની વય વચ્ચે થાય છે. સંશોધન સૂચવે છે કે લગભગ ૮૦ ટકા કિસ્સામાં આનુવંશિકતા હાશિમોટો રોગ થવા માટે જવાબદાર છે. જો તમારા પરિવારના કોઈને હાશિમોટો કે અન્ય થાઈરોઈડ રોગો હોય તો તમને તે થવાની શક્યતા વધુ છે. ઉંમર વધવાની સાથે આ સ્થિતિ (અને અન્ય થાઈરોઈડ રોગો) થવાનું જોખમ વધે છે.

જો તમારા લોહીમાં ચોક્કસ ઓટોએન્ટિબોડીઝ હોય તો એ સામાન્ય રીતે હાઈપોથાઈરોડિઝમનું કારણ હાશિમોટો રોગ તરફ નિર્દેશ કરે છે. હાશિમોટો રોગ ધરાવતા દરેક વ્યક્તિને હાઈપોથાઈરોડિઝમ થતું નથી. જો તમારું એન્ટિબોડીનું સ્તર ઊંચું હોય, પરંતુ ક્લિનિકલ હાઈપોથાઈરોડિઝમ ન હોય, તો તમારા ડોક્ટર સારવાર શરૂ કરવાને બદલે તમારા થાઈરોઈડ સ્તરનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ, જરૂર મુજબ આગળની સારવાર હાથમાં લેશે



# ચોમાસામાં કપડાંની દુર્ગંધ આ રીતે દૂર કરો

વરસાદની ઋતુમાં હવામાં ભેજ વધવાને કારણે અને સૂર્યપ્રકાશ ઓછો હોવાને કારણે કપડાંમાંથી વિચિત્ર ગંધ આવવા લાગે છે. જેને દૂર કરવી ક્યારેક મુશ્કેલ બની જાય છે. આ ઋતુમાં કપડાં ઝડપથી સુકાતા નથી અને તેમાં ભેજ રહે છે, જેના કારણે કપડાંમા એક વિચિત્ર ગંધ રહે છે. લોકો કપડાંમાંથી આવતી વિચિત્ર ગંધ દૂર કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવે છે, પરંતુ તે પછી પણ કપડાંની ગંધ દૂર થતી નથી, જેના કારણે ઘણી વખત લોકો તે કપડાં પહેરવાનું ટાળે છે.

જો તમે પણ આ સમસ્યાનો સામનો કરી રહ્યા છો અને સરળ ઉકેલ ઈચ્છતા હોવ, તો અમે તમારા માટે અસરકારક ઘરેલુ ઉપાય લાવ્યા છીએ, ખાસ વાત એ છે કે તેમાં ઓછા પૈસા ખર્ચ થશે અને સમય પણ બચશે. તો ચાલો જાણીએ કપડાંમાંથી દુર્ગંધ દૂર કરશે.

સફેદ સરકોનો ઉપયોગ કરોઃ ચોમાસામાં કપડાં ધોવાથી આવતી વિચિત્ર ગંધ દૂર કરવા માટે સફેદ સરકો એક સારો અને સસ્તો ઉપાય છે. વાસ્તવમાં સફેદ સરકોમાં એસિટિક એસિડ જોવા મળે છે જે ગંધ પેદા કરતા બેક્ટેરિયાને દૂર કરવામાં મદદરૂપ થાય છે. આ માટે એક ડોલમાં અડધો કપ સરકો અને અડધો જગ પાણી ભેળવીને દ્રાવણ બનાવો. હવે આ દ્રાવણમાં કપડાં પલાળી દો અને પછી તેને વોશિંગ મશીનમાં મૂકીને સૂકવી દો. કપડાં કાઢીને દોરડા પર ફેલાવો અને ફરીથી સરકો અને પાણીનું દ્રાવણ છાંટો. આમ કરવાથી, કપડાંમાંથી આવતી ગંધ દૂર થઈ જશે.

બેકિંગ સોડા પણ અસરકારક છેઃ બેકિંગ સોડા કપડાંમાંથી દુર્ગંધ દૂર કરવામાં પણ અસરકારક છે. બેકિંગ સોડામાં ભેજ અને ગંધ શોષવાના ગુણો છે. તેનો ઉપયોગ કરવો પણ ખૂબ જ સરળ છે. તમે ફક્ત અડધો કપ બેકિંગ સોડા ડિટર્જન્ટ સાથે ભેળવીને વોશિંગ મશીનમાં નાખો અને પછી તેમાં કપડાં નાખો. બેકિંગ સોડા બે રીતે ફાયદા આપશે. તે ફક્ત કપડાંમાંથી દુર્ગંધ દૂર કરશે જ નહીં પણ કપડાં સાફ કરવામાં પણ મદદ કરશે. કપડાં ધોયા પછી પણ, જો તેમાં ગંધ રહે છે, તો કપડાંને ઝિપ લોક બેગમાં રાખો અને તેમાં બેકિંગ સોડા છાંટો. આખી રાત આ રીતે રહેવા દો. આમ કરવાથી ગંધ સંપૂર્ણપણે દૂર થઈ જશે.લીંબુના રસનો ઉપયોગ કરોઃ લીંબુનો રસ પણ કપડાંમાંથી દુર્ગંધ દૂર કરવા માટે એક સારો ઉપાય છે. વાસ્તવમાં, લીંબુમાં કુદરતી બ્લીચિંગ એજન્ટ હોય છે જે કપડાંમાંથી ગંધ ઘટાડે છે. આ માટે, જ્યારે તમે કપડાં ધોતા હોવ ત્યારે, તે પાણીમાં અડધા લીંબુનો રસ મિક્સ કરો. પછી કપડાંને સારી રીતે પલાળી દો અને પછી કપડાંને સૂકવવા માટે દોરડા પર લટકાવી દો.

તંત્રી લેખ...-

**બુધવાર, તા.૧૬ જુલાઈ ૨૦૨૫**

## જંકફૂડથી થતાં નુકસાનને ગંભીરતાથી લેવાની જરૂર

છેલ્લા એક દાયકામાં સ્વચ્છતા કેન્દ્ર સરકાર માટે અગ્રતા રહી. હવે સ્વસ્થતા માટે વધારે ગંભીરતાથી વિચાર થઈ રહ્યો છે. આયુષ્માન ભારત જેવી મહત્ત્વની યોજનાનો અમલ થયો, મિલેટ્સ એટલે કે, જાડા ધાનનું મહત્ત્વ વિશ્વને ભારતે સમજાવ્યું, જેમાં વડાપ્રધાને અંગત રસ લીધો. હવે મેદસ્વિતાની સમસ્યાના નિરાકરણ માટે સરકાર દેશની જનતાને જગાડીને આગળ વધી રહી છે. આ જાગૃતિ ઝુંબેશ તો થોડા સમય પૂર્વે શરૂ થઈ ગઈ છે. મોરચો જંકફૂડ તરફ વળ્યો છે. તળેલા કે ગળ્યા ખાદ્ય પદાર્થ ધૂમ્રપાન કે અન્ય વ્યસન જેટલા જોખમી છે, તેવું જનતાને જણાવવામાં આવશે એવા અહેવાલને કેન્દ્ર સરકારે નકાર્યો છે અને કહ્યું છે કે, આવી ચેતવણી લખવાનું ફરજિયાત કરવાનો હાલે કોઈ વિચાર નથી, પરંતુ આ પ્રકારના તળેલા ખાદ્ય પદાર્થો આરોગ્ય માટે નુકસાનકારક હોવાનું કબૂલ્યું હતું. તાજેતરના અહેવાલ એવું કહે છે કે, મેદસ્વિતાના પ્રમાણમાં થઈ રહેલી વૃદ્ધિને નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકાર વિવિધ પગલાં લઈ રહી છે. અલબત્ત, સિગરેટના પેકેટ કે તમાકુની પડીકી ઉપર જેમ ચેતવણી લખેલી હોય છે, તેમ હવે સમોસા, જલેબી જેવી નાસ્તાની વસ્તુ વેચનાર પણ ગ્રાહકને તમે આ ખોરાકની સાથે ચરબી અને શર્કરા પણ લઈ રહ્યા છો, એવું ચેતવે એવી અબઘડીએ સંભાવના નથી. અહીં એ નોંધનીય છે કે, એઈમ્સ (ઓલ ઈન્ડિયા ઈસ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ) સહિતના સ્વાસ્થ્ય સંસ્થાન આ ઝુંબેશમાં છે. શાળાઓમાં સુગરબોર્ડ લગાવવાનું શરૂ થયું છે. શક્ય છે ભવિષ્યમાં હોટેલ-રેસ્ટોરન્ટમાં પણ ખતરાના આવા પાટિયાં ઝૂલાવે તો જનહિત માટે આ પગલું જરાય ખોટું નથી. સરકારનો ઉદ્દેશ લોકોને આવા ખોરાકથી થતાં નુકસાન માટે જાગૃત કરવાનો છે. હૃદયરોગ અને તેનાથી થતાં મૃત્યુ માટે જે કારણો છે તે પૈકી એક કારણ આવો ખોરાક છે. સ્થૂળતા, ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ, બ્લડપ્રેશર જેવી બીમારી આહારની આદતોને લીધે થાય છે. ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન હૃદયરોગના કિસ્સા બન્યા તેમાં ૫૦ ટકાથી કેસમાં દર્દીની વય ૪૦ વર્ષથી નીચે હતી. સમોસા, પકોડા કે જલેબી સહિતના ખાદ્ય પદાર્થમાં ટ્રાન્સફેટ હોય, સુગર હોય. બોલચાલની ભાષા જેને 'દાઝિયું તેલ' કહે છે તે એક અને એક જ તેલમાં વારંવાર તળાતી વસ્તુમાં તળાતા પદાર્થ વધારે જોખમી છે. સરકારે ભાવિ પેઢીને બીમારીમાં ધકેલાતી રોકવા માટે ભવિષ્યમાં આવું પગલું લેવું જ રહ્યું. સ્થાનિક રેસ્ટોરન્ટ્સ, હોટેલ માટે આ ફરજિયાત બનાવવાનું અઘરું નથી. પાનની દુકાને જેમ તમાકુ માટેના બોર્ડ છે, તેમ હોટેલમાં આવા બોર્ડ લગાવી શકાય, પરંતુ આવી વસ્તુઓ તો રેલવે સ્ટેશન ઉપર, ટ્રેન કે બસમાં શાળાઓ પાસે ફેરિયાઓ પણ વેચે છે, ત્યાં મોટો ગ્રાહક વર્ગ છે. નાના વેપારીઓને આ ઝુંબેશમાં જોડવાના રહેશે. જંકફૂડમાં ફક્ત તળેલી જ વસ્તુઓ નથી, આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપ્ત પીત્ઝા, બર્ગર જેવી વસ્તુઓની શૃંખલા ધરાવતી હોટેલ્સ હવે તો નાના નગરોમાં પણ છે. મેંદાની આ વાનગીઓ પણ સ્વાસ્થ્ય માટે જોખમી છે. ત્યાં આવા બોર્ડ લાગશે કે નહીં તેની સ્પષ્ટતા નથી. સરકારના સ્વાસ્થ્ય મંત્રાલય કે સ્વાસ્થ્ય સંસ્થાનોનો અભિગમ અને ઈરાદો બંને સારા છે. અહીં સ્વજાગૃતિ, સ્વયંશિસ્ત અગત્યની છે. તળેલું કે ગળ્યું વધારે પ્રમાણમાં ખાવાથી આરોગ્યને નુકસાન થાય છે તે લોકોને ખ્યાલ છે જ છતાં આવા પદાર્થનું વેચાણ થાય છે. ફળાહાર ગણાતી થાળીમાં પણ ફળ નહીં, પેટીસ-ચેવડો હોય છે. ખોરાકની જાગૃતિ માટેના બોર્ડ લાગે, સમાજના-જન સામાન્યના હિતમાં વેપારીને આ જાગૃતિ ઝુંબેશમાં જોડવામાં આવે તે જરૂરી છે, પરંતુ બોર્ડ ન હોય તો પણ આપણને આપણા સ્વાસ્થ્ય માટે અન્ય કોઈ જગાડે તેવી અપેક્ષા શા માટે રાખવી ? જંકફૂડ માટે તો જાગ્યા ત્યારથી સવાર...

## સ્પીકરની સોનેરી સલાહ

મોરબી અને વિસાવદરના ધારાસભ્યોએ યોજેલો 'શો' ગાંધીનગરમાં અત્યાર પૂરતો તો પૂરો થયો છે. જો કે, આ 'ચેલેન્જ રાજનીતિ' હવે ગુજરાતના જાહેર જીવનનો એક નવો આયામ ન બને તો સારું તેવી ચિંતા શરૂ થઈ છે. પાયા વગરની, ક્ષુલ્લક વાતમાંથી શરૂ થયેલો પ્રશ્ન મોટો વિવાદ બની ગયો. માનવ કલાકોનો વ્યય થવા સિવાય તેનું કોઈ પરિણામ નથી તે પહેલેથી નક્કી હતું. રાજનીતિમાં સાચા વિરોધનું પ્રમાણ તો આમ પણ ઘટી ગયું છે. મોટાભાગે સ્ટંટ થતા રહે છે. લોકોના પ્રશ્ને આંદોલન હોવા જોઈએ, પરંતુ આજે જે થયું તેનાથી કોઈ સમસ્યાનો હલ આવતો નથી. વિધાનસભાની વિસાવદર બેઠક ઉપરથી ચૂંટણી જીતેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને મોરબીના સિનિયર અગ્રણી, ધારાસભ્ય કાંતિ અમૃતિયા વચ્ચે વિમ્બલ્ડન ટેનિસની જેમ 'ચેલેન્જ ટ્રોફી' રમાઈ ગઈ. મુદ્દો એટલો જ હતો કે, મોરબીની સમસ્યાઓ અંગે આંદોલન કે વિરોધ થાય ત્યારે એવું સતત બોલાયું કે, 'અહીં પણ વિસાવદરવાળી થશે' એટલે કે, ભાજપ હારશે. આ વાતનું કાંતિભાઈ ઉર્ફે કાનાભાઈને લાગી આવ્યું. તેમણે કહ્યું 'હું પણ રાજીનામું આપું, ગોપાલ ઈટાલિયા પણ રાજીનામું આપી દે. બંને ચૂંટણી લડીએ અને ગોપાલ જીતે તો રૂા. બે કરોડ ઈનામ' પડકાર ફેંકાયો. સોમવારે ગાંધીનગરમાં કાંતિભાઈ તેમના સમર્થકો સાથે પહોંચ્યા. વચ્ચે વળી તેમનો અવાજ માનવામાં આવે છે, તેવો ઓડિયો વાયરલ થયો. ગોપાલ ઈટાલિયા ત્યાં ન ગયા. પ્રજાએ રીલ્સના માધ્યમથી, પોસ્ટના માધ્યમથી આખું પ્રકરણ 'માણ્યું'. આ સમગ્ર ઘટનાક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીનું નિવેદન અત્યંત અગત્યનું છે. ફક્ત આ બે નહીં, પરંતુ તમામ ધારાસભ્યોએ તે કાને ધરવા જેવું છે. માધ્યમોએ શંકરભાઈને પૂછ્યું કે, તમારું આ અંગે શું કહેવાનું છે? ત્યારે તેમણે કહ્યું 'ઉપર કોઈ આવે ત્યારે વિષય આવે. મારી પાસે હજી આ વિષય આવ્યો નથી. વિધાનસભા અધ્યક્ષ તરીકે હું માનું છું કે, બંને પક્ષે લોકોનું કામ કરવું જોઈએ.' શંકર ચૌધરીની આ સલાહ ગાંઠે બાંધી રાખવા જેવી છે. આ બે જ નહીં અન્ય ધારાસભ્ય, સાંસદ કે કોઈ પણ જનપ્રતિનિધિએ કોઈ નિષ્કર્ષ ન હોય તેવા વિવાદમાં પડવાને બદલે ખરેખર જે સમસ્યાઓ છે, તેના ઉકેલ તરફ ધ્યાન આપવું જોઈએ. પ્રશ્નો ઘણા છે. સફાઈ કે પાણી જેવી રોજિંદી બાબતથી શરૂ કરીને વારંવાર ધીમા પડતાં સરકારી સર્વર, 'ઈ-કે.વાય.સી.' જેવા મુદ્દે પરેશાન થતા લોકો એ બધે ધ્યાન આપવા જેવું છે. આવા પડકારો આપવાથી કશું ન થાય. પડકાર એવો અપાવો જોઈએ કે, 'છ માસ પછી મારા વિસ્તારમાં એક પણ પડતર પ્રશ્ન નહીં હોય! જોઉં છું અન્ય કયા ધારાસભ્ય આવું કરી બતાવે છે?' આવો પડકાર અપાશે ત્યારે લોકો પોતે વીડિયો વાયરલ કરશે.

**ફક્ત આ બે નહીં, પરંતુ તમામ ધારાસભ્યોએ તે કાને ધરવા જેવું છે. માધ્યમોએ શંકરભાઈને પૂછ્યું કે, તમારું આ અંગે શું કહેવાનું છે?**

### આ સેન્સર પ્લેનના હોરિઝોન્ટલ સ્ટેબિલાઇઝર (પિચ બેલેન્સ જાળવનાર પાછળની પાંખ)ની સ્થિતિ જણાવે છે.

# અમદાવાદ પ્લેન ક્રેશ, પાઈલટ્સને બલિના બકરા બનાવાશે?

### સેન્સર નિષ્ફળ જાય તો ઓટોપાઈલટ, પિચ કંટ્રોલ અને સ્ટોલ પ્રોટેક્શન વગેરે મહત્ત્વની સિસ્ટમો ખોટા આદેશો આપવાનું શરૂ કરે છે.

અમદાવાદમાં લગભગ એક મહિના પહેલાં તૂટી પડેલું એર ઈન્ડિયાનું વિમાન કેમ તૂટી પડ્યું તેનાં કારણોની તપાસ કરનારી એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (છછૈંમ)ના પ્રાથમિક રિપોર્ટના કારણે બખેડો થઈ ગયો છે કેમ કે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ પ્રાથમિક રિપોર્ટમાં દોષનો ટોપલો પાઈલટ્સ પર ઢોળી દીધો છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના ૧૫ પાનાના પ્રારંભિક રિપોર્ટમાં એવું તારણ કઢાયું છે કે, પાઈલટે એન્જિનને ફ્યુઅલ આપતી સ્વિચ બંધ કરી દીધેલી તેથી એન્જિન બંધ પડી ગયું અને વિમાન તૂટી પડ્યું.

આ સ્વિચ અજાણતાં બંધ થઈ જાય એવી હોતી નથી પણ તેને ખેંચીને બંધ કરવી પડે છે તેથી આડકતરી રીતે પાઈલટે જાણી જોઈને આ સ્વિચ બંધ કરીને આપઘાત કર્યો ને પોતાની સાથે વિમાનના પ્રવાસીઓ તથા મેડિકલ કોલેજની હોસ્ટેલના નિર્દોષ લોકોને પણ લઈ મર્યો એવું રિપોર્ટ કહે છે. ૧૨ જૂને

અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ છૈં ૧૭૧ ટેકઓફ થયાના થોડા સમય પછી જ બી.જે. મેડિકલ હોસ્ટેલની ઈમારત સાથે ટકરાતાં ૨૪૧ પ્રવાસી સાથે કુલ ૨૭૦ લોકોનાં મોત થયાં હતાં. ભારત સરકારની હવાઈ અકસ્માતોની તપાસ કરતી સંસ્થા એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (છછૈંમ)ને આ ઘટનાની તપાસ સોંપાઈ હતી. આ સંસ્થાએ ગયા શુક્રવારે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે અમદાવાદ વિમાન દુર્ઘટનાનો પ્રારંભિક તપાસ અહેવાલ જાહેર કર્યો હતો.

આ રિપોર્ટના કારણે વિવાદ થવાનું સૌથી મોટું કારણ એ છે કે, વિમાન બનાવનારી કંપની બોઈંગ કે એર ઈન્ડિયાનો કોઈ વાંક જ ના હોય એ પ્રકારની વાતોની તેમાં ભરમાર છે. માત્ર ને માત્ર પાઈલટની ભૂલે જ ૨૭૦ લોકોનો જીવ લીધો હોય એવું રિપોર્ટનું તારણ છે. તેના કારણે કેન્દ્રીય ગૃહ સચિવના પ્રમુખપદ હેઠળની આ સમિતિ મોટી કંપનીઓને ક્લીન ચિટ આપીને પાઈલટ્સને બલિના બકરા બનાવીને ભીનું સંકેલવા મથી રહી હોવાની છાપ ઊભી થઈ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સ અને એરલાઈન પાઈલટ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ તો આ રિપોર્ટ સામે વાંધો લીધો જ છે પણ એવિએશન સેક્ટરના નિષ્ણાતો પણ આ રિપોર્ટને હાસ્યાસ્પદ ગણાવી રહ્યા છે. પાઈલટ્સનાં એસોસિએશનનું કહેવું છે કે, સરકારી તપાસ ટીમમાં કોઈ અનુભવી પાઈલટ્સનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને અધિકારીઓએ ઓફિસમાં બેસીને રિપોર્ટ બનાવી દીધો છે. આ દુર્ઘટનામાં પહેલાંથી જ પાઈલટ્સની ભૂલને કારણે અકસ્માત થયો હોવાનું ચિત્ર ઊભું કરવા પ્રયત્ન કરાઈ રહ્યો છે ને એ પ્રમાણે જ રિપોર્ટ બનાવાયો છે તેથી આ રિપોર્ટને સાચો ન માની શકાય.

એવિએશન સેક્ટરના નિષ્ણાતોએ રિપોર્ટની ચોક્કસ બાબતો તરફ આંગળી ચીંધીને આ રિપોર્ટને બકવાસ ગણાવ્યો છે. નિષ્ણાતોનો એક મત એ છે જ કે, આ તપાસ સમિતિમાં કોઈ અનુભવી પાઈલટ્સ જ નથી તેથી ખરેખર પ્લેનની સિસ્ટમ કઈ રીતે કામ કરે છે એ વાત જ ધ્યાનમાં નથી લેવાઈ.તપાસ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO) ની માર્ગદર્શિકા અનુસાર થવી જોઈતી હતી અને તેમાં તપાસ સમિતિમાં અનુભવી પાઈલટ્સનો પણ સમાવેશ થવો જોઈએ એવું સ્પષ્ટ લખેલું છે. આ સંજોગોમાં તપાસ ટીમમાં એવા પાઈલટનો સમાવેશ થવો જોઈતો હતો કે જેમને બોઈંગ ૭૮૭ અથવા કમ સે કમ બોઈંગ ૭૩૭ વિમાનનું સંપૂર્ણ જ્ઞાન હોય પણ એવો કોઈ પાઈલટ્સ જ સમિતિમાં નથી.કેન્દ્ર સરકારે ભલે કહ્યું કે, સરકારે કહ્યું કે આ તપાસ ૈંઝ્રછ૦ ના નિયમો અને ૨૦૧૭ ના એરક્રાફ્ટ અકસ્માત તપાસ નિયમો હેઠળ હાથ ધરવામાં આવી રહી છે પણ ખરેખર તપાસ એ નિયમો હેઠળ થઈ નથી. આ તપાસ સમિતિનું નેતૃત્વ ગૃહ સચિવ કરી રહ્યા છે અને તેમાં ઘણા વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે પણ એ અધિકારીઓ પ્લેનના નિષ્ણાત નથી તેથી તેમના રિપોર્ટને વિશ્વસનીય ના માની શકાય.

રિપોર્ટમાં બે પાઈલટ્સની વાતનો ઉલ્લેખ છે. કો-પાઈલટ્સ ક્લાઈવ કુંદર વિમાન ઉડાડી રહ્યા હતા જ્યારે કમાન્ડર સુમિત સભરવાલ આ ઉડાન માટે 'પાઈલટ્સ મોનિટરિંગ' હતા. રિપોર્ટમાં જણાવાયું છે કે, એક પાઈલટ્સ બીજા પાઈલટ્ને સવાલ કરે છે કે, તેણે ફ્યુઅલ સ્વિચ કેમ બંધ કરી ? બીજા પાઈલોટ જવાબ આપે છે કે, મેં ફ્યુઅલ સ્વિચ બંધ કરી નથી.

રિપોર્ટમાં માત્ર આટલી જ વાતચીતનો ઉલ્લેખ છે. તેની આગળપાછળની કોઈ વાતચીતનો ઉલ્લેખ નથી એ શંકાસ્પદ છે. સમિતિએ પાઈલટ્સની આખી વાતચીત મૂકવી જોઈએ કે જેથી બંને પાઈલટ્સ કયા સંદર્ભમાં વાત કરે છે એ સ્પષ્ટ થાય પણ તેના બદલે સોશિયલ મીડિયા પર વપરાતી ટ્રિક્સ વાપરીને સીલેક્ટિવ વાતચીત મૂકી દેવાઈ છે. નિષ્ણાતોનું કહેવું છે કે, પાઈલટ્સ વિમાનની સ્થિતિ અંગે પહેલા કરેલી ફરિયાદ કે બીજી કોઈ વાત કરી રહ્યા હશે એવી શક્યતા નકારી ના શકાય. એ વાતચીત કાપી નંખાઈ તેનો અર્થ એ થયો કે દાળમાં કંઈક કાળું છે.

આ શંકા કરવા માટે નક્કર કારણો પણ છે. છછૈંમ ના અહેવાલ પ્રમાણે જ છૈં-૧૭૧ કોડ સાથે લંડન જતી એર ઈન્ડિયા ડ્રીમલાઈનરે તૂટી પડ્યા પહેલાં દિલ્હીથી અમદાવાદ સુધીની છેલ્લી સફળ ઉડાન ભરી હતી. ઉડાન પછી તરત જ પાઈલટે "જીછસ્ જી ઠઢઝઈ' નામનું ટેકનિકલ એલર્ટ નોંધાવ્યું હતું. આ એલર્ટનો અર્થ એ છે કે, વિમાનનું સંતુલન તપાસતું સેન્સર નિષ્ફળ ગયું છે.

આ સેન્સર પ્લેનના હોરિઝોન્ટલ સ્ટેબિલાઇઝર (પિચ બેલેન્સ જાળવનાર પાછળની પાંખ)ની સ્થિતિ જણાવે છે. આ સેન્સર નિષ્ફળ જાય તો ઓટોપાઈલટ, પિચ કંટ્રોલ અને સ્ટોલ પ્રોટેક્શન વગેરે મહત્ત્વની સિસ્ટમો ખોટા આદેશો આપવાનું શરૂ કરે છે. પાઈલટે વિમાન ટેક-ઓફ કર્યું ત્યારે એ ભૂલના કારણે ગરબડ થઈ હોવાની શક્યતા તો છે જ પણ મોટો સવાલ એ છે કે, આ ખામી દૂર કરાઈ હતી કે નહીં ? રિપોર્ટમાં તેનો ઉલ્લેખ નથી અને ફ્યુઅલ સ્વિચની પારાયણ જ કરાઈ છે.

આ રિપોર્ટ શંકાસ્પદ છે ને તેમાં મોટી કંપનીઓને છાવરવાની ખોરી દાનત દેખાઈ જ રહી છે. બોઈંગ અને એર ઈન્ડિયા સહિતની દુર્ઘટના સાથે સંકળાયેલી કંપનીઓ પાસે કરોડો રૂપિયા છે. સામે પાઈલટ્સ બિચારા ગુજરી ગયા છે અને તેમનો કોઈ વાંક નહોતો એવું સાબિત કરનારું કોઈ નથી એ જોતાં બધો દોષનો ટોપલો તેમના પર ઢોળી દેવાય એ શક્ય છે. પ્રારંભિક રિપોર્ટમાં તેનો તખ્તો તૈયાર કરી દેવાયો છે ને અંતિમ રિપોર્ટ એ જ લાઈ પર બનાવીને આખી વાતનું ફીંડલું વાળી દેવાય એવું બને.

### સેક્સ સંબંધિત દવા વાયગ્રા ખુબ નુકસાનકાર રહેલી છે...

# વાયગ્રાથી આંખને ભારે નુકસાન થશે

### સેક્સમાં જોશ વધારી દેવા માટે લોકો કેટલીક વખત દવાઓનો ઉપયોગ કરી નાંખે છે પરંતુ તે ઘાતક પરિણામ લાવી શકે છે

સેક્સમાં જોશ વધારી દેવા માટે કેટલીક વખત લોકો દવાઓનો આડેધડ ઉપયોગ કરી નાંખે છે. પરંતુ આ તમામ પ્રકારની દવાની આડ અસર ખુબ ખતરનાક હોય છે. આ બાબતથી સાવધાન રહેવાની જરૂર છે. વૈજ્ઞાનિક અભ્યાસ બાદ પણ હવે તો આ બાબત સાબિત થઈ ચુકી છે. આ પ્રકારની દવાના કારણે કેટલીક વખત લેવાના દેવા પડી શકે છે. સેક્સ સંબંધિત લોકપ્રિય દવા વાયગ્રાના ઓવરડોઝ ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. વાયગ્રાના ઓવરડોઝ આપની આંખની રોશનીને હમેંશા માટે નુકસાન કરી શકે છે. આ બાબત પણ પોતાના પ્રકારના પ્રથમ અભ્યાસમાં સપાટી પર આવી છે. અમેરિકાના કેટલાક સંશોધકો એવા તારણ પર પહોંચી ગયા છે કે વાયગ્રાના ઓવરડોઝ આપની આંખને ભારે નુકસાન કરી શકે છે. એક ૩૧ વર્ષીય દર્દી તબીબની પાસે ઈમરજન્સીમાં આંખની ફરિયાદને લઈને પહોંચ્યો હતો. તેની ફરિયાદ હતી કે બે દિવસથી તેની આંખથી તમામ ચીજો લાલ દેખાઈ રહી છે. આ વ્યક્તિએ એમ પણ કહ્યુ હતુ કે વાયગ્રા નામની દવા લીધા બાદ તેને આવુ શરૂ થયુ હતુ. આ દવા નોર્મલ ડોઝ લેવા પર આંખોને નુકસાન કરે છે. જો કે સામાન્ય રીતે ૨૪ કલાકમાં સમસ્યા ખતમ થઈ જાય છે. આ દર્દીએ તબીબને કહ્યુ હતુ કે તેને નોર્મલ ડોઝ ૫૦ એમજી કરતા વધારે ડોઝ લઈ લીધો હતો. તેના થોડાક સમય બાદ સમસ્યા શરૂ થઈ ગઈ હતી. ત્યારબાદ તેના રેટિનામાં ટોક્સિક્સ જોવા મળ્યા હતા. સમગ્ર વિશ્વમાં સૌથી વધુ વેચાતી દવાઓમાં સ્થાન ધરાવતી અને સેક્સ પાવરમાં વધારો કરતી વાયગ્રા દવામાં રહેલા સક્રિય ઘટકોના કારણે હૃદય સાથે જોડાયેલી તકલીફો ઓછી થાય છે. નવા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. મિન્નેસોટામાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વાયગ્રામાં સક્રિય ઘટકતત્વો હાર્ટ સાથે સંબંધિત તકલીફોને ઘટાડવામાં ઉપયોગી છે. સંસોધકોએ હાર્ટ ફેલિયોરની તકલીફ ધરાવતા કુતરાઓ સહિત જુદા જુદા પ્રાણીઓ ઉપર અભ્યાસ કર્યા બાદ આ મુજબનો દાવો કર્યો છે. અભ્યાસ કારોને જાણવા મળ્યું છે કે, આ દવાઓમાં રહેલા ઘટકતત્વો હાર્ટની સ્થિતિને સુધારે છે. આ દવા એવા તત્વોને ઘટાડે છે જે તત્વો હાર્ટની તકલીફ માટે જવાબદાર હોય છે. એનિમલ મોડલમાં એક પ્રકારની થેરાપી તૈયાર કરવામાં આવી છે. નવા અભ્યાસના તારણો સપાટી પર આવ્યાં બાદ આવનાર સમયમાં દર્દીઓની સફળ સારવાર માટે નવી આશા જાગી છે. જોકે, આ ઘટકતત્વો કઈ રીતે કામ કરે છે તે અંગે માહિતી આપવામાં આવી નથી. કેટલાક નિષ્ણાંતો અભ્યાસના તારણો સાથે સહમત નથી. નપુંસકતા



વિરોધી દવા વાયગ્રાના હકારાત્મક અને નકારાત્મક પાસાઓ અંગેના સમાચાર વારંવાર મીડિયામાં પ્રકાશિત થતાં રહે છે. આ દવાઓને લઈને વિશ્વભરમાં હોબાળો મચી ચૂક્યો છે. કેટલાક દર્દીઓના મોત પણ થયાં છે. જેથી દવા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યાં હતાં. નવા અભ્યાસના તારણો હાલમાં પ્રકાશિત કરાયા છે.તબીબોના કહેવા મુજબ આના સંબંધ સીધી રીતે વાયગ્રા દવાની સાથે હતા. કેટલાક પ્રકારની સારવાર બાદ પણ તેની આંખને ફાયદો થયો ન હતો. વાયગ્રાની આડ અસરને લઈને વિતેલા વર્ષોમાં પણ કેટલાક નકારાત્મક પરિણામ સપાટી પર આવી ચુક્યા છે. વાયગ્રાને લઈને કેટલાક વિરોધાભાસી રિપોર્ટના તારણ આવ્યા છે. કેટલાક અભ્યાસમાં આ દવાના ઉપયોગથી ફાયદો થાય છે તેમ પણ કહેવામાં આવ્યુ છે. જેમાં કહેવામાં કહેવામાં આવ્યુ છે કે હાર્ટ સાથે સંબંધિત તકલીફને દુર કરવામાં તેની ભૂમિકા રહેલી છે. જો કે નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વાયગ્રા દવાને સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં ન આવે તે નુકસાન થાય છે. આંખને પણ નુકસાન થઈ શકે છે. નવા અભ્યાસના દાવા આ પ્રકારની દવા લેતા લોકોને સાવધાન કરશે.

### બાયોલોજિકલ દ્રષ્ટિએ મહિલા વધારે મજબુત છે, મહિલાઓની વય વધારે છે

હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પુરૂષોની તુલનામાં મહિલાઓની વય વધારે રહે છે. અમેરિકામાં દુરહમ સ્થિત ડ્યુક યુનિવર્સિટીની શોધમાં જાણવા મળ્યુ છે કે બાયોલોજિકલ દ્રષ્ટિથી પુરૂષોની તુલનામાં મહિલાઓ વધારે મજબુત હોય છે. સંશોધનમાં વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે સામાન્ય પરિસ્થતિમાં જ નહી બલ્કે મહામારી અને દુકાળ જેવી જટિલ સ્થિતીમાં પણ મહિલાઓ પુરૂષોની તુલનામાં વધારે સમય સુધી જીવે છે. વિપરિત સ્થિતીમાં પણ યુવતિઓ નવજાત સુવકોની તુલનામાં વધારે સમય સુધી જીવે છે. તેમની બચવાની શક્યતા વધારે રહે છે. ૨૫૦ વર્ષના સાત પેઢીના આંકડા પણ અભ્યાસ કરવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે જેનેટિક્સ અને હાર્મોન મહિલાઓની રોગ પ્રતિકારક સ્થિતીને વધારે મજબુત બનાવે છે. તેમને જુદા જુદા ઈન્ફેક્શનથી પણ બચાવે છે. આ અભ્યાસના તારણ સાથે કેટલાક નિષ્ણાંતો સહમત નથી જેથી વધારે અભ્યાસ કરવાની જરૂર છે. મહિલાઓની વય વધારે કેમ છે તે અંગે વધારે પુરાવા અને અભ્યાસ સાથે બહાર આવવાની જરૂર છે.

### પાકિસ્તાનમાં આમ જનતાની સામે ૨૫ થી ૩૦ ટકા મોંઘવારીનો દર સહન કરવાની પરિસ્થિતિ છે

# ક્રિપ્ટો કરન્સીમાં પાકિસ્તાનને કેમ રસ છે?

### ધ્યાન આપવા જેવી બાબત એ છે કે, પાકિસ્તાન સાથે ડબ્લ્યુએલએફની આ સંધી માટે તેના સહસંસ્થાપક જૈક બિટ કાફ, ચેસ હેરા અને જૈક હોપમેન પાકિસ્તાન આવ્યા હતા

ક્રિપ્ટો કરન્સી એટલે એક એવી ડિજિટલ મુદ્રા કે જેણે લેતી દેતીના ક્ષેત્રમાં આર્થિક પ્રગતિ લાવી છે, પરંતુ આની પ્રવૃત્તિ અનામી છે અને આની પર સરકારનું નિયંત્રણ કોઈ કારણે ન થઈ શકે. ક્રિપ્ટો કરન્સી અત્યાર સુધી દુનિયાના ૨૨૪ દેશમાં માત્ર એક અલ સલ્વાડોર જેની અર્થવ્યવસ્થા માત્ર સો અરબ ડૉલરની છે અને બીજા સેંટ્રલ આફ્રિકન રિપબ્લિકને કાયદેસર ચલણના રૂપમાં સ્વીકાર કરી છે. જ્યારે સોથી વધુ દેશ કોઈ ને કોઈ રૂપમાં આ મુદ્રા સાથે કારોબાર કરે છે, પરંતુ દુનિયાના કોઈ પણ વિકસિત અથવા વિકાસશીલ અથવા કોઈ મોટી અર્થવ્યવસ્થા વાળા દેશે આજ સુધી આ શંકાસ્પદ ચલણને પોતાના કાયદેસર ચલણ તરીકે સ્વીકાર્યું નથી.

આવા શંકાસ્પદ અને આતંકીવાદી પ્રવૃત્તિઓ માટે અનુકુળ ક્રિપ્ટો કરન્સી માટે ઘણા દિવસોથી પાકિસ્તાન કાંઈ વધારે જ ઈન્ટરેસ્ટ દેખાડે છે અને તે પણ અમેરિકાના પગલે ચાલીને. શું આ તેમના કોઈ ટેરર ફંડિંગનો કોઈ નવો ફંડો તો નથી ને? જે પાકિસ્તાનમાં ૨૫ થી ૩૦ ટકાના દર પર મોંઘવારી ચાલી રહી હોય, જે પાકિસ્તાની મુદ્રાનો ભાવ અમેરિકી ડૉલર સામે સાવ રદ્દી જેવો ભાવ થઈ ગયો હોય, તે પાકિસ્તાન આખરે અમેરિકાની કોપી કરી ક્રિપ્ટો કાઉંસિલ જ નથી બનાવ્યું પરંતુ બ્રિટિશ મૂળના પાકિસ્તાની નાગરિક બિલાલ બિન સાકિબને આનો સીઈઓ પણ બનાવી દીધો. છે. હાલમાં થોડા દિવસો પહેલા અમેરિકામાં પાકિસ્તાન દ્વારા બનાવાયેલા સ્ટ્રેટેજીક બિટ ક્વાઈન રિઝર્વનું પણ એલાન કરવામાં આવ્યું છે. પાકિસ્તાનના આ ફેંસલા બાદ આતંકવાદ ફંડિંગ વિશે જાણકાર ચિંતામાં છે કે આ સ્થિતિ બરાબર નથી, શું આ પાકિસ્તાન દ્વારા આતંકવાદને ફંડ પૂરો પાડવાની કોઈ નવી યુક્તિ તો નથી?

પાકિસ્તાન ક્રિપ્ટો કાઉંસિલ (પીસીસી) ના સીઈઓ બિલાલ બિન સાકિબને ૨૭ થી ૨૯ મે સુધી લોસવેગાસમાં આયોજિત બિટ ક્વાઈન રિઝર્વ બનાવવાની ઘોષણા કરી છે. સાથે જ પાકિસ્તાનમાં આ માર્ચથી જ આનન ફાનનમાં ક્રિપ્ટો અને બ્લોકચેનને નિયંત્રિત કરવા માટે પીસીસીની રચના કરવામાં આવી છે. આ તેજી ઘણાય મામલાઓમાં શંકાસ્પદ ગણાય છે, કારણકે પહલગામ આતંકી હુમલાના પાંચ દિવસ પછી ૨૭ એપ્રિલે પીસીસીને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રંપના પરિવારની ક્રિપ્ટો કરન્સી કંપની ડબ્લ્યુએલએફ (વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્શિયલ ) ની સાથે એક સંધી કરી છે. અમેરિકાની આ કંપની ટ્રંપના ત્રણેય દીકરાઓની છે એટલે કે, આ કંપનીમાં ટ્રંપ પરિવારની હિસ્સેદારી ૬૦ ટકાની છે.

ધ્યાન આપવા જેવી બાબત એ છે કે, પાકિસ્તાન સાથે ડબ્લ્યુએલએફની આ સંધી માટે તેના સહસંસ્થાપક જૈક બિટ કાફ, ચેસ હેરા અને જૈક હોપમેન પાકિસ્તાન આવ્યા હતા જ્યાં તેમનો સત્કાર કોઈ શાસનના અધ્યક્ષ તરીકે થયો હતો. જેમકે ચેસ અને હેરાનો ભૂતકાળ ખૂબ જ કલંકિત છે અને જૈક બિટ કાફ ટ્રંપના સૌથી ભરોસાપાત્ર સલાહકાર સ્ટીવ બિટ કાફના પુત્ર છે. આ સ્ટીવ બિટ કાફ એ જ છે, જે પશ્ચિમ એશિયામાં ટ્રંપના વિશેષ દૂત છે અને હાલમાં જ જેણે ટ્રંપની પશ્ચિમ એશિયા યાત્રાની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરેલી. આ માત્ર એક સંયોગ ન હોઈ શકે કે ટ્રંપ રાષ્ટ્રપતિ બન્યો પછી આ વર્ષે માર્ચમાં અમેરિકાએ બિટ ક્વાઈન રિઝર્વ બનાવવાની ઘોષાણા કરી, જો પાકિસ્તાનમાં બનવાવાળી ક્રિપ્ટો કરન્સી રિઝર્વનું ખરેખર કોઈ કનેક્શન ટ્રંપના દીકરાઓવાળી આ કંપની સાથે હોય તો તેમાં કોઈ જ અતિશ્યોક્તિ નથી કે, પાકિસ્તાન અચાનક ટ્રંપની નજરોમાં આટલો મહાન દેશ કઈ રીતે થઈ ગયો?

પાકિસ્તાનની અર્થવ્યવસ્થાની જે હાલત છે તે કોઈનાથી છૂપી નથી. ફક્ત ૩૦ અરબ ડૉલરની નિકાસવાળા પાકિસ્તાન, ભારત જેવા દેશ સામે ટકરાવવાની હિંમત કરે છે, જ્યારે ભારતની નિકાસ ૯૩૦ અરબ ડૉલરથી વધું છે. પાકિસ્તાનનું સ્થૂળ ઘરેલું ઉત્પાદન ૩૪૦ અરબ ડૉલર છે. જ્યારે ભારતની ૪ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા છે. પાકિસ્તાન પાસે મુશ્કેલીથી ૩૦ અરબ ડૉલર વિદેશી મુદ્રા છે જેમાંથી ૧૦ અરબ ડૉલર હાલમાં જ આઈએમએફથી બેલ પેકેજના રૂપમાં મળેલી ધનરાશી છે. જ્યારે ભારતનું ફોરેન રિઝર્વ આ સમયે ૬૭૦ અરબ ડૉલરની ઉપર છે અને થોડા મહિના પહેલા સુધી આ ૭૨૧ અરબ ડૉલરની ઉપર હતું.પાકિસ્તાનની આ દયાજનક સ્થિતિ કોઈનાથી છૂપી નથી. તેનો ૧૨૫ અરબ ડૉલરથી પણ વધારે વિદેશી કર્જો અને તેની પર આપેલું વ્યાજ પાકિસ્તાનની કુલ જીડીપીથી લગભગ અડધું છે. પાકિસ્તાનમાં આમ જનતાની સામે ૨૫ થી ૩૦ ટકા મોંઘવારીનો દર સહન કરવાની પરિસ્થિતિ છે, તો ૧૫ થી ૨૦ ટકા યુવા બેરોજગારીથી આ દેશ ઝઝૂમી રહયો છે.પાકિસ્તાન પોતાની કુલ આયાતમાંથી મુશ્કેલીથી એક કે બે મહિનાના પોતાના બિલ ફોરેન રિઝર્વથી ચૂકવી શકે છે. આટલી ખરાબ સ્થિતિ હોવા છતાં પણ જો પાકિસ્તાન બિટ ક્વાઈનને લઈને જો ઉત્સાહિત હોય તો એ ખરેખર ચિંતાનો વિષય છે. પાકિસ્તાન પર પહેલા જ આરોપો લાગેલા છે કે તે જૈશ- એ- મોહમ્મદ, લશ્કર-એ- તૈયબા અને હક્કાની નેટવર્ક જેવા સંગઠનોને ન માત્ર સમર્થન આપે છે પરંતુ તેને આર્થિક મદદ પણ કરે છે. પરંતુ દુનિયાના બેંકિંગ સિસ્ટમ દ્વારા પાકિસ્તાનના આ ફંડિંગ પર નજર રાખવાને કારણે એમાં મુશ્કેલીઓ આવે છે. તો આનો અર્થ એ થાય કે, પાકિસ્તાન હવે આતંકવાદીઓની મદદ ક્રિપ્ટો કરન્સી દ્વારા કરશે?જ્યારથી પાકિસ્તાન એફએટીએફ એટલે કે, ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સની ગ્રે લિસ્ટમાં આવ્યું હતું, ત્યારથી વારંવાર ચેતવણી આપ્યા પછી પણ તે આતંકી ફંડિંગને નહોતું રોકી શકયું, તેથી જ બેંકિંગ ચેનલો પર નિરીક્ષણ વધારી દીધું છે. ભારત સરકારને પાકિસ્તાનની આ ક્રિપ્ટો તરફ વધતા પગલાને પૂરી દુનિયાની સામે ટેરર ફંડની શંકાસ્પદ રૂપમાં રાખવું જોઈએ જેમાં ટ્રંપના દીકરાઓની માલિકીવાળી કંપનીના નીજી સંબંધનો પણ ખુલાસો કરવો જોઈએ નહીં તો આવનારા દિવસોમાં પાકિસ્તાનની આ ટેરર ફંડિંગની નવી કોશિશ આપણા માટે મોટું જોખમ ઊભું કરી શકે છે.



# ‘ધુરંધર’ માટે થાઈલેન્ડમાં ભીંડી બજારનો સેટ બન્યો

## ૩૦૦ લોકોની મહેનતથી ઊભો કરાયો વિશાળ સેટ

જ્યારથી રણવીરની ‘ધુરંધર’નું ટ્રેલર લોંચ થયું છે, ત્યારથી આ ફિલ્મ સતત ચર્ચામાં છે. પછી તે રણવીરનો નવો અવતાર હોય કે પછી આ ફિલ્મની કાસ્ટ હોય. ફિલ્મ વિવિધ મુદ્દે સતત ચર્ચામાં છે, પરંતુ એક વાત હજુ બહુ ઓછા લોકોના ધ્યાનમાં આવી છે કે આ ફિલ્મમાં જે ભીંડી બજારની ગલીઓ દેખાય છે, તે ખરેખર થાઈલેન્ડ છે. એક વર્ષથી પણ વધુ સમયના લોહી, પાણી, પરસેવો અને ઉજાગરાના અંતે આ ફિલ્મ જકડી રાખે એવી ફિલ્મ તૈયાર થઈ છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મના પ્રોડક્શન ડિઝાઈનર સૈની એસ જોહરાએ એક ખુલાસો કર્યો કે તેમાં દેખાતી પાકિસ્તાનની ગલીઓ ખરેખર થાઈલેન્ડમાં બનાવાઈ છે.

સૈની જોહરાએ જણાવ્યું કે તેમને ‘ધુરંધર’ માટે આ મહાકાય બજારનો સેટ ખડો કરતા લગભગ ત્રણ મહિનાથી પણ લાંબો સમય થયો હતો. માર્ચથી એપ્રિલ સુધી તેમણે અને તેમની ટીમે સેટની ડિઝાઈન પર કામ કર્યું હતું અને જૂન મહિનામાં બધા લોકેશનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. જુલાઈમાં તેમણે શૂટિંગ શરૂ કરી દીધું હતું. આગળ તેમણે એમ પણ જણાવ્યું કે, તેમના ૧૨ ડિઝાઈનરની ટીમ દિવસના ૧૨ કલાક સુધી સતત કામ કરતી રહી હતી, કારણ કે આ બહુ મોટી ફિલ્મ છે.

તેમણે જણાવ્યું, “મને લાગે છે, મારી કેરિઅરમાં આ એવી ફિલ્મોમાંની એક છે, જેમાં સૌથી વધુ લોકેશન પર કામ કર્યું છે.” તેમણે પાકિસ્તાનની ગલીઓ થાલેન્ડમાં કઈ રીતે ઉભી કરી, તે અંગે વાત કરતા જણાવ્યું હતું કે તેમણે અખબારના સમાચારોમાંથી ઘણી માહિતી મળી હતી, એ ઉપરાંત કેટલાંક જૂના વીડિયો અને પાકિસ્તાનના ચોક્કસ વિસ્તારોના સમાચારના આધારે આ સેટ ડિઝાઈન કરી હતી. ત્યાર પછી તેમણે થાઈલેન્ડમાં અને મઢ આઈલેન્ડમાં ૬ એકર જમીન પર વિશાળ સેટ બનાવ્યો હતો. પાકિસ્તાનની ગલીઓ થાઈલેન્ડમાં જ કેમ બનાવવી પડી, એ અંગે જોહરાએ કહ્યું કે તેમની જે સ્ટારકાસ્ટ હતી, તેમની સાથે મુંબઈમાં બધું શૂટ કરવું શક્ય નહોતું. તેઓ આ પ્રકારના શૂટ કોઈ સ્ટુડિયોમાં કરી શકે તેમ પણ નહોતા, કારણ કે તેમને ૬ એકરની મોટી જગ્યાની જરૂર હતી. બીજું કારણ એ પણ હતું કે શૂટિંગ જુલાઈ મહિનામાં થતું હતું અને એ વખતે મુંબઈમાં ભારે વરસાદની મોસમ હોય છે, તેથી તેઓ મુંબઈમાં સેટ બનાવી શકે તેમ નહોતા. તેથી તેમણે થાઈલેન્ડમાં શૂટ કરવાનું નક્કી કરવું પડ્યું, જ્યાં તેમના માટે ભવ્ય સેટ બનાવવો સરળ હતો.

તેમણે ૨૦ દિવસ સુધી ૨૦૦-૩૦૦ થાઈ લોકો સાથે મળીને આ સેટ તૈયાર કર્યો હતો. જોહરાએ જણાવ્યું, “થાઈ લોકોને ખબર નથી કે ભીંડી બજાર કેવું દેખાય છે, તેથી મારે એ ધ્યાન રાખવાનું હતું કે બધું જ ૧૦૦ ટકા વાસ્તવિક દેખાય અને એ થાઈલેન્ડ છે એવું ન દેખાય. જો તમે ટીઝર જોશો તો તમને ખબર પણ નહીં પડે.”

# કોરિયન સ્ટાર જેક્સન વેંગ કપિલ શર્માના શો પર આવ્યો અને લોકોએ તેને ઓળખ્યો જ નહીં

## લોકોને જેક્સન વેંગના જોક્સ તો ગમ્યા, પણ ઓળખ્યો નહીં તો એ તે દુઃખી થઈ ગયો

કપિલ શર્માના શોમાં તાજેતરના એપિસોડમાં કે-પોપ સ્ટાર જેક્સન વેંગ હાજર રહ્યો હતો. આકર્ષક દેખાવ અને રમુજથી તેણે કહેલાં કેટલાંક જોક્સથી લોકો હસ્યા તો હતા અને લોકોને મજા પણ આવી હતી. પરંતુ તેના એક નિવેદનથી ઈન્ટરનેટ પર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.


જેક્સને ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’માં કહ્યું, “હું ભારતમાં આ બીજી વખત આવ્યો છું, પરંતુ ક્લબ્ઝમાં કોઈ મને ઓળખતું નથી. જ્યારે પણ કોઈ મને ઓટોગ્રાફ માટે પુછે છે તો એ હંમેશા કોઈ ફ્રેન્ડ માટે જ હોય છે. તેમના પોતાના માટે ક્યારેય નહીં. કદાચ ભારતમાં આ મારી છેલ્લી મુલાકાત છે. હું દુઃખી છું.” આ વાતથી કેટલાંક લોકો હસ્યાં તો કેટલાંક નિઃરાશ પણ થયાં હતાં.

જ્યારે કપિલ શર્માએ શોમાં હાજર લાઈવ ઓડિયન્સને પૂછ્યું કે તેમાંથી જેક્સનના ફેન કેટલાં છે, તો લગભગ દરેકે હાથ ઊંચા કર્યા હતા. ત્યારે જેક્સન હસી પડ્યો હતો અને કહ્યું, “આ બધાં સારા



એક્ટર્સ છે” અને તેણે માહોલ હળવો કરી દીધો હતો.

આ એપિસોડની આ વાતની ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ હતી, જેમાં ઘણા ફેન્સ દ્વાર જેક્સનને વચન આપવામાં આવ્યું હતું કે તે ભારતમાં ઘણો લોકપ્રિય છે, ઘણા લોકોએ તેનાં વખાણ કરીને તેને ફરી ભારતમાં આવવા માટે આમંત્રણ આપ્યું હતું, તેની આ રમુજમાં કરાયેલી ફરિયાદ સોશિયલ મીડિયામાં એક ટ્રેન્ડિંગ મુદ્દો બની ગયો હતો. તાજેતરમાં જેક્સન ભારતમાં તેના નવા મ્યુઝિક આલ્બમ ‘મેજિકમેન ૨’ના પ્રમોશન માટે આવ્યો હતો. કપિલના આ શોમાં તેની સાથે જયદીપ આહ્લાવત, વિજય વર્મા, પ્રતિક ગાંધી અને જિતેન્દ્ર કુમાર પણ આવ્યા હતા. જેક્સન વેંગ કે પોપ ગ્રુપ જીઓટી૭નો સભ્ય છે અને હવે તે સોલો પ્રોડક્શન્સ કરે છે. તે ૨૦૨૩માં પહેલી વખત ભારત આવ્યો હતો અને લોલાપલૂઝા ઈન્ડિયા માટે પર્ફોર્મ કર્યું હતું. તેણે આ પહેલાં દિલજિત દોસાંજના ગીત ‘બક’માટે પણ કોલબરેશન કર્યું હતું. તેની આ મુલાકાત દરમિયાન તેની અને દીશા પટ્ટણીની તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી.



# ‘અમારા બાળકને પહેલાં ‘માલિક’ બતાવવું નથી’

### રાજકુમાર રાવ અને પત્રલેખાએ પોતાના બાળકને હિંસક પાત્રોથી દૂર રાખવાનું વિચાર્યું

રાજકુમાર રાવ અને પત્રલેખા બંને ટેલેન્ટેડ કલાકારોએ બે દિવસ પહેલાં સોશિયલ મીડિયા પર તેમનાં પહેલાં બાળક અંગે જાહેરાત કરી હતી. એક ફોટો શેર કર્યો હતો, જેમાં લખ્યું હતું, ‘બેબી ઓન ધ વે’. તેની કેપ્શનમાં લખ્યું હતું, ‘ઈલેટેડ’. બીજી તરફ રાજકુમારની ફિલ્મ ‘માલિક’ શુક્રવારે રિલીઝ થઈ છે. તેના પ્રમોશનમાં પણ રાજકુમાર વ્યસ્ત છે. નાના શહેરના એક નકામા અને લગ્નવાંચ્છુંક છોકરાના રોલ કર્યા પછી હવે લાંબા સમયે રાજકુમાર આ ફિલ્મમાં એક દમદાર રોલમાં જોવા મળે છે.

જ્યારે કોઈ કલાકાર આ પ્રકારનો નકારાત્મક અને ડાર્ક રોલ કરે ત્યારે કલાકાર ભાવનાત્મક રીતે ખર્ચાઈ જાય છે, રણવીર સિંહે પણ જ્યારે ભણસાલીની ‘પદ્માવત’માં ખિલજીનો રોલ કર્યો ત્યારે કેણે આ અંગે વાત કરી હતી, તે તેના પર આ રોલની ઘણી ઊંડી અસર થઈ હતી. પરંતુ રાજકુમારની આ પ્રકારના રોલ માટે અલગ રીત છે અને અલગ દૃષ્ટિકોણ છે. રાજકુમારે આ પ્રકારના રોલ અંગે વાત કરતા કહ્યું, “આ પ્રકારના રોલમાંથી બહાર આવવું તેમાં પ્રવેશવા કરતાં વધુ અઘરું છું. કારણ કે એમાં પ્રવેશતી વખતે તમે હજુ સમજવાની કોશિશમાં હોય. તમે દાઢી વધારવાની પ્રક્રિયામાં હોય, પછી લોકોને મારતા અને પીટતા હોય, એટલે એમાં સમય લાગે છે. એ પાત્રનું હાર્દ સમજવું એ પણ એક સંપૂર્ણ રીતે અલગ બાબત છે. કારણ કે મેં આ પહેલાં ક્યારેય આટલું ગુસ્સાવાળું પાત્ર ભજવ્યું નથી, કોઈ આટલું શક્તિશાળી. તેનું નામ જ માલિક છે, એટલે મને એમાં સમય લાગ્યો. પરંતુ એક વખત તમે એમાં ઘુસી જાઓ પછી બહુ મજા આવે છે. પછી સમગ્ર સફર મજાની થઈ જાય છે.”

એક હિંસક પાત્ર ભજવવા અંગે વાત કરતાં પત્રલેખાએ કહ્યું, “મને યાદ છે, રાજકુમાર જ્યારે ઓમેર્તા માટે શૂટ કરતો હતો, ત્યારે હું પણ દિલ્હીમાં હતી. મને થઈ ગયું કે, “આ શું છે?” ખરેખર તો મને ઘણું વિચિત્ર લાગ્યું. મને લાગે છે એને ખ્યાલ પણ નથી આવતો, તેનાથી બધું જ અજાણતા જ સહજ રીતે થઈ જાય છે.”

જ્યારે તેમને પુછાયું, કે તેમનું બાળક પહેલી ફિલ્મ ‘માલિક’ જ જોશે કે નહીં, ત્યારે રાજકુમાર હસી પડ્યો હતો. તેણે કહ્યું, “ના ના, એ ફિલ્મ નહીં.”

રાજકુમારે એક ઈવેન્ટમાં પિતા બનવા અંગે કહ્યું, “હું એક બહુ સારો પિતા બનીશ, હું એક બહુ સારો પતિ છું તેથી હું બહુ ધ્યાન રાખું છું.”

છેલ્લે પત્રલેખાની ફિલ્મ ફુલે આવી, જેમાં તેના અભિનયના વખાણ થયા. તેણે આ ફિલ્મમાં સાવિત્રિબાઈ ફુલેનો રોલ કર્યો હતો, જેમણે ભારતમાં છોકરીઓ માટેની પહેલી શાળા શરૂ કરી હતી. આ ફિલ્મના અનુભવ વિશે વાત કરતાં પત્રલેખાએ જણાવ્યું કે અંતે પોતાની નોંધ લેવાય બાબત તેના માટે ભાવુક કરી દે એવી હતી. પત્રલેખા કહે છે, “હું ખરેખર ખુશ હતી. પરંતુ ભાવુક પણ થઈ ગઈ હતી. ખબર નહીં, રાજ તું જણાવ.” પત્નીની વાતને આગળ વધારતા રાજકુમાર રાવે જણાવેલું, “એ બહુ ખુશ હતી, પણ તમને ખ્યાલ છે, ‘આઈસી ૮૧૪ ધ કંદહાર હાઈજેક’ પછી લોકો તેને થોડી ઓળખતાં થયાં. જ્યારે તમે થોડું ચુકી ગયાં પછી કશુંક મેળવો તો તમને વધુ પ્રોત્સાહન મળે છે.” વર્ષોથી કરેલી મહેનત અચાનક ઉગી નીકળી હોય તેવો અનુભવ ઘણાં લોકોને થતો હોય છે.

પત્રલેખાએ આ અંગે કહ્યું, “યોગ્ય કામ કરવું, યોગ્ય રસ્તે જવું અને અચાનક ખૂબ વખાણ થવા માંડે અને તમને સમજાય નહીં કે એ ખરેખર તમારા માટે જ છે કે નહીં. હા, મને યાદ છે, મેં જ્યારે ‘આઈસી ૮૧૪ ધ કંદહાર હાઈજેક’ના રીવ્યુ વાંચ્યા ત્યારે હું રડી પડતી હતી. હું રાજ પાસે ગઈ અને રડવા માંડી હતી અને એ ગભરાઈ ગયો હતો કે, ‘શું થઈ ગયું તને?’ આટલા વર્ષો પછી તમારા કામની આ રીતે નોંધ લેવાય એટલે શું કરવું તે પણ સમજાતું નથી.”

**રાજકુમારે એક ઇવેન્ટમાં પિતા બનવા અંગે કહ્યું, “હું એક બહુ સારો પિતા બનીશ, હું એક બહુ સારો પતિ છું તેથી હું બહુ ધ્યાન રાખું છું.”છેલ્લે પત્રલેખાની ફિલ્મ ફુલે આવી, જેમાં તેના અભિનયના વખાણ થયા. તેણે આ ફિલ્મમાં સાવિત્રિબાઇ ફુલેનો રોલ કર્યો હતો,**




# અનીત પડ્ડા અને અહાન પાંડેની ‘સૈયારા’માં ‘નો પ્રમોશન’ નિર્ણય યશરાજને મોંઘો પડશે?

આજે એવો સમય છે, કે ‘જો દિખતા હૈ વો બિકતા હૈ’, લોકો ફિલ્મના ટ્રેલર જોઈને ફિલ્મ જોવા જવું કે નહીં તે નક્કી કરે છે. આ વાત બોલિવૂડના નિષ્ણાતો પણ માને છે. ત્યારે ઈન્સ્ટાગ્રામ પર જોઈને નિર્ણય લેતી અને દરેક વાત ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને જ લોકોને તેની નોંધ લેવડાવતી જનરેશનના બે નવા કલાકારોની ફિલ્મ કોઈ પણ પ્રકારના પ્રમોશન વિના રિલીઝ કરવાનો નિર્ણય કેટલા અંશે યોગ્ય? યશરાજ ફિલ્મ્સે અહાન પાંડે અને અનીત પડ્ડાની ફિલ્મ ‘સૈયારા’ને પ્રમોશન વિના જ જૂની પદ્ધતિથી સીધી જ રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે. ફિલ્મનું ટ્રેલર ઘણા લોકોને ગમ્યું છે અને ફિલ્મના ગીતો પણ ઘણા લોકોને પસંદ આવી રહ્યાં છે, તેમ છતાં પ્રમોશન વિના કેટલાં લોકોને તે થિએટર સુધી ખેંચી લાવી શકશે, તે એક પ્રશ્ન છે.

૯૦ના દાયકામાં એવું માનવામાં આવતું કે લોકોને ફિલ્મ વિશે વધુ માહિતી પહેલાંથી આપી દેવી યોગ્ય નથી. બ્રાન્ડિંગ અને માર્કેટિંગનો જમાનો આવ્યો અને સોશિયલ મીડિયાનું ચલણ આટલું વધી ગયું એ પહેલાં બોલિવૂડમાં ફિલ્મ પ્રમોશન એ કોઈ પણ ફિલ્મ મેકર કે પ્રોડ્યુસર માટે પ્રાથમિકતા હતું જ નહીં. કલાકારો માત્ર તેમની એક્ટિંગ પર ધ્યાન આપતાં હતાં. તેમનું ૧૦૦ ટકા પ્રદાન આપતાં અને ફિલ્મ રિલીઝ થવાની હોય એ પહેલાં કેટલાંક સારા ઈન્ટરવ્યૂ આપતાં હતાં. આટલું જોર-શોરથી પ્રમોશન નહોતું થતું તેમ છતાં લોકો થિએટરમાં આવતા અને ફિલ્મ જોતાં હતાં.

૯૦ના દાયકામાં શાહરુખ ખાન, જુહી ચાવલા, સોનાલી બેન્દ્રે, સલમાન ખાન કે આમિર ખાન આ રીતે અલગ અલગ શહેરોમાં ફરીને બધા મોલમાં નહોતાં જતાં કે ફેન્સ માટે પર્ફોર્મન્સ આપીને ફિલ્મનાં પ્રમોશન નહોતાં કરતાં. છતાં તેમની ફિલ્મ ક્લાસિક ગણાતી અને કમાતી પણ ખરી.

આ વાસ્તવિકતા સમજવા માટે બહુ વર્ષો પહેલાંની યાદો સુધી પહોંચવાની પણ જરૂર નથી, રિતિક રોશને ડેબ્યુ કર્યું, એ યાદ કરો. તમે ‘કહોના પ્યાર હૈ’ રિલીઝ થઈ એ પહેલાં તેના વિશે કેટલું જોયું હતું કે સાંભળ્યું હતું. એના કરતાં તો જ્યારે ફિલ્મ ફરી રિલીઝ થઈ ત્યારે વધુ જોવા-સાંભળવા મળ્યું હતું. છતાં તે રાતોરાત એક સુપરસ્ટાર બની ગયો હતો અને લોકો તેને ‘ગ્રીક ગોડ’ કહેવા માંડ્યા હતા, ત્યારે કોઈ સોશિયલ મીડિયા પણ નહોતું.

આજે ફિલ્મ મેકર્સ અને પ્રોડ્યુસર્સનો પ્રમોશનનો ખર્ચ એક અલગ પડકાર થઈ ગયો છે. તેમના માટે પ્રમોશનનો તબક્કો ઘણી વખત એક ખરાબ સપના જેવો બની જતો હોય છે, એવાં શીડ્યુલ હોય છે કે ખાવા-પીવા કે ઉંઘવાના કોઈ સમય જળવાતા નથી. સતત અલગ અલગ શહેરોમાં મુસાફરી કરવી પડે છે અને પ્રમોશન માટે વિવિધ પ્રકારની સ્ટ્રેટેજી બનાવવી પડે છે. કલાકારો સતત ઈન્ટરવ્યૂ આપતાં ફરે છે,


# મધુર ભંડારકર સ્ટાર વાઇફના રહસ્યો ખોલશે

મધુર ભંડારકરની ફિલ્મમાં સોનાલી કુલકર્ણી, મૌની રોય, રેજિના કસાંદ્રા જેવા કલાકારો મહત્વની ભૂમિકા નિભાવશે. બોલિવૂડના જાણીતા ફિલ્મમેકર્સ મધુર ભંડારકર ત્રણ વર્ષ પછી એક દમદાર સ્ટોરી સાથે આવી રહ્યા છે. આ વખતની ફિલ્મ પહેલા કરતા સહેજ ‘હટકે’ છે. મધુર ભંડારકર સ્ટાર વાઈફની બિહાઈન્ડ ધ લાઈમલાઈટ સ્ટોરી પડદા પર દેખાડશે. આ ફિલ્મમાં કેટલાય ટેલેન્ટેડ સ્ટાર્સ જોવા મળશે.

મધુર ભંડારકરની ફિલ્મમાં સોનાલી કુલકર્ણી, મૌની રોય, રેજિના કેસાંદ્રા, રાહુલ ભટ્ટ, સૌરભ સચદેવા, અર્જુન બાજવા અને ફ્રેડી દારુવાલા જેવા કલાકારો મહત્વની ભૂમિકા નિભાવશે. દિગ્દર્શકે ફિલ્મનું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. જોકે, હજુ સુધી ફિલ્મ રિલીઝની તારીખની જાહેરાત કરવામાં આવી નથી. મધુર ભંડારકર પોતાની ફિલ્મોમાં સમાજના વિવિધ વર્ગો અને તેમની જીવનશૈલી નજીકથી દેખાડતા રહ્યા છે. પછી એ ‘ચાંદની બાર’માં ગર્લ્સનું જીવન હોય કે ‘ફેશન’માં મોડલિંગની દુનિયા હોય કે પછી ‘પેજ ૩’માં હાઈ સોસાયટીનું સત્ય હોય. હવે એ ‘ધ વાઈવ્ઝ’ની સાથે બોલીવુડના સૌથી શક્તિશાળી પરંતુ પડદા પાછળ રહેતા ચહેરાઓ સ્ટાર વાઈવ્ઝ પર ફોકસ કરશે. આ ફિલ્મ ગ્લેમર અને પર્સનલ લાઈફની વચ્ચે સંતુલન, પડકાર અને અજાણ્યા બલિદાનોની એક ઝલક રજૂ કરશે. મધુર પીજે મોશન પિક્ચર્સના પ્રણવ જૈનની સાથે ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. બંનેની ઈન્ડિયા લોકડાઉન પછીની એ બીજી ફિલ્મ છે. મધુર ભંડારકરે પોતાની આગામી ફિલ્મ ‘ધ વાઈવ્ઝ’ અંગે કહ્યું કે, આ ફિલ્મની સાથે હું એ મહિલાઓના રહસ્યો, સંઘર્ષો અને શક્તિ દેખાડવા ઈચ્છું છું, જે ચર્ચામાં રહે છે, તેમ છતાં તેમની સ્ટોરી ઘણીવાર અજાણી રહી જાય છે.

પ્રોડ્યુસર પ્રણવ જૈને મુવી અંગે કહ્યું કે, પીજે મોશન પિક્ચર્સમાં અમે એવી સ્ટોરીઓને આગળ વધારવા માટે વિશ્વાસ કરીએ છીએ જે સમાજને અરીસો દેખાડે. મધુર સરની સાથે ફરીથી કામ કરવું એ એક સન્માનની વાત છે.





# શિલ્પા શેટ્ટીને મલયાલમ ફિલ્મોમાં કામ કરતા ડર કેમ લાગે છે?

### પોતાના પરફોર્મન્સથી પાત્ર સાથે ન્યાય નહીં થાય તેવું શિલ્પાને લાગે છે

ખૂબસૂરત એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીએ હિન્દી ફિલ્મોની સાથે-સાથે તમિલ-તેલુગુ સહિત કેટલીયે ભાષાની ફિલ્મોમાં કામ કર્યું છે. પરંતુ શિલ્પાએ હજુ સુધી મલયાલમ ફિલ્મોમાં કામ કર્યું નથી. તાજેતરમાં શિલ્પાએ આ માટેનું કારણ દર્શાવીને કહ્યું કે, એ કેટલીયે મલયાલમ ફિલ્મોમાં કામ કરવાની ઓફર ફગાવી ચૂકી છે કેમ કે તેને લાગે છે કે તે પોતાના પર્ફોર્મન્સથી આ ભાષાની ફિલ્મોને ન્યાય નહિ આપી શકે.

૯૦ના દાયકાની ક્વીન શિલ્પા શેટ્ટી બોલીવુડની સફળ અભિનેત્રીઓ પૈકીની એક રહી છે. આજે પણ મોટા પડદા પર પોતાનો ચાર્મ દેખાડવાં પાછળ રહેતી નથી. હાલ શિલ્પા પોતાની કન્નડ ફિલ્મની તૈયારી કરી રહી છે. આ દરમિયાન શિલ્પાએ ખુલાસો કર્યો કે તેણે હજુ સુધી મલયાલમ ફિલ્મોમાં કેમ કામ કર્યું નથી ?

શિલ્પા શેટ્ટીએ પોતાની કારકિર્દીમાં કેટલીયે સુપરહિટ ફિલ્મો આપી છે. શિલ્પા કોચિનમાં પોતાની આવનારી ફિલ્મ ‘કેડી ધ ડેવિલ’ના ટીજર લોન્ચ ઈવેન્ટમાં સામેલ થઈ હતી. આ દરમિયાન શિલ્પાએ કહ્યું કે, મને મલયાલમમાં પણ કેટલીક ફિલ્મોની ઓફર મળી છે, પરંતુ મેં ક્યારેય હા પાડી નથી, કારણ કે હું ડરી ગઈ છું. કારણ કે મને લાગે છે કે હું મારા પરફોર્મન્સથી પાત્રની સાથે ન્યાય કરી શકીશ નહીં. આ સાથે શિલ્પાએ એમ પણ કહ્યું કે, એક અભિનેત્રી તરીકે મને મલયાલમ ફિલ્મો ખૂબ ગમે છે અને આ ઈન્ડસ્ટ્રીમાં લાગણીઓને જે રીતે રજૂ કરવામાં આવે છે, તેનાથી મને આશ્ચર્ય પણ છે. મને ભરોસો નથી થતો કે જો હું મલયાલમ ફિલ્મોમાં કામ કરું તો મારા પાત્રની સાથે ન્યાય કરી શકીશ કે નહીં. પરંતુ જોઈએ કે કદાચ હું એક દિવસ કોઇ મલયાલમ ફિલ્મમાં અભિનય કરીશ.

શિલ્પા શેટ્ટીએ એમ પણ કહ્યું કે હું જ્યારે પણ મલયાલમ ફિલ્મ કરીશ તો મોહનલાલની સાથે કામ કરવાનું પસંદ કરીશ. ઉલ્લેખનીય છે કે, શિલ્પા શેટ્ટી હાલ પોતાની ફિલ્મ ‘કેડી ધ ડેવિલ’ પર ધ્યાન આપી રહી છે. આ ફિલ્મ ૧૦મી જુલાઈ ૨૦૨૬એ થિયેટરોમાં રિલીજ થશે. આ ફિલ્મમાં શિલ્પાની સાથે અલાવાધ્રુવ સરજા, રેશમા નાનાય્યા અને સંજય દત્ત લીડ રોલમાં છે.

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલિંગ કામ**

Sr.DSTE/નોર્થ/ મુંબઈ સેન્ટ્રલ ૨જો માળ, ડિવિઝનલ રેલવે, મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ટેન્ડર નં. SG_૨૧૬_૨_૧૧૪_WA_ST, તા. ૧૪.૦૭.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનના ADSTE / સુરતના અધિકારક્ષેત્ર હેઠળ ડિફેક્ટિવ/ઓવરેજેડ મિડલાઈફ સિગ્નલિંગ ગીયર્સની રિલેબીલીટી સુધારણા અને બદલીનું કામ સાથેના સંબંધમાં સિગ્નલિંગ આઈટમોની સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદા. કિંમતઃ ₹ ૨,૩૩,૫૧,૬૬૧.૫૩. બારડીઃ ₹ ૨,૬૬,૮૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૧.૦૮.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૧.૦૮.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0400

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ભારતીય વિમેન્સ ટીમ ટી૨૦ બાદ વન-ડે સિરીઝ જીતવા આતુર




ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ સિરીઝ જીત્યા બાદ ઉંચા આત્મિશ્વાસમાં રમી રહેલી ભારતીય મહિલા ક્રિકેટ ટીમ બુધવારથી શરૂ થઈ રહેલી ત્રણ મેચની વન-ડે ક્રિકેટ સિરીઝમાં રમશે ત્યારે અહીં પણ ઇંગ્લેન્ડને હરાવીને સિરીઝ જીતવા આતુર રહેશે. ભારતીય સમય મુજબ સાંજે ૫.૩૦ કલાકથી ભારત અને ઈંગ્લેન્ડ વિમેન્સ વચ્ચેની પ્રથમ વન-ડે મેચનો પ્રારંભ થશે. આ સપ્તાહે વિમેન્સ ઇન બ્લૂ ટીમે ઇતિહાસ રચીને ઇંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી૨૦ સિરીઝ ૩-૨થી જીતી લીધી હતી. હવે આ વર્ષના અંત ભાગમાં ભારતમાં યોજાનારા વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને હરમનપ્રિત કૌરની ટીમ રમતના આ ફોર્મેટમાં પણ પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરશે.ભારતે છેલ્લે મે મહિનામાં વન-ડે ક્રિકેટ સિરીઝ રમી હતી. તે વખતે શ્રીલંકા અને સાઉથ આફ્રિકા સામેની ત્રિકોણીય સિરીઝમાં તેનો વિજય થયો હતો. હવે ઇંગ્લેન્ડ સામે પણ એવું જ ઉચ્ચ દરજ્જાનું પ્રદર્શન કરીને તેઓ વર્લ્ડ કપ અગાઉ પોતાને સજ્જ કરવાનો પ્રયાસ કરશે.તાજેતરના સમયમાં ભારતીય વિમેન્સ ટીમે તેના અભિગમમાં ફેરફાર કર્યો છે. તે હવે વન-ડે મેચમાં શક્ય તેટલી વાર ૩૦૦+ નો સ્કોર રજૂ કરવાનો પ્રયાસ કરતી જોવા મળે છે. ત્રિકોણીય વન-ડે સિરીઝમાં ભારતીય ટીમે ૨૭૬, ૨૭૫, ૩૩૭ અને ૩૪૨ જેવા સ્કોર ખડક્યા હતા.

કેપ્ટન હરમનપ્રિત કૌરે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં અમે જ્યારે પણ ૫૦ ઓવરના ક્રિકેટમાં રમ્યા છીએ ત્યારે અમારું ફોકસ ૩૦૦ના આંક સુધી પહોંચવાનું રહ્યું છે. આમ થવાથી બોલરને થોડી રાહત મળી જતી હોય છે. અગાઉ અમારી પાસે પાંચ બોલરનો વિકલ્પ રહેતો હતો અને એ સંજોગોમાં જો અમે બોર્ડ પર પર્યાપ્ત સ્કોર મૂકી શકીએ નહીં તો બોલિંગ પર દબાણ રહેતું હતું. હવે અમે ચાર સ્પિનર સાથે પણ ટી૨૦માં રમી શકીએ છીએ. મને લાગે છે કે અમારા બદલાયેલા અભિગમની અસર પડી છે.આ સિરીઝમાં યુવાન ઓપનર પ્રતિકા રાવલને ફરી એક વાર શેફાલી વર્માને સ્થાને તક મળી છે. શ્રીલંકામાં ત્રિકોણીય વન-ડે સિરીઝ દરમિયાન પ્રતિકા રાવલે સૌથી ઓછી મેચ રમીને ૫૦૦ રન પૂરા કરવાનો રેકોર્ડ નોંધાવીને સૌને પ્રભાવિત કર્યા હતા.

બંને ટીમ: ભારત વિમેન્સ: હરનપ્રિત કૌર (સુકાની), સ્મૃતિ મંધાના, પ્રતિકા રાવલ, હરલિન દેઓલ, જેમિમાહ રોડ્રિગ્સ, રિચા ઘોષ, યાસ્તિકા ભાટીયા, તેજલ હસબનિસ, દિપ્તી શર્મા, સ્નેહ રાણા, શ્રી ચરાણી, સૂચિ ઉપાધ્યાય, અમનજોત કૌર, અરૂંધતી રેડ્ડી, ક્રાંતિ ગૌડ, સયાલી સાટઘરે.

ઈંગ્લેન્ડ વિમેન્સ: નેટ સિવર બ્રન્ટ (સુકાની), એમ આર્લોટ, ટેમ્મી બ્યુમોન્ટ, લૌરેન બેલ, મેયા બુચર, એલિસ કાપ્સે, કેટ ક્રોસ, એલિસ ડેવિડસન-રિચાડ્ર્સ, ચાર્લી ડીન, સોફી એકેલસ્ટન, સોફી ડન્કલે, લૌરેન ફિલર, એમી જોન્સ, એમ્મા લેમ્બ, લિન્સે સ્મિથ.

# ઇંગ્લેન્ડે સાત વર્ષ બાદ સ્પિનર લિયમ ડાઉસનને ટીમમાં સમાવ્યો




પ્રવાસી ભારત સામે સોમવારે લોડ્ર્ઝ ખાતે ત્રીજી ક્રિકેટ ટેસ્ટ જીતનારી ઇંગ્લેન્ડની ટીમમાં મંગળવારે એક ફેરફાર કરવામાં આવ્યો હતો. ટીમમાં સ્પિનર શોએબ બશીર ઘાયલ થતાં તેને સ્થાને લેફ્ટ આર્મ સ્પિનર લિયમ ડાઉસનને સામેલ કરવામાં આવ્યો હતો. આમ લિયમ ડાઉસન સાત વર્ષના લાંબા ગાળા બાદ ઇંગ્લેન્ડની ટેસ્ટ ટીમમાં પુનરાગમન કરશે. ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે હાલમાં રમાઈ રહેલી પાંચ ટેસ્ટની સિરીઝની ચોથી ટેસ્ટ ૨૩મી જુલાઈથી માન્ચેસ્ટર ખાતે શરૂ થશે. ઇંગ્લેન્ડ હાલમાં ૨-૧ની સરસાઈ ભોગવી રહ્યું છે.

લોડ્ર્ઝ ખાતેની ટેસ્ટમાં ભારતની પ્રથમ ઈનિંગ્સ દરમિયાન પોતાની જ બોલિંગ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે શોએબ બશીરના ડાબા હાથમાં ફ્રેક્ચર થયું હતું અને તે ચોથી ટેસ્ટમાં રમી શકે તેમ નથી. આ મેચમાં અંતિમ દિવસે ઇંગ્લેન્ડને જરૂર હતી ત્યારે બશીર બોલિંગ કરી શક્યો ન હતો. અંતે ઇંગ્લેન્ડનો ૨૨ રનથી રોમાંચક વિજય થયો હતો.

જોકે ઇજા છતાં બશીરે થોડી બોલિંગ કરી હતી અને અંતે ટીમને મોહમ્મદ સિરાઝની વિકેટ અપાવી હતી. હવે તેને સ્થાને ટીમમાં સામેલ કરાયેલો ૩૫ વર્ષીય લિયમ ડાઉસન ઇંગ્લેન્ડ માટે ત્રણ ટેસ્ટ રમ્યો છે જેની છેલ્લી ટેસ્ટ ૨૦૧૭માં સાઉથ આફ્રિકા સામે હતી. આમ તે ૨૦૧૭ બાદ ટેસ્ટ રમ્યો નથી.

આ દરમિયાન તે ઇંગ્લેન્ડ માટે છ વન-ડે અને ૧૪ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ રમ્યો છે પરંતુ તેની મોટા ભાગની કારકિર્દી સાતત્યવિહોણી રહી છે. ચોથી ટેસ્ટ અગાઉ ઇંગ્લેન્ડની મૂળ ટીમના સેમ કૂક અને જેમી ઓવર્ટન તેમની કાઉન્ટીમાં રમવા માટે પરત ચાલ્યા ગયા છે. માન્ચેસ્ટર ટેસ્ટ માટેની ઇંગ્લેન્ડની ટીમ.

ઇંગ્લેન્ડ: બેન સ્ટોક્સ (સુકાની), જોફરા આર્ચર, દસ એટકિન્સન, જેકોબ બેથેલ, હેરી બ્રુક, બ્રાયડન કાર્સે, ઝેક ક્રોલે, લિયમ ડાઉસન, બેન ડકેટ, ઓલિ પોપ, જો રૂટ, જેમી સ્મિથ, જોશ ટોંગ, ક્રિસ વોક્સ.

# વર્લ્ડ યુનિ. ગેમ્સમાં ગુજરાતનો અયાઝ ભારતની ટીટી ટીમનો સુકાની

જર્મનીના રૂહ ખાતે ૧૬થી ૨૭મી જુલાઈ દરમિયાન યોજાનારી FISU વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ભાગ લેનારી ભારતની ટેબલ ટેનિસ ટીમમાં ગુજરાતના બે ખેલાડીને સામેલ કરવામાં આવ્યા છે. સુરતનો ૨૩ વર્ષીય અયાઝ મુરાદ ભારતની ટેબલ ટેનિસ ટીમની આગેવાની લેશે જ્યારે સુરતનો જ ૨૦ વર્ષીય દેવર્ષ વાઘેલા પણ આ ટીમમાં રમનારો છે. આ બંને ખેલાડી સુરતમાં સ્પોર્ટ્સ ઓથિરિટી ઓફ ગુજરાત (એસએજી) તાપ્તિ વેલી હાઇ પરફોર્મન્સ ટેબલ ટેનિસ સેન્ટર ખાતે છેલ્લા બે વર્ષથી ટ્રેનિંગ લઈ રહ્યા છે. યુનિવર્સિટી ગેમ્સમાં ભારતીય ટીમ સિંગલ્સ, મેન્સ ડબલ્સ, મિક્સ ડબલ્સ અને ટીમ ઈવેન્ટમાં ભાગ લેશે. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ)ના પ્રમુખ પ્રમોદ ચૌધરીએ ભારતીય ટીમમાં બે ગુજરાતી ખેલાડીની પસંદગી અંગે આનંદ વ્યક્ત કર્યો હતો.



# કેરેબિયન ક્રિકેટનું પતન જારી, ઓસી. સામે ટીમ ૨૭ રનમાં ખખડી ગઈ




વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ એક સમયે મોખરે હતું અને તેના ઝડપી બોલર્સથી સમગ્ર વિશ્વની ટીમ ડરતી હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી કેરેબિયન ક્રિકેટ કથળી રહ્યું છે અને તેમાં ય સોમવારે (ભારતમાં મંગળવારે સવારે) ટીમની જે હાલત થઈ તે અગાઉના તમામ પ્રદર્શન કરતાં પણ અત્યંત નબળી કક્ષાનું રહ્યું હતું. મિચેલ સ્ટાર્કની ઝંઝાવાતી બોલિંગમાં સામે વેસ્ટ ઈન્ડિઝની બેટિંગની તમામ ખામીઓ છતી થઈ ગઈ હતી. અહીં રમાયેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં પ્રવાસી ઓસ્ટ્રેલિયા સામે વેસ્ટ ઈન્ડિઝની ટીમ માત્ર ૨૭ રનમાં આઉટ થઈ ગઈ હતી. ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસનો આ બીજો સૌથી કંગાળ સ્કોર હતો.

વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ હવે ધીમે ધીમે ટી૨૦ તરફ ધકેલાઈ રહ્યું છે પરંતુ આ મેચમાં તો સ્થિતિ એ હતી કે કેરેબિયન ટીમ ટેસ્ટ મેચમાં પૂરી ૧૫ ઓવર પણ ટકી શકી ન હતી. અહીંના સબિના પાર્ક ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં ૨૦૪ રનના ટારગેટ સામે રમતી વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૨૭ રન કરી શકી હતી. આમ તેનો ૧૭૬ રનથી પરાજય થયો હતો. આ સાથે ઓસ્ટ્રેલિયાએ ત્રણ ટેસ્ટની સિરીઝમાં પણ વેસ્ટ ઈન્ડિઝનો વ્હાઇટવોશ કર્યો હતો. તેણે ૩-૦થી સિરીઝ જીતી લીધી હતી.

આ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝના બોલર્સે કમાલ કરીને ઓસ્ટ્રેલિયા જેવી મહારથી ટીમને પ્રથમ દાવમાં ૨૨૫ અને બીજા દાવમાં ૧૨૧ રનમાં અટકાવી દેવામાં સફળતા હાંસલ કરી હતી. જેમાં શામર અને અલઝારી બંને જોસેફે મોટા ભાગની વિકેટો ખેરવી હતી. પરંતુ જ્યારે બેટિંગની વાત આવી ત્યારે ટીમના બેટર્સ પડી ભાંગ્યા હતા. મેચમાં હજી પૂરા ત્રણ દિવસ બાકી હતા ત્યારે ટીમને ૨૦૪ રનના લક્ષ્યાંક પાર કરી શકે તેમ હતી પરંતુ તેઓ પૂરી ૧૫ ઓવર ટકી શક્યા ન હતા.

વેસ્ટ ઈન્ડિઝની બીજી ઈનિંગ્સનો પ્રારંભ જ કંગાળ ઢબે થયો હતો. હજી ટીમના ખાતામાં એક રન ણ ઉમેરાયો ન હતો ત્યાં સુધીમાં તો તેના ત્રણ બેટર મિચેલ સ્ટાર્કનો શિકાર બની ગયા હતા. વેસ્ટ ઈન્ડિઝે તેની બીજી ઈનિંગ્સની પહેલી ઓવરમાં જ ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી.

વેસ્ટ ઈન્ડિઝ માટે એક માત્ર જસ્ટિન ગ્રિવ્સ જ ડબલ ફિગર સુધી પહોંચી શક્યો હતો. તેના ૧૧ રન ટીમનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો. આ સિવાય ટીમના સાત બેટર તો ખાતું પણ ખોલાવી શક્યા ન હતા. આમ ટેસ્ટ મેચની એક ઈનિંગ્સમાં સાત શૂન્યનો કંગાળ રેકોર્ડ પણ હવે વેસ્ટ ઈન્ડિઝના નામે લખાયો છે.

વેસ્ટ ઈન્ડિઝને કેપ્ટન રોસ્ટન ચેઝ અને વિકેટકીપર શાઈ હોપ પાસેથી અપેક્ષા હતી કેમ કે આ બંને હાલની ટીમના સૌથી અનુભવી બેટર છે. પરંતુ ચેઝ શૂન્ય અને હોપ બે રન કરીને આઉટ થઈ ગયા હતા.

ઓસ્ટ્રેલિયા માટે મિચેલ સ્ટાર્કે ૭.૩ ઓવરમાં ચાર મેડન સાથે માત્ર નવ રન આપીને છ વિકેટ ખેરવી હતી તો સ્કોટ બોલેન્ડે બે ઓવરમાં બે રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. આ ડે-નાઇટ ટેસ્ટ મળીને સ્ટાર્કે તેની ડે-નાઇટ ટેસ્ટ કારકિર્દીમાં ૮૧ વિકેટ ઝડપી છે.

ઓસ્ટ્રેલિયા સામે કિંગ્સ્ટન (જમૈકા) ના સબિના પાર્ક ખાતે રમાયેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં સોમવારે વેસ્ટ ઈડિઝની ટીમ માત્ર ૨૭ રનના સ્કોરે આઉટ થઈ ગઈ હતી. જોકે ટેસ્ટ ઇતિહાસનો આ બીજો સૌથી કંગાળ સ્કોર છે. અગાઉ ૧૯૫૪-૫૫માં ઇંગ્લેન્ડ સામેની ઓકલેન્ડ ખાતેની ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ ૨૬ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગયું હતું. વેસ્ટ ઈન્ડિઝ માટે ટેસ્ટ ક્રિકેટમાં આ સૌથી ઓછો સ્કોર બની રહ્યો હતો.

# ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ પ્રિન્સ ચાર્લ્સ સાથે કરી મુલાકાત, વિમેન્સ ટીમ પણ રહી હાજર



ભારતીય મેન્સ અને મહિલા ક્રિકેટ ટીમના ખેલાડીઓ લોડ્ર્સ ટેસ્ટ મેચ પછી ઈંગ્લેન્ડના રાજા કિંગ ચાર્લ્સ IIIને મળ્યા. બંને ટીમ સેન્ટ જેમ્સ પેલેસ ખાતે પ્રિન્સ ચાર્લ્સ સાથે મળ્યા.

ભારત હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે જ્યાં ૫ ટેસ્ટ મેચની સિરીઝ રમાઈ રહી છે. ઈંગ્લેન્ડ હાલમાં આ સિરીઝમાં ૨-૧થી આગળ છે. લોડ્ર્સ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની ટીમે ૨૨ રનથી જીત મેળવી.

પ્રિન્સ ચાર્લ્સ સાથેની આ ખાસ મુલાકાતમાં કેપ્ટન શુભમન ગિલ, વાઈસ કેપ્ટન રિષભ પંત, જસપ્રીત બુમરાહ, કેએલ રાહુલ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર પણ હાજર હતા. ટીમ સેન્ટ જેમ્સ પેલેસ ખાતે કિંગ ચાર્લ્સ III ને મળી હતી. આ દરમિયાન બીસીસીઆઈના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લા પણ ત્યાં હાજર હતા. આ મુલાકાત પછી, કિંગ ચાર્લ્સે બધા ખેલાડીઓ સાથે ફોટો સેશન પણ કર્યું.

કિંગ ચાર્લ્સને મળ્યા પછી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ ખૂબ ખુશ જોવા મળ્યા હતા. તેને કિંગ ચાર્લ્સ સાથે શું વાત કરી તે જણાવ્યું. કેપ્ટન ગિલે કહ્યું કે કિંગ ચાર્લ્સ IIIએ અમને ફોન કર્યો તે અમારા માટે સન્માનની વાત છે. શુભમન ગિલે વધુમાં કહ્યું કે કિંગ ચાર્લ્સે અમને કહ્યું કે લોડ્ર્સ ટેસ્ટ મેચમાં અમારો છેલ્લો બેટ્સમેન જે રીતે આઉટ થયો તે દુર્ભાગ્યપૂર્ણ હતું. અમે એમ પણ કહ્યું કે તે મેચ અમારા નસીબની બહાર હતી, પરંતુ આગામી મેચોમાં અમને આશા છે કે નસીબ અમને સાથ આપશે.

ભારતીય મહિલા ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે કહ્યું કે કિંગ ચાર્લ્સને મળવાનો અનુભવ ખાસ રહ્યો. આ અમારી તેની પહેલી મુલાકાત હતી અને ખૂબ જ ફ્રેન્ડલી નેચર છે. તેમને આગળ કહ્યું કે અમે સારું ક્રિકેટ રમી રહ્યા છે અને અમને સાબિત કરવા ઘણી તક મળી રહી છે.

BCCI ના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ કહ્યું કે તે ખૂબ જ ઐતિહાસિક ક્ષણ હતી જ્યારે કિંગ ચાર્લ્સે ભારતીય પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમના ખેલાડીઓને મળવા આમંત્રણ આપ્યું હતું. ખેલાડીઓ તેમને મળ્યા પછી ખૂબ જ ખુશ છે. કિંગે મને મારા દ્વારા આપવામાં આવેલા પુસ્તક વિશે પણ પૂછ્યું. તેમને મને ભારતીય ક્રિકેટર આકાશદીપની બહેનના સ્વાસ્થ્ય વિશે પણ પૂછ્યું. આકાશદીપની બહેન હાલમાં કેન્સર સામે લડી રહી છે.

# વિરાટ કોહલી પ્લીઝ પરત આવો, હજુ મોડું નથી થયું, લોડ્ર્સમાં હાર બાદ પૂર્વ ભારતીય ક્રિકેટરે કરી રિક્વેસ્ટ

લોડ્ર્સના મેદાન પર ટીમ ઈન્ડિયાએ હારનો સામનો કર્યો. રવિન્દ્ર જાડેજાએ ભારતીય ટીમને જીત માટે આગળ વધારવા માટે બેસ્ટ પ્રયાસ કર્યો, પરંતુ બીજા છેડેથી તેને અન્ય બેટ્સમેનોનો સપોર્ટ મળી શક્યો નહીં. ભારતીય ટીમ જીતથી માત્ર ૨૨ રન દૂર રહી.જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજે પણ ટીમની હાર ટાળવા માટે ખૂબ પ્રયાસ કર્યા, પરંતુ અંતે જીત ઈંગ્લેન્ડના પક્ષમાં આવી. ૧૯૩ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે આખી ભારતીય ટીમ ૧૭૦ રન બનાવીને ઓલઆઉટ થઈ. લોડ્ર્સમાં ભારતના ટોપ ઓર્ડરનું પ્રદર્શન ખૂબ જ નિરાશાજનક રહ્યું. ત્રીજી ટેસ્ટમાં હાર બાદ ભૂતપૂર્વ ક્રિકેટર મદન લાલે વિરાટ કોહલીને ટેસ્ટ નિવૃત્તિમાંથી પરત ફરવા વિનંતી કરી છે.મદન લાલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે 'વિરાટ કોહલીના ભારતીય ક્રિકેટ પ્રત્યેના જુસ્સાની સરખામણી કોઈ કરી શકે નહીં. મારી ઈચ્છા છે કે તે ટેસ્ટ ક્રિકેટમાં સંન્યાસ પછી પાછો આવે. પાછા આવવામાં કોઈ નુકસાન નથી. જો તે આ સિરીઝમાં પાછો નહીં આવે, તો તેને આગામી સિરીઝમાં વાપસી કરવાનું વિચારવું જોઈએ. મારા મતે તેને નિવૃત્તિનો પોતાનો નિર્ણય બદલવો જોઈએ, કારણ કે તે હજુ પણ એકથી બે વર્ષ સુધી આરામથી રમી શકે છે. વિરાટ કોહલી માટે યુવા ખેલાડીઓ સાથે પોતાનો અનુભવ શેર કરવો મહત્વપૂર્ણ છે. હજુ મોડું થયું નથી. કૃપા કરીને પરત આવો.''શુભમન ગિલના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમને લોડ્ર્સ ગ્રાઉન્ડ પર રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ૨૨ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. રવિન્દ્ર જાડેજાએ જસપ્રીત બુમરાહ અને પછી મોહમ્મદ સિરાજ સાથે અંત સુધી લડત આપી હતી. પરંતુ અંતે જીત બ્રિટિશરો પાસે ગઈ. રવિન્દ્ર જાડેજાએ ૧૮૧ બોલનો સામનો કર્યો અને ૬૧ રન બનાવ્યા બાદ અણનમ રહ્યો. તેને બુમરાહ-સિરાજ સાથે કુલ ૨૧૨ બોલ રમ્યા.રવિન્દ્ર જાડેજા લાંબા સમય સુધી વિજય અને ઈંગ્લેન્ડ વચ્ચે મજબૂત રીતે ઉભો રહ્યો. પરંતુ બીજા છેડેથી અન્ય બેટ્સમેનોના સહયોગના અભાવે રવિન્દ્ર જાડેજા ટીમ ઈન્ડિયાની હાર ટાળી શક્યો નહીં. લોડ્ર્સ ખાતેની જીત સાથે ઈંગ્લેન્ડે સિરીઝમાં ૨-૧ની લીડ પણ મેળવી લીધી છે.



# ગૌતમ ગંભીરના નામે નોંધાયો 'શરમજનક' રેકોર્ડ, કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાનું નિરાશાજનક પ્રદર્શન



T20 વર્લ્ડ કપ ૨૦૨૪ પછી ગૌતમ ગંભીરને ભારતીય ટીમનો મુખ્ય કોચ બનાવવામાં આવ્યો, ત્યારે એવું લાગતું હતું કે ગંભીર ત્રણેય ફોર્મેટમાં ભારતીય ટીમ માટે શાનદાર કામ કરશે. પરંતુ જો આપણે ટેસ્ટ ફોર્મેટની વાત કરીએ તો, ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાને નિરાશા સિવાય કંઈ મળ્યું નહી .

આંકડા દર્શાવે છે કે ગંભીરના કોચિંગ હેઠળ ટેસ્ટમાં ભારતીય ટીમનું પ્રદર્શન ખરાબથી ખરાબ થતું ગયું છે. ભારતીય ટીમ બે વાર ટેસ્ટમાં ૨૦૦ થી ઓછા રન ચેઝ કરવામાં નિષ્ફળ રહી છે .

ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ ભારતીય ટીમનું ટેસ્ટમાં પ્રદર્શન સારું ન હતું. તેના કોચિંગ હેઠળ ભારતે બાંગ્લાદેશ સામે રમાયેલી ૨ ટેસ્ટ સિરીઝ જીતી હતી. ત્યારબાદ દુકાળ પડ્યો. ન્યુઝીલેન્ડ સામે ૩ મેચની ટેસ્ટ સિરીઝમાં ભારતને ઘરઆંગણે ક્લીન સ્વીપનો સામનો કરવો પડ્યો . ત્યારબાદ ઓસ્ટ્રેલિયામાં રમાયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયા ૧-૩થી સિરીઝ હારી ગયું.



ઓલિમ્પિકમાં હવે ક્રિકેટની વાપસી નિશ્ચિત થઈ ગઈ છે અને તેનો શેડ્યૂલ પણ જાહેર થઈ ચૂકયા છે. અમેરિકાના લૉસ એન્જેલિસ શહેરમાં વર્ષ ૨૦૨૮માં યોજાનાર ઓલિમ્પિક મેચમાં ક્રિકેટની મેચ પણ પોમોના શહેરના ફેયર ગ્રાઉન્ડ્સ સ્ટેડિયમમાં રમાશે, જે લૉસ એન્જેલિસથી લગભગ ૫૦ કિલોમીટર દૂર આવેલ છે. આ મેચ ૧૨ જુલાઈથી શરૂ થશે, જ્યારે મેડલ મેચો ૨૦ અને ૨૯ જુલાઈએ રમાશે.

# ઈન્ડિયા પોસ્ટ બિઝનેસ સમીટમાં વિઝન રજૂ કરતા મંત્રી સિંધિયા

## કેન્દ્રીય દૂરસંચાર મંત્રી દ્વારા 'ડાક સંવાદ'નો આરંભ




નવી દિલ્હી, તા.૧૬

ઉત્તર પૂર્વીય ક્ષેત્રના સંદેશાવ્યવહાર અને વિકાસ મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાના નેતૃત્વમાં પોસ્ટ વિભાગે નવી દિલ્હીમાં તેની વાર્ષિક બિઝનેસ મીટ ૨૦૨૫-૨૬ યોજી હતી. વ્યૂહાત્મક મીટિંગમાં દેશભરના સર્કલ હેડ્સે ઈન્ડિયા પોસ્ટના બિઝનેસ પરિવર્તન માટેના રોડમેપ અને અગ્રણી લોજિસ્ટિક્સ અને નાગરિક-કેન્દ્રિત સેવા પ્રદાતા તરીકે તેની ઉભરતી ભૂમિકા પર ચર્ચા કરી હતી.

પોસ્ટ સચિવ, સુશ્રી વંદિતા કૌલે ઉષ્માભર્યા અને સમજદાર ભાષણ સાથે કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું અને ગયા વર્ષમાં વિભાગની મુખ્ય સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભવિષ્યની વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ પર ભાર મૂક્યો, જેમાં નવીનતા, સમાવેશીતા અને આધુનિક, સેવા-સંચાલિત સંગઠન તરીકે સતત વિકસિત ઈન્ડિયા પોસ્ટનો સમાવેશ થાય છે. આંતરિક સંદેશાવ્યવહાર અને જ્ઞાન વહેંચણીને વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા, શ્રી સિંધિયાએ એક નવું માસિક ઈ-ન્યૂઝલેટર, "ડાક સંવાદ" શરૂ કર્યું હતું. આ પ્લેટફોર્મ નવીનતાઓ, વ્યવસાયિક આંતરદૃષ્ટિ અને ક્ષેત્રમાંથી સફળતાની વાર્તાઓ, તેમજ પરિવર્તનની સરળ વાર્તાઓ, ઈન્ડિયા પોસ્ટ કર્મચારીઓની અદમ્ય ભાવના અને તેઓ જે નાગરિકોની સેવા કરે છે તેમના અદમ્ય વિશ્વાસને પ્રકાશિત કરશે. ડાક સંવાદનો હેતુ વિશાળ ઈન્ડિયા પોસ્ટ નેટવર્કમાં હિસ્સેદારોને પ્રેરણા, શિક્ષિત અને જોડવાનો છે. મીટિંગ દરમિયાન, બધા સર્કલ હેડ્સે તેમના વ્યવસાયિક પ્રદર્શન, ક્ષેત્રીય પહેલ, પડકારો અને વૃદ્ધિને વેગ આપવા માટેની વ્યૂહરચનાઓ પર પ્રસ્તુતિઓ આપી હતી. આ પ્રસ્તુતિઓમાં રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સંરેખિત થવા અને લોજિસ્ટિક્સ, બેંકિંગ, ઇ-કોમર્સ અને જાહેર સેવા વિતરણમાં ઈન્ડિયા પોસ્ટની ક્ષમતાઓને વધારવા માટે કરવામાં આવી રહેલા જીવંત અને પાયાના પ્રયાસો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

# 'આજથી ૨૧ ઓગસ્ટ સુધી આકાશમાં ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષાનો નજારો'

## તા. ૨૯, ૩૦ અને તા. ૩૧ જુલાઈના રોજ આકાશમાં મહત્તમ ઉલ્કાવર્ષા થશે

રાજકોટ, તા.૧૬

દુનિયાભરમાં લોકોએ મે માસમાં ઈટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૫૦ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કા વર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં આજથી ૩૧ મી જુલાઈ અને ૨૧ મી ઓગસ્ટ સુધી ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી પૂર્ણ કરી દીધી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કા વર્ષાનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે. વરસાદી વાદળા હશે ત્યાં જોવા મળશે નહિ, સ્વચ્છ આકાશમાં જોવા મળશે. જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે મધ્યરાત્રિ બાદ ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. જુલાઈ તા. ૨૯, ૩૦ અને તા. ૩૧ ના રોજ તથા ઓગસ્ટના અમુક દિવસોમાં આકાશમાં ઉલ્કા વર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં ૫૦ ઉલ્કા વર્ષા જોવા મળશે. આકાશમાં ઉલ્કા જોવા મળશે. ઉલ્કા આકાશમાં જ એક-બે સેકન્ડમાં બળીને રાખ થઈ જાય છે.વધુમાં પંડયાએ જણાવ્યું કે ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષાની મહત્તમ દિવસ ચાર થી પાંચ હોય છે. મોડી રાતથી પરોઢ સુધી સ્વચ્છ આકાશમાં ઉલ્કા વર્ષા જોઈ શકાય છે. જુલાઈના અંતથી ઓગસ્ટના અમુક દિવસો સુધી ક્રમશઃ ઉલ્કા જોઈ શકાશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરભંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તે જ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ – અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર-પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશમાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોના સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. ઉલ્કાનો નજારો જોવામાં ઘણીવાર નિરાશા સાપડે છે. સૂર્યપ્રકાશમાં પડે તે જોઈ શકાતી નથી. રાત્રીના નરી આંખે જોઈ શકાય છે.

### રશિયા સાથે
### પહેલા પાનાનું ચાલુ

ધમકીના સ્વરમાં જણાવ્યું કે તમે બીજીંગ દિલ્હી કે બ્રાઝીલમાં રહેતા હો અને પછી કે તે દેશના રાષ્ટ્રવડાઓ સાવધ થઈ જવું જરૂરી છે.

જેઓ રશીયા સાથે ક્રુડ તેલ સહિતનો વ્યાપાર કરશે તેમના ઉપર વધારાના પ્રતિબંધો લાદવામાં આવશે. અને તેનાથી મોટું નુકશાન થશે. તેમણે કહ્યું કે આ દેશોએ રશીયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીનને યુક્રેન સાથે શાંતિ સમજુતી માટે દબાણ કરવું જોઈએ. નહીતર તેના પરિણામ આ દેશોએ ભોગવવા પડશે.

આમ 'નાટો'એ પ્રથમ વખત ભારત ચીન જેવા દેશોની ધમકી આપવાનું જે દુઃસાહસ કર્યુ છે તેના ઘેરા પડઘા પડે તેવી શકયતા છે. હાલમાં જ અમેરીકી પ્રમુખ ટ્રમ્પે યુક્રેનને યુધ્ધ લડવા માટે વધુ ઘાતક હથીયાર આપવાની જાહેરાત કરી છે પણ તેનો ખર્ચ 'નાટો' રાષ્ટ્રો ભોગવશે તેમ કહીને આ રાષ્ટ્રોને ફીકસમાં મુકી દીધા છે.

### યુપી, રાજસ્થાન
### પહેલા પાનાનું ચાલુ

મંગળવારે પણ મધ્યપ્રદેશમાં ભારે વરસાદ ચાલુ રહ્યો. ગ્વાલિયર, ભોપાલ, ઈન્દોર સહિત ૨૫ થી વધુ જિલ્લાઓમાં વરસાદ પડ્યો. ગ્વાલિયરમાં સૌથી વધુ ૨.૩ ઈંચ વરસાદ પડ્યો. છેલ્લા એક અઠવાડિયાથી રાજયમાં ભારે વરસાદને કારણે નદીઓ અને નાળા છલકાઈ રહ્યા છે. આજે પણ ૧૮ જિલ્લાઓમાં ખૂબ જ ભારે કે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

### દુનિયામાં સૌથી
### પહેલા પાનાનું ચાલુ

એશીયામાં લગભગ ૧૩ ટકા લોકો બિઝનેસ કલાસમાં સફર કરવાને પસંદ કરે છે. જયારે ૯ ટકા લોકો ઘડીયાળા ખરીદવા અને ૮ ટકા લોકો સાઈકલ ચલાવવા પર ધ્યાન આપે છે.

### દિલ્હીની
### પહેલા પાનાનું ચાલુ

જુદી-જુદી સ્કુલોને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈ-મેલ મળતા હોવાથી સ્કુલ સંચાલકો-વિદ્યાર્થીઓમાં ગભરાટ રહ્યો છે. સોમવાર તથા મંગળવારે ૩-૩ સ્કુલોને ધમકી મળી હતી. પરંતુ કાંઈ વાંધાજનક મળ્યુ ન હતું.

### ટ્રમ્પના
### પહેલા પાનાનું ચાલુ

પ્યુ રિસર્ચ સર્વેમાં બહાર આવ્યું છે કે ૧૦ ઉચ્ચ આવક ધરાવતા દેશો -કેનેડા, ફ્રાન્સ, જર્મની અને ઈટાલી વગેરેમાં ૩૫ ટકા લોકો અમેરિકા પ્રત્યે સકારાત્મક અભિપ્રાય ધરાવે છે, જ્યારે ગયા વર્ષે આ આંકડો ૫૧ ટકા હતો.

ઈઝરાયલમાં લોકો હજુ પણ અમેરિકા વિશે સકારાત્મક છે અને ૮૩ ટકા ઈઝરાયલીઓ અમેરિકાને પસંદ કરે છે. તે જ સમયે, ચીન વિશે સકારાત્મક વિચારનારા લોકો પણ ૩૩ ટકા છે. આમાંથી, ૬૯ ટકા લોકો ટ્રમ્પને પસંદ કરે છે, જ્યારે ફક્ત ૯ ટકા લોકો શી જિનપિંગને સારા માને છે.

પ્યુએ ૮ જાન્યુઆરીથી ૨૬ એપ્રિલ સુધી ૨૫ દેશોના ૩૦,૦૦૦ થી વધુ લોકોનો સર્વે કર્યો હતો. દરેક દેશ માટે ભૂલનો માર્જિન વત્તા અથવા ઓછા ૨.૫ થી વત્તા અથવા ઓછા ૪.૭ સુધીનો હતો.

### વોલ માર્ટે
### પહેલા પાનાનું ચાલુ

જ્યારે તેને ખોલવામાં આવે છે ત્યારે ઢાંકણું ફોર્સથી ઉછળી શકે છે .ગુરૂવારની નોટિસ પ્રમાણે વોલમાર્ટને ૩ ગ્રાહકોના રિપોર્ટ મળ્યા હતા; જેમને બોટલ ખોલતી વખતે તેના ઢાંકણા ચહેરા પર વાગવાથી ઈજા થઈ હતી અને તેમાંથી બે લોકોને આંખમાં વાગવાથી તેમને કાયમી ધોરણે તેમની દ્રષ્ટિ ગુમાવવી પડી છે.નોટિસમાં કન્ઝ્યુમર્સને આ ઓઝાર્ક ટ્રેઈલ બોટલનો ઉપયોગ બંધ કરવાની અપીલ કરવામાં આવી છે. તથા સંપૂર્ણ રિફન્ડ માટે વોલમાર્ટનો કોન્ટેક્ટ કરવાનું કહેવામાં આવ્યું છે. કન્ઝ્યુમર્સ પોતાની બોટલ તેમના સ્થાનિક વોલમાર્ટ સ્ટોર પર લઈને રિફન્ડ મેળવી શકે છે.

### એમઆરપી
### પહેલા પાનાનું ચાલુ

સુત્રો અનુસાર વિભાગે હાલમાં જ આ બારામાં ઉદ્યોગ સંગઠનો, ગ્રાહક, સંગઠનો અને કર અધિકારીઓ સાથે બેઠક કરીને સંભવીત સૂચનો પર ચર્ચા કરી હતી.

### બાંકામાં
### પહેલા પાનાનું ચાલુ

મહિલાએ તેનો વિરોધ કર્યો, ત્યારે બધાએ તેના પર લાકડીઓ, સળિયા, ડંડા અને લોખંડના સળિયાથી હુમલો કર્યો. તે બેભાન થઈ ગઈ ત્યાં સુધી તેઓ તેને મારતા રહ્યા.

હુમલામાં મહિલાના બંને હાથ અને એક પગ તૂટી ગયા હતા. બધાએ તેનું ગળું દબાવીને તેને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે તેણેએ બૂમ પાડી તો ત્યાં આવેલ બાળકોને પણ માર મારવામાં આવ્યો. દરમિયાનગીરી કરવા આવેલી મહિલાની પુત્રવધૂને પણ માર મારવામાં આવ્યો હતો.

હોબાળો સાંભળીને બધા આરોપીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા. મહિલાને ગંભીર હાલતમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક સારવાર બાદ, ડોક્ટરે તેને માયાગંજ હોસ્પિટલ રેફર કરી.

ડોક્ટરોએ જણાવ્યું હતું કે, મહિલાની હાલત હજુ પણ ગંભીર છે. સંબંધીઓએ જણાવ્યું કે, અગાઉ પણ આ લોકોએ ઘરમાં ઘૂસીને તેને ડાકણ કહીને માર માર્યો હતો. તે સમયે તેઓએ ધમકી આપી હતી કે જો તેણીએ કેસ નોંધાવ્યો તો તેઓ તેને મારી નાખશે. ત્યારબાદ પણ પોલીસને અરજી આપવામાં આવી હતી, પરંતુ કેસ નોંધવામાં આવ્યો ન હતો.

### ફ્રાન્સના
### પહેલા પાનાનું ચાલુ

આ કિસ્સો ડિસેમ્બર ૨૦૨૧નો છે, જયારે અમાન્ડાઈન રોય નામની એક મહિલા યુટ્યૂબરે પત્રકાર નતાશા રેનો ઈન્ટરવ્યૂ લીધો હતો. ૪ કલાકના આ ઈન્ટરવ્યૂમાં નતાશાએ દાવો કર્યો હતો કે બ્રિજિટ મેક્રોન એક પુરુષ છે. નતાશા રેએ એવો પણ દાવો કર્યો હતો કે તેણે આ માહિતી માટે ૩ વર્ષ સુધી સંશોધન કર્યું હતું.

રેએ દાવો કર્યો હતો કે જીન મિશેલે લિંગ પરિવર્તન કરાવ્યા પછી ઈમેન્યુઅલ મેક્રોન સાથે લગ્ન કર્યા હતા. આ વીડિયો વાઈરલ થયો અને સમગ્ર વિશ્વમાં કાવતરાના સિદ્ધાંતો ફેલાવા લાગ્યા.

# શહેરમાં હથિયારબંધી માટે પોલીસ કમિશનરનું જાહેરનામું

## હુકમનો ભંગ કરનાર સામે કાનૂની પગલા ભરાશે

સુરત, તા.૧૬

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાય રહે તે હેતુથી સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામું પ્રસિધ્ધ કરી કેટલાક પ્રતિબંધો જાહેર કર્યા છે. જે અનુસાર પોલીસ કમિશનરની હદના વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ હથિયાર, ચપ્પા કે શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ વસ્તુ સાથે રાખવા કે લઈ જવા પર, પરવાનાવાળા હથિયારો જાહેર જગ્યાએ લઈ જવા, હવામાં ફાયર કરવા, હાનિકારક કે સ્ફોટક પદાર્થ લઈ જવા પર, રેમ્બો છરા/ચપ્પુ લાવવા/રાખવા કે વેચાણ પર, મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા, સુરૂચિનો ભંગ થાય તેવું ભાષણ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવા પર, ચિત્રો કે બીજા કોઈ પદાર્થ કે વસ્તુ તૈયાર કરવા કે તેનો ફેલાવો કરવા પર, કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવા અને જાહેરમાં બુમો પાડવા, ગીતો ગાવા કે વાદ્ય વગાડવા પર પ્રતિબંધ કરાયો છે. આ જાહેરનામું સરકારી અધિકારીને કામ અર્થે કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય, પોલીસ કમિશનર અથવા તેમના દ્વારા અધિકૃત અધિકારીઓ દ્વારા શારિરીક અશકતતાને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય તેને લાગુ પડશે નહિં. આ જાહેરનામાનો અમલ તા.૩૦/૭/૨૦૨૫ સુધી કરાશે અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# શહેરમાં ચાર કરતા વધારે વ્યકિતઓને ભેગા થવું નહીં

સુરત, તા.૧૬

સુરત શહેરમાં જાહેર શાતિ અને સલામતી જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરકરાર રહે તે માટે પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામું પ્રસિદ્ધ કરી કમિશ્નરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યાએ ચાર કે તેથી વધુ માણસોને ભેગા થવા/ સભા ભરવા/ સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો અમલ તાઃ૩૦/૭/૨૦૨૫ સુધી કરવામાં આવશે. આ હુકમ સરકારી, અર્ધસરકારી ફરજ સાથે સંકળાયેલા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## લાલગેટથી હુમૈરાબાનુ શેખ ગુમ

સુરત, તા.૧૬

લાલગેટ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૩૦૩, ત્રીજો માળ, મૂન પેલેસ, પાર્ટ-એ, સૈયદપુરા માર્કેટ પાસે, લાલગેટ, ખાતે રહેતા રઈશઅહમદ શેખના ૧૯ વર્ષીય પુત્રી હુમૈરાબાનુ શેખ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૮ ફૂટ છે. તેમણે પિંક કુર્તો અને બ્લેક સલવાર પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લાલગેટ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સિગણપોરથી ટીશા પટેલ લાપતા

સુરત, તા.૧૬

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૦૧/૧૦૨, શિવદર્શન અપાર્ટમેન્ટ, કંથારિયા હનુમાન મંદિરની બાજુમાં, સિગણપોર, ખાતે રહેતા દિપકભાઈ પટેલના ૨૦ વર્ષીય પુત્રી ટીશા પટેલ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે ગુલાબી ટી-શર્ટ, લાલ લેગીસ અને સફેદ દુપટ્ટો પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયતથી સાબીરબેગ મિર્ઝા ગુમ

સુરત, તા.૧૬

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૨૧૩, ગલી નં.૦૬, ક્રાંતીનગર, લિંબાયત, ખાતે રહેતા ૨૪ વર્ષીય સાબીરબેગ જાકીર મિર્ઝા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૬ ફૂટ છે. તેમણે કાળી ટી-શર્ટ અને નાઈટ પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ડીંડોલીથી નેહા મુળેની ગુમ

સુરત, તા.૧૬

ડીંડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૩૪, જયરાજનગર, રામનગર પાસે, નવાગામ, ડિંડોલી, ખાતે રહતા સંતોષ મુળેના ૧૮ વર્ષીય પુત્રી નેહા મુળે ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૪.૮ ફૂટ છે. તેમણે બ્લૂ ગાઉન પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ડીંડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કતારગામથી ધ્રુવિકા વાઘેલા ગુમ

સુરત, તા.૧૬

કતારગામ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.એ/૫૭, મગનનગર-૦૧, કતારગામ (મૂળ રહે. ગામ-ઈંગોરા ડાખાલસા, તા-ગઢડા, જી.બોટાદ, ખાતે રહેતા ભરતભાઈ વાઘેલાના ૧૮ વર્ષીય પુત્રી ધ્રુવિકા વાઘેલા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૩ ફૂટ છે. તેમણે આછા ગુલાબી ટી-શર્ટ અને વાદળી જીન્સ પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### પોલીસ કંટ્રોલ
### પેજ-૨ પાનાનું ચાલુ

દિશામાં પ્રયાસ કરવાનો રહેશે. દેશના નવી દિલ્હી અને મુંબઈ જેવા કેપિટલ શહેરોને બાદ કરતા સૌથી મોટા શહેરોમાં સુરતનો સમાવેશ થાય છે. સુરત શહેરની ઝડપથી વધી રહેલી વસ્તી, ઉદ્યોગોનો વિકાસ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉભરતા પ્રશ્નોને જોતા હવે પરંપરાગત પોલીસિંગને બદલે સ્માર્ટ, ટેકનોલોજી આધારિત અને લોકો સાથે ભાગીદારી આધારીત પોલીસિંગનો અમલ અત્યંત જરૂરી બની ગયો છે. પોલીસ એ સરકારનું દેખીતું અંગ છે. કોઇ ઘટના બને એટલે સૌપ્રથમ પોલીસ સ્થળ પર પહોંચી જાય છે, બાકીના વિભાગો પછીથી સંકલન સાધીને કામગીરી કરતા હોય છે.

સુરત શહેરમાં ૧૦૦ નંબર પર એક દિવસમાં એટલે કે ૨૪ કલાકમાં આશરે ૩૫થી ૩૬ હજાર જેટલા કોલ આવે છે, જેમાંથી ૩૦ ટકા કોલ પોલીસને સંબંધિત હોતા નથી. રોડ, રસ્તા અને પાણીની સમસ્યાના કોલને પણ પોલીસ અટેન્ડ કરે છે અને તેના નિરાકરણ માટે પ્રયાસ કરે છે. આ ઉપરાંત પાંડેસરા, ઉધના, લિંબાયત અને ઉન વિસ્તારમાંથી કુલ કોલના ૪૦ ટકા કોલ ૧૦૦ નંબર પર આવે છે. સુરત પોલીસ દ્વારા ડિજિટલ સર્વેલન્સ, ડેટા એનાલિટિકસ, ફોરેન્સીક ટેકનોલોજી અને ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ્સ જેવા માધ્યમો દ્વારા શહેરમાં અસામાજિક તત્વો સામે લાલ આંખ કરવામાં આવે છે, જેથી કરીને સોસાયટીમાં શાંતિ જળવાઈ રહે.

પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, હાલમાં સુરત શહેરમાં ૨૫ જેટલી જગ્યાએ એઆઇ બેઇઝડ કેમેરા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ થકી હમણા ટ્રાયલ ચાલી રહી છે પછી અન્ય કેમેરામાં એઆઈને એડ કરવામાં આવશે. રેડ સિગ્નલ હોવા છતાં રસ્તો ક્રોસ કરનાર વાહનને એઆઇ બેઇઝડ કેમેરા ડિટેકડ કરીને ઓટોમેટિક ચલણ જનરેટ કરી દે છે. ગત વર્ષે ૯ લાખ જેટલા ચલણ જનરેટ થયા હતા. જેમાં રોન્ગ સાઇડ, ઓવર સ્પીડ, રેડ લાઇટ છતાં રોડ ક્રોસિંગ અને હેલ્મેટ વગરના વાહનચાલકોનો સમાવેશ થયો હતો. આ વર્ષે છ મહિનામાં જ ૯ લાખ ચલણ જનરેટ થઇ ગયા છે. મોટરસાયકલ ચાલકોને હેલ્મેટ પહેરાવવાનો હેતુ માત્ર રોડ અકસ્માતમાં તેઓના જીવની રક્ષાનો કરવાનો છે અને ૮૦ ટકા વાહનચાલકો હવે હેલ્મેટ પહેરતા થઇ ગયા છે.

સુરત સ્પાઇ આઇ પ્રોજેકટ અંતર્ગત ક્રાઇમ બ્રાન્ચ પાસે ૭ હજાર જેટલા એવા કેમેરા છે, જેની મદદથી પોલીસ તુરંત ક્રાઇમનું ડિટેકશન કરે છે. સુરત શહેરમાં ટ્રાફિક નિયમન અને ક્રાઇમ ડિટેકશન માટે કેમેરા ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. કેમેરાની

મદદથી પોલીસ ટ્રાફિક જામની સમસ્યાનું પણ નિરાકરણ લાવે છે. મોટા ટ્રાફિક સર્કલોને કારણે મુશ્કેલી થતી હતી એટલે ટ્રાફિક સર્કલોને પણ નાના કરવામાં આવી રહયા છે. સ્વચ્છતામાં જેવી રીતે સુરત શહેર નંબર વન છે એવી જ રીતે ટ્રાફિક નિયમનમાં પણ સુરત નંબર વન બને તે માટે તેઓએ લોકોને નિયમોના પાલન માટે અપીલ કરી હતી.

આ ચર્ચા સભામાં ટ્રાફિકના સિગ્નલો, સિગ્નલના ટાઈમીંગ, રાત્રિના સમયે ટ્રાફિક સિગ્નલ પર લાગતો વધુ પડતો સમય, રાઈટ સાઈડ પર જવા માટે પડતી મુશ્કેલીઓ, શાળાની આજુબાજુમાં ગુટખા–સિગારેટનું વેચાણ, ગર્લ્સ સ્કૂલની પાસે ટપોરીઓની કનડગત, રીંગરોડ પર માર્કેટ વિસ્તારમાં ટ્રાફિક ક્રેઈનો દ્વારા વાહનોને ઊંચકી લઇ જવાને કારણે વેપારીઓને પડતી મુશ્કેલીઓ, કોર્પોરેશન દ્વારા મંજૂર કરાયેલા કોમર્શિયલ એપાર્ટમેન્ટ પાસે પાર્કિંગ માટે મુશ્કેલી જેમાં કલેકટોરેટ, મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર વચ્ચે સંકલનનો અભાવ જેવા પ્રશ્નો પોલીસ કમિશનર રજૂ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, માર્કેટમાં વેપારીઓના ઉઠમણાં, ઉધના રેલ્વે સ્ટેશન પાસે રિક્ષાચાલકોની દાદાગીરીને પગલે ઓલા–ઉબેર જેવી વ્યવસ્થાનો અભાવ, વિદ્યાર્થીઓને લઇ જતી રિક્ષા અને વાનમાં વિદ્યાર્થીઓની સંખ્યાના નિયંત્રણ સંદર્ભે યોજનાનો અભાવ, દરેક ચાર રસ્તા પાસે સાંજના સમયે દબાણને કારણે સર્જાતી સમસ્યાઓ, સુરત વરાછા ગરનાળા પાસે સાંજના સમયે ટ્રાફિક જામની સમસ્યા, શ્રી ગોવર્ધન નાથજીની હવેલી આગળ પાર્કિંગની સમસ્યા અને રાત્રે ૧૦થી સવારે ૮ કલાક સુધી ભારે વાહનોની સમસ્યા જેવી વિવિધ પ્રશ્નો ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ, પ્રોફેશનલ્સ અને નાગરિકોએ પોલીસ કમિશનર સમક્ષ રજૂ કર્યા હતા.

### ઉર્દૂ પ્રાથમિક
### પેજ-૨ પાનાનું ચાલુ

વિવિધ અને સુંદર કૃતિઓ રજૂ કરનાર વિદ્યાર્થીઓને જીવનના દરેક ક્ષેત્રે તેમજ અનેક શિક્ષણ ની સાથે સાથે બિન શૈક્ષણિક ક્ષેત્રે અને અનેક વ્યવસાયમાં શિસ્ત સાથે પોતાના કૌશલ્ય અને સ્કીલ દર્શાવી પોતાના નામ રૌશન કરવા માટે પ્રેરીત કર્યા હતા..

સમગ્ર કાર્યક્રમમાં તમામ શિક્ષક મિત્રોએ સહર્ષ ભાગ લીધા હતા વિશેષ કરી ઉપ શિક્ષક શ્રી રૌશન ઝમીર સર અને મારૂ શબાના ટીચર નોડલ શિક્ષક ની ભુમિકા ભજવી કાર્યક્રમ ને સફળ બનાવ્યા હતા.. આ સુંદર અને આકર્ષિત લાઈફસ્કીલ મેળા નું આયોજન આચાર્ય શ્રી કાઝી મોહમ્મદ નફીસ સાહેબ ના કુશળ માર્ગદર્શન હેઠળ સફળતા સાથે યોજાયો હતો...રાષ્ટ્રીય ગીત સાથે કાર્યક્રમ નો સમાપન કરવામાં આવ્યું હતું..

# મેદસ્વિ લોકોને હાર્ટને લાગતા રોગ થવાની શક્યતા વધારે હોય છે

## મેદસ્વિતા (ઓબેસિટી) એ માત્ર શારીરિક સ્થિતિ કે છૂપો રોગ?

સુરત, તા.૧૬

આજના ઝડપી જીવનશૈલી અને ખોરાકની અનિયમિત આદતોના કારણે મેદસ્વિતા (Obesity) એક બહુ સામાન્ય છતાં ગંભીર સમસ્યા બની ગઈ છે. માત્ર યુવાઓ જ નહીં, પરંતુ બાળકો અને વડીલો પણ તેના શિકાર બની રહ્યા છે. મેદસ્વીતાનું મૂલ્યાંકન સામાન્ય રીતે બોડિ માસ ઈન્ડેક્સ (BMI) દ્વારા થાય છે. મેદસ્વિતા માત્ર શારીરિક ઘાટ અથવા દેખાવની સમસ્યા નથી તે અનેક બિમારીઓનું દ્વાર પણ છે. મેદસ્વિ લોકોને હાર્ટને લગતા રોગો થવાની શક્યતા ૨ થી ૩ ગણી વધારે હોય છે કારણ કે, મેદસ્વિતા શરીરમાં ખરાબ કોલેસ્ટેરોલને વધારે છે અને સારા કોલેસ્ટેરોલ ઘટાડે છે. જેથી ધમનીઓમાં ચરબી જમા થવા લાગે છે, બ્લડ પ્રેશર વધે છે અને હૃદય પર વધુ દબાણ આવે છે. પરિણામે લોકોને હાર્ટ એટેક, સ્ટ્રોક, હાર્ટ ફેલ્યુર જેવી ગંભીર પરિસ્થિતીનો સામનો કરવો પડે છે. ચરબી વધતા રક્ત નસો પર દબાણ વધે છે, વધુ વજનથી હૃદયને વધુ મહેનત કરવી પડે છે. વધારાનું વજન ઘૂંટણ, કમર અને હિપ જોઈન્ટ પર સતત દબાણ બનાવે છે, જેથી સાંધાઓની પાસેની કાર્ટિલેજ ધીમે ધીમે ઘસાઈ જાય છે. પરિણામે હાઈ બ્લડ પ્રેશર, સાંધામાં દુખાવો તથા અવરજવર કરવામાં તકલીફોનો સામનો કરવો પડે છે. ગળા આસપાસની ચરબી શ્વાસ નળી પર દબાણ કરે છે.



જેથી ઊંઘ દરમિયાન શ્વાસ રોકાઈ જાય છે. ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર બંને કિડનીને નુકશાન કરે છે અને મેદસ્વિતા સીધી કિડની ફંક્શન પર અસર કરે છે. જેથી થાક, ચીડિયાપણું, યાદશક્તિ ઘટવી અને કિડની ફેલ જેવી ગંભીર બિમારીઓનો સામનો કરવો પડે છે. વધારે ચરબી લિવરમાં એકત્ર થવાથી લિવર કેન્સરનો ખતરો વધે છે. સમયસર યોગ્ય પગલાં લેવાંથી આવી બિમારીઓથી બચી શકાય છે. યોગ્ય આહાર વ્યવસ્થા જેમ કે, ઓઈલ અને ગળીલા પદાર્થોનો ત્યાગ, પુષ્કળ ફળો, શાકભાજી, અને ફાઈબરવાળા ધાન્ય લેવાં, નિયમિત સમયે ખોરાક લેવો, પાણી પૂરતું પ્રમાણમાં પીવું, નિયમિત કસરત, યોગાસન, પ્રાણાયામ, ઝુંબા, સાઈકલિંગ અથવા સ્વિમિંગ કરવી, દરરોજ ઓછામાં ઓછી ૭-૮ કલાક ઊંઘ લેવી, ધ્યાન અને મેડિટેશન દ્વારા તણાવ ઓછો કરવો, જો અનાવશ્યક વજન વધી રહ્યું હોય તો થાઈરોઈડ, પીસીઓડી વગેરેની તબીબી તપાસ કરાવવી જરૂરી છે.

# એટીડીસી ખાતે માય ભારત-સુરત દ્વારા 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'ની ઉજવણી

## શ્રેષ્ઠ વિજેતા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને પુરસ્કારો એનાયત

સુરત, તા.૧૬

કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમત-ગમત મંત્રાલય હેઠળ કાર્યરત માય ભારત-સુરત અને એપેરલ ટ્રેનિંગ એન્ડ ડિઝાઈન સેન્ટર (ATDC)- સુરતના સંયુક્ત ઉપક્રમે ATDC ખાતે 'વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. યુવાનોને કુશળતા અભ્યાસ અને કારકિર્દી વિકાસ તરફ પ્રેરિત કરવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં ATDC કેન્દ્રના તાલીમાર્થીઓએ સ્કીલ ડેવલપમેન્ટ, સ્કીલ ડેમોન્સ્ટ્રેશન, કરિયર ગાઈડન્સ સત્રો અને પેનલ ચર્ચા યોજાયા હતા.

આ પ્રસંગે નાયસા (NYSA) ના ડિરેક્ટર નરેશ શાહે જણાવ્યું કે, વિશ્વ યુવા કૌશલ્ય દિવસ'' એ માત્ર ઉજવણી નહીં, પરંતુ યુવાનોને શક્તિશાળી બનાવવાનું માધ્યમ છે. યુવાનોને કુશળ કરવા એ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે જરૂરી છે. માય ભારત-સુરત અને ATDC સુરત જેવા સંસ્થાઓ દ્વારા યોજાતા આવા કાર્યક્રમો ભારતીય યુવાનોના ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, આધુનિક યુગમાં ઈનોવેટિવ તાલીમ પદ્ધતિઓ અને ઉદ્યોગ સાથે જોડાણથી યુવાનો વ્યવસાયિક રીતે સક્ષમ બને છે. શ્રેષ્ઠ વિજેતા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને પુરસ્કારો એનાયત કરાયા હતા.

માય ભારત સુરતના જિલા યુવા અધિકારી સચિન શર્મા તેમજ ATDC સેન્ટરના આસિ. રિજનલ મેનેજર તૃપ્તિ મહાડીકના માર્ગદર્શન હેઠળ ATDC સેન્ટરના ઈન્સ્ટ્રકટર માનસી વિરડીયા, નિશા ઘોઘારી તેમજ માય ભારત-સુરતના રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક જૈવિક રૈયાણીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### લલકાર સાપ્તાહિક
### પેજ-૨ પાનાનું ચાલુ

આક્ષેપવાળા સમાચારો છાપવા બાબતે વાતચીત કરતા તંત્રી અકબરશા ફકીર (દિવાન) જણાવ્યુ હતુ કે 'અમે તમારા વિરૂધ્ધમાં છાપવાનુ બંધ કરી દઈશુ તમારે તેના પાંચ લાખ રૂપિયા આપવા પડશે.ત્યારબાદ છેલ્લે ત્રણ લાખ રૂપિયા આપી દો એટલે હું છાપવાનુ અને તમારા વિરૂધ્ધની અરજીઓ કરવાનું બંધ કરી દઈશ તેમ જણાવ્યુ હતુ.દરમ્યાન આ મુદ્દે આજરોજ ફરિયાદીએ અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે સાપ્તાહિકના તંત્રી વિરૂધ્ધ પોલીસ ફરિયાદ દર્જ કરાવતા પોલીસે ખંડણી માંગી હોવા સબબનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

### કાર્યાપલક ઇજનેર
### પેજ-૨ પાનાનું ચાલુ

આવતા ૮૪.૭૩ કિ.મી. લંબાઈના ૧૮ રસ્તાઓ પર યુધ્ધના ધોરણે માઈક્રો કોન્ક્રીટ, પેવર બ્લોક, ડામરથી પેચવર્કની પ્રાથમિક કામગીરી પૂર્ણ કરાઈ છે, જયારે મેજર બ્રિજ કડોદરા અંડરપાસ તેમજ માઈનોર બ્રિજમાં ડિડોલી-કરડવા-ઈકલેરા રસ્તા પર ઈકલેરા ખાડી બ્રિજ, ઉધના-ડીંડોલી, ખરવાસા-ભાટીયા રોડ પર બોણંદ ખાડી બ્રિજ, સુરત-સચિન-નવસારી લાજપોર ગામના કોલક ખાડી બ્રિજ તથા કપલેથા ખાડી બ્રિજ તેમજ રાંદેર-બરબોધન-તેના રોડ પર મલગામા ખાડી બ્રિજની ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. સઘન ચકાસણી બાદ તમામ બ્રિજોની સ્થિતિ સલામત હોવાનું તેમણે કહ્યું હતું.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૧૬ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સુરત ઝોન FRC દ્વારા લગભગ ૮૨ શાળાની ફી વધારાની અરજી મંજૂર




### શાળાના આવક જાવકના હિસાબને ધ્યાનમાં રાખીને પાંચથી બાર ટકા ફી વધારો અપાયો

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૬**

સુરત સહિત દક્ષિણ ગુજરાતની ખાનગી શાળાઓમાં ફી નિયમન માટેની કાર્યરત થયેલી એફઆરસીની ગાંધી એન્જીનીયરિંગ કોલેજ સ્થિત ઓફિસમાં ધમધમાટ શરૂ થઈ ગયો છે. સુરત ઝોનની એફઆરસી કમિટીના અધ્યક્ષ નિવૃત જડજ ભરતકુમાર પુંજારા, સભ્યોમાં શાંતિ પટેલ, અમિત અગ્રવાલ, અભિજીતસિંહ, અતુલ સોજીત્રાનો સમાવેશ થાય છે. જાણવા મળ્યાં મુજબ આ એફઆરસી દ્વારા જે તે કોલેજની ફીનું નિયમન કરવામાં આવે છે. એફઆરસી દ્વારા મંજૂર કરાતી ફી ત્રણ વર્ષ માટેની હોય છે. સુરત ઝોનની નવી કમિટી બન્યાને ત્રણ મહિના થયા છે. આ સમય દરમિયાન ફી વધારાની માગણી સાથે સુરત ઝોન એફઆરસી કમિટીને જે તે શાળા દ્વારા ફી વધારાની માગણી કરવામાં આવી રહી છે. આગામી વર્ષ ૨૫-૨૬ માટે તા.૩૧મી ઓક્ટોબર સુધી એફઆરસીની અરજી કરવાનો છેલ્લો દિવસ છે. પરંતુ અત્યાર સુધી ૮૨ શાળાએ ફી વધારાની માગણી કરતી અરજી એફઆરસીની કરી દીધી છે. એફઆરસી કચેરીમાંથી જાણવા મળ્યાં મુજબ આ ફી વધારાની અરજીનાં મુદ્દે સુરત ઝોન કમિટીની સતત બેઠકો મળી હતી જેમાં લગભગ તમામ અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો. એફઆરસી કચેરીમાંથી જાણવા મળ્યાં મુજબ જે તે શાળા દ્વારા ફી વધારાની અરજી સંદર્ભે દસ્તાવેજી પુરાવાનું અવલોકન કર્યા બાદ આવક અને ખર્ચને ધ્યાનમાં રાખીને ફી મંજૂર કરવામાં આવી હતી. સામાન્ય રીતે ૫ થી ૧૨ ટકા જેટલી ફી વધારો મંજૂર કરવામાં આવ્યો છે.

## શિક્ષિકાના આપઘાત કેસમાં યુવકના પિતાની ધરપકડ

### આપઘાત કરનાર યુવતીને બ્લેકમેલ કરનાર નીલ દેસાઈના પિતાએ પણ ધમકી આપી હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૬**

કતારગામ આંબાતલાવડી નજીક ટ્યુશન ક્લાસીસમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતી યુવતિએ સ્થાનિક વિસ્તારમાં રહેતા નીલ દેસાઈની પજવણીથી કંટાળી આત્મહત્યા કરી હોવાની દુષ્પ્રેરણાની ફરિયાદ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. છેલ્લા કેટલાંક મહિનાઓથી નીલ દેસાઈ ટ્યુશન ક્લાસીસ પાસે આવીને યુવતિ સાથે બળજબરીથી મિત્રતા કેળવવાનો પ્રયાસ કરી ફોન ઉપર તેણીની પાસેથી રૂ.૩૦ હજારની માગણી કરી ધમકાવતો હતો. નીલની કરતૂતો અંગે તેના પિતાને ફરિયાદ કરતા તેણે પણ દિકરાનુ જ ઉપરાણું લઈ યુવતિના પિતાને ટેલિફોનીક વાતચીતમાં કહ્યુ હતું કે, બોવ વધારે નહી બોલવાનું અમે મર્ડર કરી નાખીએ એવા માણસો છીએ. પોલીસે નીલ દેસાઈના પિતા સામે પણ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ ગુનામાં મોડી રાત્રે સિંગણપોર પોલીસે નીલના પિતા વિષ્ણુ દેસાઈની ધરપકડ કરી લીધી હોવાનુ પી.આઈ.વાય.બી.ગોહિલે જણાવ્યું હતું.

મુળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના રાભડાગામના વતની અને હાલ કતારગામ સ્થિત નાનીવેડ અંબાજી મંદિર રોડ વિધિ પેલેસમાં રહેતા રજની ગંગદાસ વાવડીયાની દિકરી નેના(ઉ.વ.૧૯)એરવિવારે સાંજે નેનાએ ઘરના બેડરૂમમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. નેનાના આત્મહત્યા પાછળ સ્થાનિક વિસ્તારમાં રહેતો નીલ દેસાઈ નામનો યુવક કારણભૂત હોવાનુ સામે આવ્યું હતું. નેનાના પિતાએ નીલ દેસાઈ સામે ફરિયાદ આપી હતી કે ૬ માસ પહેલા નીલે દિકરી નેનાના મોબાઈલ ઉપર ફોન કરી એલફેલ ભાષામાં વાતો કરી હતી. નીલ મિત્રતા કેળવવા બળજબરીથી દબાણ કરે છે અને મોબાઈલ નંબર મેળવી પરેશાન કરે છે તેવી પણ ફરિયાદમાં નોંધાવ્યું હતું.તદુપરાંત નીલના પિતાને ફોન કરીને ફરિયાદ કરતા તેણે પણ દિકરાનું જ ઉપરાણું લઈ ઉગ્ર ભાષામાં વાત કરી હતી, પોતાના દિકરાની કોઈ ભુલ નથી તેમ જણાવ્યું હતુ, એટલું જ નહી, બોવ વધારે નહી બોલવાનુ અમે મર્ડર કરી નાખીએ એવા માણસો છીએ. પોલીસે વિષ્ણુ સામે પણ ગુનો નોંધ્યો છે. આ ગુનામાં પોલીસે વિષ્ણુની ધરપકડ કરી લીધી હતી.



## ડભોલી ચારરસ્તાથી આબાતલાવડી સુધી કેન્ડલ માર્ચનું આયોજન

### પાટીદાર બહેનો-દિકરીઓ પર વધતા અત્યાચાર બાબતે મીટીંગ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૬**

કતારગામ વિસ્તારની ૧૯ વર્ષીય પાટીદાર યુવતી સ્વ. નેનુ રજનીભાઇ વાવડિયાએ ૧૩ જુલાઈના રોજ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વાવડિયા પરિવારની એકની એક દીકરીએ અચાનક જીવન ટુંકાવતા પરિવારજનો શોકમગ્ન બન્યા હતા. પિતા રજનીભાઇ કહ્યું હતું કે, ૬ મહિનાથી દીકરીને હેરાન કરતા યુવકના પિતાને પણ જાણ કરી હતી. બે દિવસથી ખૂબ જ ડિપ્રેશનમાં હતી. કેન્ડલમાર્ચનું આયોજન કરનાર અભિન કળથિયા અને ઉમેશ ઝડફિયાએ જણાવ્યું હતું કે, કતારગામ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અસામાજીક અને લુખ્ખા તત્વોનો ત્રાસ ખુબ જ વધી રહ્યો છે, જેનો ભોગ આપણી નિર્દોષ દિકરા-દિકરીઓ બની રહ્યા છે, એટલી હદે આંતક મચ્યો છે કે દિકરા-દિકરીઓને આપઘાત સુધીના પગલા ભરવા પડે છે, તે અંગે દરેક સમાજના લોકો જાગુત થઈ સૌ સાથે મળીને આ દુષણ ને ડામવા માટે મંથન અંગે કતારગામની યોગીપ્રવુતિ સ્કુલમાં મિટીગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક સમાજના આગેવાનો, ભાઈઓ અને યુવાનો ઉપસ્થિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભોગ બન્યા દિકરીઓના ન્યાયની માંગ સાથે તારીખ ૧૬ મી ને બુધવારે સાંજે ૮ કલાકે ડભોલી ચારરસ્તાથી આંબાતલાવડી સુધી કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

## લાંચ કેસમાં મહિલા પીએસઆઈ મધુ રબારીના જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

### હીરા વેપારી પાસેથી રૂા.૬૩ હજારની લાંચ મંગાઈ હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૬**

રૂ.૬૩ હજારની લાંચ લેવાના કેસમાં કાપોદ્રાના મહિલા પીએસઆઈ મધુ રબારીના જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા હતા. આરોપી મધુ રબારીએ વકીલ આર.વી.મોદી અને એસ.જી.યાદવ મારફતે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. કોર્ટે બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી હતી.

આ કેસની વિગત એવી છે કે, એક હીરા વેપારીએ વડોદરા એસીબીમાં ફરિયાદ કરી હતી, જેમાં જણાવ્યું હતુ કે ફરીયાદી હીરા વેપારી સામે તેના મિત્રએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં હીરાની ઠગાઈ સંદર્ભે અરજી કરી હતી. તેની તપાસ મહિલા પી.એસ.આઈ. મધુ રબારી કરી રહી હતી. પીએસઆઈ રબારીએ હીરા વેપારીને પોલીસ સ્ટેશને બોલાવ્યો હતો. અરજીની તપાસ અનુસંધાને મિત્રને હીરાના પેમેન્ટ પેટે ચૂકવવાના રૂ.૨.૬૩ લાખ મુદ્દે પીએસઆઈ રબારીએ હીરા વેપારી સાથે વાતચીત કરી હતી. મિત્રને ચૂકવવાના રૂ.૨.૬૩ લાખમાંથી એકાદ લાખ ઓછા કરી આપવાનુ જણાવી પીએસઆઈએ ફરિયાદી હીરા વેપારી પાસેથી રૂ.૬૩ હજારની લાંચ માગી હતી. વડોદરા એસીબીએ છટકું ગોઠવી મહિલા પીએસઆઈ રબારી સહિત ત્રણ જણાની ધરપકડ કરી હતી. મહિલા પીએસઆઈ રબારીએ હાઈકોર્ટમાં વકીલ રિધ્ધીશ મોદી, સુભેશીગ યાદવ મારફતે જામીન અરજી કરી હતી. હાઈકોર્ટે મહિલા પીએસઆઈના જામીન મંજુર કર્યા હતા. આરોપી તરફે વકીલ મુકુંદ રામાણી અને સિદ્ધાર્થ મોદી પણ હાજર રહ્યા હતા.

## ઉકાઈ જળાશય ડેમમાં પાણીનો આવરો વધ્યો

### આજે ડેમમાં પાણીની સપાટી ૩૨૫.૪૫ ફૂટ

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૬**

ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલા રેઈન ગેજ સ્ટેશનોમાં ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. દરમિયાન આજે સવારે ૧૦ કલાકે ઉકાઈ ડેમની સપાટી ૩૨૫.૪૫ ફુટ નોંધાઈ હતી ડેમમાં ૧૩ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૮૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ડેમમાંથી આવતા પાણીને પગલે સિંગણપોર રાંદેરને જોડતા કોઝવે ખાતે તાપી નદીની સપાટી આજે સવારે ૧૦ વાગ્યે ૬.૧૩ મીટર નોંધાઈ છે. કોઝવે ઉપરથી ૨૪૩૧૬ ક્યુસેક પાણી અરબી સમુદ્રમાં વહી રહ્યું છે.

## છેલ્લા એક અઠવાડિયાથી મેઘરાજા સુરતથી રિસાયા

### તાપમાનનો પારો વધતા ગરમીનું પ્રમાણ વધ્યું

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૬**

શહેર જિલ્લામાં મેઘરાજાના વિરામ વચ્ચે તાપમાનનો પારો ઉંચો જઈ રહ્યો છે ત્યારે ગઈકાલે મહત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૩૨.૯ સેલ્સિયસ ડિગ્રી ઉપર પહોંચી ગયું હતું. જોકે આજે સવારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૬.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા રહેવા સાથે વાતાવરણમાં બફારો રહ્યો હતો.

સુરત હવામાન વિભાગ પાસેથી મળથી વિગત અનુસાર આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૬.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે ગઈ તા.૯ જુલાઈથી ૧૫ જુલાઈ વચ્ચે ભારે વરસાદની આગાહી કરી હતી જોકે વાતાવરણમાં પલ્ટો આવવા સાથે આ સમયગાળામાં વરસાદ નોંધાયો ન હતો. સુરત શહેરમાં વિતેલા એક અઠવાડીયાથી મેઘરાજાએ વિરામ લીધો છે ત્યારે ઉઘાડ નિકળવા સાથે મહત્તમ તાપમાન ઉંચે જતા ગરમી પડી રહી છે. ગઈકાલે પણ મહત્તમ તાપમાન એક થી દોઢ ડિગ્રી વધીને ૩૨.૯ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું.

## પુણામાં સ્માર્ટ મીટર લગાવવા આવેલા કર્મચારીઓને ભગાવ્યા

### પુણા વિસ્તારમાં સ્માર્ટ મીટરનો વિરોધ યથાવત

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૬**

સ્માર્ટ સિટી સુરતમાં સ્માર્ટ વીજ મીટર લગાવવાને લઈને અનેક વિસ્તારોમાં લોકો વિરોધ યથાવત જોવા મળ્યો. શહેરના પાલનપુર પાટિયા પાસે વૃંદાવન સોસાયટીના રહીશોએ વીજ મીટર લગાવવાને લઈને વિરોધ કરી રહ્યા છે.

વીજ કંપની દ્વારા સ્માર્ટ લગાવવાનું શરૂ કરાતા સુરત શહેરમાં છેલ્લાં કેટલાય સમયથી વિરોધનો સૂર ઉઠ્યો છે. વૃંદાવન સોસાયટીના રહીશો સવારથી જ DGVCL ના અધિકારીઓ સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.રહીશોનું કહેવું છે કે અધિકારીઓ અમારી જાણ બહાર સ્માર્ટ મીટર લગાવી રહ્યા છે. વિરોધનો સૂર ઉઠતા DGVCL ના કર્મચારીઓએ સ્માર્ટ મીટર લગાવ્યા વગર પાછા ફરવું પડ્યું હતુ.

આ પહેલાં પણ સુરતના પુણા વિસ્તારમાં સ્માર્ટ મીટરને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતુ. લોકો બેનરો લઈને વીજ કંપનીઓ વિરુધ્ધ વિરોધ કરી રહ્યા છે. આ પહેલાં પણ વીજ કંપનીના કર્મચારીઓ જ્યારે પણ સ્માર્ટ મીટર લગાવવા સોસાયટીઓ ગયા કર્મચારીઓ દ્વારા લોકોને સમજાવવામાં આવ્યા તેમ છતાં લોકો સમજતા નથી. અને દિવસે ને દિવસે સ્માર્ટ મીટરનો વિરોધ વધુ ઉગ્ર બની રહ્યો છે.

## ફોસ્ટા પ્રમુખ કૈલાશ હાકિમના દીકરાને પણ લાખો રૂપિયાનો ચુનો લાગ્યો

### મુંબઈના વેપારી અને કાપડ દલાલે રૂા.૧૨.૭૪ લાખનું કાપડ મેળવી પેમેન્ટ ચૂકવ્યું નહીં

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૬**

ફોસ્ટાના પ્રમુખ કૈલાશ હાકિમના દીકરાને કાપડના વેપારમાં મુંબઈના વેપારીએ કાપડ દલાલની મદદથી ચૂનો ચોંપડ્યો હોવાની ફરિયાદ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં સીટીલાઈટ સુર્યપ્રકાશ રેસીડેન્સીમાં રહેતા હર્ષ કૈલાશ હાકિમ(ઉ.વ.૨૩) સલાબતપુરા રીંગરોડ રઘુકુળ ટેક્ષટાઈલ માર્કેટમાં તેમજ આઈ.સી.સી. બિલ્ડીંગમાં કાપડની ઓફિસ ધરાવે છે. હર્ષ હાકિમે કલીમખાન અબ્દુલ હલીમ (બ્લ્યુ ઈન્ક ટેક્ષટાઈલ્સ ના પ્રોપ્રાયટર, ઠે. પ્રભુદા નગર આર.એ. કીડવી રોડ વડાલા મુંબઈ, મહારાષ્ટ્ર) અને મુંબઈના દલાલ રવિ સાહુ સામે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યું હતુ કે દલાલ રવિ શાહુની મદદથી વેપારી કલીમ ખાન સાથે ધંધાકીય ઓળખાણ થઈ હતી. કલીમે પોતે પ્રતિષ્ઠીત વેપારી તરીકેનો વિશ્વાસ

અને ભરોસો આપી હર્ષ પાસેથી ગત વર્ષે રૂપીયા ૧૨.૭૪ લાખનો કાપડનો માલ મેળવ્યો હતો. જો કે માલના પેમેન્ટની ચુકવણી નહીં કરી ઠગાઈ આચરી હતી. આ અંગે સલાબતપુરા પોલીસે કલીમ ખાન અને કાપડ દલાલ રવિ સાહુ સામે ઠગાઈનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

## સલાબતપુરા પંચશીલ નગરમાં તલવાર સાથે આતંક મચાવનાર બેની ધરપકડ

### વીડિયો વાયરલ થતા સલાબતપુરા પોલીસ દોડતી થઈ : ફરિયાદ નોંધી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૬**

સલાબતપુરા ખાતે પંચશીલ નગરમાં પાર્કિંગ મુદ્દે થયેલી તકરારમાં પિતા-પુત્ર ઉપર હુમલો કરવાના કેસમાં પોલીસે બે જણાંની ધરપકડ કરી લીધી હતી. પકડાયેલા બે સહિત ચાર જણાએ આ વિસ્તારમાં આતંક મચાવી પિતા-પુત્ર પર હુમલો કર્યો હોવાની ઘટના સીસીટીવી ફુટેજમાં પણ કેદ થઈ હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ સલાબતપુરા પંચશીલ નગર ખાતે બે દિવસ પહેલા યુનુસ ખાનના પિતા હાજીખાન લાકડાવાલાનો વસીમ ઉર્ફે વાસીયા મોઈન શેખ શાથે કાર પાર્કિંગ મુદ્દે ઝગડો થયો હતો. યુનુસ ખાત પણ ત્યાં જ યુનુસ ખાન સાથે પણ વસીમે માથાકુટ કરી હતી. જો કે તે સમયે વસીમ જતો રહ્યો હતો. ત્યારબાદ વસીમ વસીમ તેના ત્રણ અન્ય મિત્રો સાથે ફરીથી આવ્યો અને યુનુસના પિતાને કહ્યું, ’તમે અહીં મોહલ્લામાં દાદા જેવું વર્તન કેમ કરો છો, રસ્તા પર તમારા વાહનો કેમ પાર્ક કરો છો?’ અને ફરીથી દલીલ કરવા લાગ્યો. જ્યારે યુનુસ પણ ત્યાં આવી ગયો હતો. તે સમયે તેમની વચ્ચે ફરીથી માથાકુટ થઈ હતી. જેમાં વસીમ અને તેના ત્રણ મિત્રોએ પિતા અને પુત્ર બંનેને માર માર્યો હતો. તદુપરાંત વસીમ તલવાર લઈને આવ્યો હતો. અને ત્યાં આતંક મચાવ્યો હતો. સલાબતપુરા પોલીસે વસીમ શેખ અને તેના ત્રણ અન્ય મિત્રો અનવર મણિયાર, નાઝીમ કલીમ શેખ અને અઝર ઝીગા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જેમાં બે આરોપીઓની ધરપકડ કરી અને વધુ તપાસ શરૂ કરી હતી.

## ફાયરિંગ-લૂંટ કેસમાં વોન્ટેડ આરોપીની ધરપકડ

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૬**

સુરત એસઓજીની ટીમ ઘણા સમયથી નાસતા ફરતા આરોપીઓનુ લિસ્ટ બનાવી તેઓને શોધી કાઢવાની ડ્રાઈવ ચલાવી રહી છે, જેમાં સુરત એસઓજીને સફળતા પણ મળી રહી છે. પીઆઈ એ.પી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ કામ કરી રહેલી તેમની ટીમને ઈનપુટ મળતા તમિલનાડુના તિરુવલ્લુર ખાતેથી રાજેદ્ર ઉર્ફે રાજુની ધરપકડ કરી હતી. પોલીસની તપાસમાં ગઈ તા.૨૬/૦૯/૨૦૧૧ના રોજ રાજેન્દ્ર અન્ય આરોપીઓ સાથે મળીને વરાછા ખાતે આવેલા પાવર લુમ્સ મશીનોના કારખાનામાં ઘુસી ફરીયાદી પર પિસ્ટલ તાકી ટેબલના દરવાજામાંથી રૂ.૧,૭૦,૦૦૦/- અને ફરીયાદીના પાકીટમાંથી રૂ.૭,૦૦૦/- લઈ લીધા બાદ ગોળીબાર કર્યું હતું. જો કે જે-તે સમયે લોકોના ટોળાએ એક આરોપીને પકડી પાડ્યો હતો. જો કે રાજેન્દ્ર ત્યાંથી ફરાર થઈ ગયા બાદ પોલીસના હાથમાં આવ્યો જ ન હતો.વરાછા પોલીસના હાથમાં એક આરોપીનો કબજો હોવા છતા પોલીસ રાજેન્દ્રનુ પગેરૂં શોધી શકી ન હતી. દરમિયાન એસઓજીએ રાજેન્દ્રને તામિલનાડુથી ઝડપી પાડ્યો હતો.

## સાયણ ગામમાં કિશોરીએ ચોથા માળેથી ઝંપલાવ્યું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૬**

સાયણ ગામે ૧૪ વર્ષિય યુવતીએં ચોથા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો હતો. આ બનાવમાં મૃતક કિશોરી સાંધિયારના યુવક સાથે મિત્રતા હોવાનું તેના મામા અને માતાને જાણવા મળતા મામા અને માતા છેલ્લા એક અઠવાડિયાથી કિશોરીને સમજાવતા હતા અને ભવિષ્ય ખરાબ ન કરવા બાબતે સલાહ આપતા હતા જે અંગે કિશોરીને માઠું લાગી આવતા તેણીએ મામાના ઘરે સાયણ ગામમાં ચોથા માળેથી નીચે ઝંપલાવી દેતા ગંભીર ઈજાને કારણે મૃત્યું થયું હતું. આ બનાવ અંગે ધર્મેશભાઈ મુકેશભાઈ રાઠોડે ઓલપાડ પોલીસને જાણ કરી હતી. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.




**ધારાસભ્ય ચૈતર વસાવા પર ખોટા કેસ કરનાર તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા તથા નર્મદા જિલ્લા પોલીસ વિરૂદ્ધ કાનુની કાર્યવાહી કરવાની માગણી અંગે આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (તસવીર : હનીફ મલેક)**